
# યુગ શક્તિ ગાયત્રી

ઓગષ્ટ ૧૯૯૬






**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

૧. દૈવી મહેરબાનીની શરત ૧

૨. વેદોનો દિવ્ય સંદેશ ૨

૩. રામકથાની પ્રબળ પ્રેરણા : મહેરબાની અને આશીર્વાદની શરત ૩

૪. જીવન એક કલાકારની માફક જીવતા શીખો ૭

૫. પૂર્ણતાનું લક્ષ્ય બિંદુ દેવત્વ ૮

૬. પ્રતીક પૂજાનું તત્ત્વદર્શન ૧૧

૭. આપણે યંત્રોના ગુલામ ન બનીએ ૧૪

૮. અશ્રદ્ધાની જન્મદાતા-દુર્બુદ્ધિ ૧૬

૯. વેદવ્યાસની અંતર્વેદના ૧૮

૧૦. ચિંતન સ્વાધ્યાયને સાર્થક બનાવે છે ૨૧

૧૧. આંતરિક સુખ જ વાસ્તવિક સુખ ૨૪

૧૨. સંઘર્ષ એક ઉચ્ચ કક્ષાનો આનંદ ૨૭

૧૩. કરકસર કરનાર અને સંયમ રાખનાર જ હંમેશા સુખી ૩૦

૧૪. પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી : આત્મશુદ્ધિ, આત્મવિકાસ તથા કાયાકલ્પ ૩૪

૧૫. ઋષિ યુગ્મની કરુણા અને પ્રકટરૂપના પ્રતીક 'પ્રખર પ્રજ્ઞા' અને 'સજલ શ્રદ્ધા' ૪૧

૧૬. ઋષિ યુગ્મની અભ્યર્થનામાં 'અનુષ્ઠાન વર્ષ' નું આહ્વાન ૪૫

૧૭. યુગ નિર્માણ સમાચાર ૪૮


ઘણાં સમયથી રાહ જોવાતી હતી તે પાવન શ્રાવણ મહીનો આવી પહોંચ્યો. આ મહિનામાં ઘણાં જ પવિત્ર પર્વ આવે છે.

આમ તો માનવ જીવનને કંઈક સારી દિશા આપવા માટે જ તહેવારો આવે છે. આપણે પણ પૂજ્ય ગુરુદેવના પવિત્ર વિચારોને આવા પાવન અવસરે ધારણ કરીએ, તેમજ બીજાને પ્રેરણા આપી મહાનતા તરફ આગળ વધીએ.

આપ સૌના જીવનને આ પર્વ તહેવાર પ્રસન્નતા, શાંતિ, સુખ, સંતોષ આપે એવી હાર્દિક શુભકામના સાથે-

**-લીલાપત શર્મા**




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

સંસ્થાપક/સંરક્ષક :
વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા
**પં. શ્રીરામ શર્મા આચાર્ય**
અને
**માતા ભગવતી દેવી શર્મા**
પરામર્શ દાતા :
**પં. લીલાપત શર્મા**
સંપાદક :
**ડૉ. પ્રણવ પંડયા**
કાર્યાલય :
**ગાયત્રી તપોભૂમિ,**
**મથુરા-૨૮૧ ૦૦૩**
ટેલિફોન :
(૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા
આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડોલર/ ૪૦૦ રૂપિયા
આજીવન : ૧૦૦ પાઉન્ડ/ ૧૫૦ ડોલર/ ૪૫૦૦ રૂપિયા
વર્ષ - ૨૬ અંક-૮
**ઓગષ્ટ - ૧૯૯૬**

## દૈવી મહેરબાનીની શરત

સામાન્ય રીતે લોકો એમ સમજે છે કે દેવતાઓની ખુશામત કરીને આપણે કંઈ મેળવીને ફાયદો પ્રાપ્ત કરીશું. અધ્યાત્મ આનું નામ છે. પરંતુ લોકોનો આ ખ્યાલ ખોટો છે. દેવતાઓની મહેરબાની તો મળે છે, પરંતુ એ કોઈ શરત સિવાય મળતી નથી. સહાયતા કુપાત્રોને મળતી નથી. તે માટે સૌથી પહેલા પાત્રતા સાબિત કરવી પડે છે. ત્યાર પછી કોઈ ભક્ત કે સાધકને દેવતા સહાયતા પૂરી પાડે છે. આપણે દૈવી મહેરબાનીની, ગુરુજીના આશીર્વાદ અને ગાયત્રી માતાની કૃપાની આશા તો રાખવી જોઈએ, પરંતુ તે આશાની સાથે એક શરત સંકળાયેલી છે અને તેને ભૂલવી જોઈએ નહીં. તે શરત એ છે કે આપણે આપણી પાત્રતા સાબિત કરીએ અને વિશ્વાસ રાખીએ કે આપણે નિરાશ જ ન થવું પડે. કુપાત્રોને દૈવી કૃપા મળશે એની આશા ન રાખશો. આપણે કર્મકાંડ કરીએ એ સારી વાત છે, પરંતુ માત્ર કર્મકાંડને જોઈને દેવતા પ્રસન્ન થાય છે એ માન્યતા ખોટી છે. દેવતા તો કર્મકાંડની પાછળ સમાયેલી સાધકની ભાવનાઓને જુએ છે અને ભાવનાઓ સાચી હોય છે તો તેઓ નિશ્ચિત રૂપથી ફળ આપે છે, જે સર્વવિદિત છે.

આપણે આપણી મનઃસ્થિતિને, ચિંતનને, વિચારણાઓને, શ્રદ્ધાઓને, દૃષ્ટિકોણને બદલવાં પડશે. જો આનો અમલ કરીશું તો નિશ્ચિત રૂપથી આપણને બહારની સહાયતા મળશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વેદોનો દિવ્ય સંદેશ

**सहृदयं सांमनस्यम विद्वेषं कृणोमि वः ।**
**अन्यो अन्यमभि हर्यत वत्सं जातमिवाघन्या ॥**

(અથર્વવેદ ૩/૩૦/૧)

**ભાવાર્થ :** આપણે પારસ્પરિક વેર ભાવનાનો ત્યાગ કરીને સુહૃદય, મનસ્વી તથા ઉત્તમ સ્વભાવવાળા બનીએ. એકબીજાને હંમેશાં પ્યારની દૃષ્ટિથી જોઈએ. ત્યારે જ આપણે સુખી રહી શકીશું.

**સંદેશ :** ભારતીય સમાજશાસ્ત્રમાં ત્યાગનું સ્થાનં ઘણું જ મહત્ત્વનું છે. ત્યાગમય જીવનને જ અહીંયા સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. દાનમાં કોઈના પર અહેસાન કરવાનો ભાવ રહે છે, પોતાના અહંકારનું પોષણ થાય છે અને બદલામાં નામ, યશ, કીર્તિ, પ્રતિષ્ઠા વગેરેની આકાંક્ષા પણ રહે છે. પરંતુ ત્યાગ તો દાનથી પણ ઉપરની સ્થિતિમાં છે, જે દુઃખ, મોહ, ક્રોધ, અહંકાર વગેરેથી પર છે. જે વ્યવસ્થામાં રૂપિયા, પૈસા તથા અન્ય ભૌતિક સંપત્તિઓનો ત્યાગ એટલો મહત્ત્વનો છે ત્યાં પોતાના દોષદુર્ગુણોના ત્યાગની ગરિમાનો સ્વતઃ જ અનુભવ કરી શકાય છે. આમાં પણ પારસ્પરિક વેર ભાવનાને ત્યાગવી એ કુટુંબ તથા સમાજની ઉન્નતિનો મુખ્ય આધાર છે. જ્યારે મનમાં દ્વેષ ભાવ સમાપ્ત થઈ જાય છે ત્યાં પવિત્રતા અને નિર્મળતાનો વાસ થાય છે. એનાથી મનુષ્યના હૃદયમાં લોકો પ્રત્યે સદ્દ્ભાવના જાગૃત થાય છે અને બદલામાં તેને બધાનો સહયોગ મળે છે.

સમાજ હોય અથવા કુટુંબ, જ્યાં સુધી બધામાં હૃદયની એકતા, મનની એકતા, દ્વેષનો અભાવ તથા પ્રેમ અને સદ્દ્ભાવનાનો વ્યવહાર નહીં હોય ત્યાં સુધી સુખશાંતિનું વાતાવરણ બની જ નહીં શકે. લક્ષ્ય એક હોવા છતાં જો પરસ્પર દ્વેષ છે, ક્લેશ છે, ઈર્ષ્યા છે અને મનમાલિન્ય છે તો કામ કેવી રીતે ચાલી શકશે ? જો વિચારભેદ છે, મતભેદ છે ત્યારે લક્ષ્ય પણ એક થઈ શકશે નહીં. જ્યારે લક્ષ્ય જ નિશ્ચિત નહીં હોય ત્યારે તો **"પોત પોતાનાં સાજ, અપના અપના રાગ"** જેવી સ્થિતિ થઈ જશે. જો ગમે તે રીતે લક્ષ્ય એક થઈ જાય તો પછી બધાના મન તથા હૃદય પણ એક હોવાં જોઈએ ત્યારે જ તો પરસ્પર સહયોગ અને સહાનુભૂતિનું વાતાવરણ બનશે. સાચા મનથી હાર્દિક સહયોગ મળવાથી જ લક્ષ્યપૂર્તિ શક્ય થઈ શકશે. એના વડે જ પ્રેરણા અને ક્રિયાશીલતા આવે છે, પારસ્પરિક પ્રેમ અને સહાનુભૂતિની અભિવૃદ્ધિ થાય છે. સર્વત્ર ઘનિષ્ટ પ્રેમનો પ્રવાહ હોવાથી લોકો પોતાના પ્રાણ આપવા સુધી તત્પર રહે છે. અંદરોઅંદરની પ્રેમભાવનાનું મહત્ત્વ સર્વાધિક છે. પ્રેમ અને સ્નેહથી પણ ઉપર વાત્સલ્યનો ભાવ હોય છે. જેવી રીતે મા પોતાનાં બચ્ચાને અથવા ગાય પોતાના વાછરડાંને દુલારે છે, બચકારે છે તથા તેની ભલાઈ માટે સંસારના મોટામાં મોટાં સંકટોને પોતે ઝીલી લેવાં તૈયાર રહે છે, એવી ભાવનાને જો આપણે પારસ્પરિક વ્યવહારમાં ઊતારી શકીએ તો આ સંસાર સ્વર્ગ બની જાય.

પરંતુ આ પ્રેમ, સ્નેહ તથા વાત્સલ્યની ભાવના આપણા મનમાં ઉપજે પણ કેવી રીતે ? ત્યાં તો વેર, દ્વેષ, મનમાલિન્યનો કાદવ ભર્યો છે. જ્યાં સુધી તેનું નિવારણ ના થઈ શકે ત્યાં સુધી પ્રેમના અંકુર ક્યાંથી ફૂટશે ? દ્વેષ પ્રેમનો સૌથી મોટો દુશ્મન છે. પારસ્પરિક એકતા, સ્નેહ, સદ્દ્ભાવ અને સમજાવટથી જ આત્મીયતા તથા સહકારિતા સ્થાપિત થાય છે તથા વ્યક્તિત્વનો વિકાસ થાય છે. આપસી પ્રેમબંધન બળવાન થવાથી જ એકબીજાનાં સુખ-દુઃખમાં સહભાગી થવાની પ્રવૃત્તિ વધશે. કુટુંબના હિતમાં, સમાજના હિતમા અને રાષ્ટ્રના હિતમાં જ લોકો પોતાનું હિત સમજશે.

વેર અને દ્વેષ ભાવને આપણા મનમા ઘૂસવા જ ન દેવાં જોઈએ અને જો કદાચ આવી પણ જાય તો જબરજસ્તીથી ધક્કો દઈને બહાર કાઢી નાખવાજોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# રામકથાની પ્રબળ પ્રેરણા

(રામકથા કરોડો ભારતીયોને માટે ધર્મ, અધ્યાત્મ, નીતિ, સદાચાર, જ્ઞાન, વૈરાગ્ય, વ્યવહાર અને રાજનીતિ વગેરેની યોગ્ય પ્રેરણાઓનો સ્રોત છે. ગાયત્રી તપોભૂમિ, મથુરામાં ૧૩ સપ્ટેમ્બર, ૧૯૬૮ના પ્રાતઃકાળે આપેલું પ્રવચન)

## મહેરબાની અને આશીર્વાદની શરત

**દેવીઓ અને ભાઈઓ !**

ભગવાન શંકર પાર્વતીજીને ભગવાન રામનું ચરિત્ર સંભળાવી રહ્યા છે. સારા ચરિત્રો સાંભળીએ છીએ, તો સારા વિચારો મળે છે. ખરાબ ચરિત્ર સાંભળવાથી દુર્ગુણો આવે છે. લોકો ગંદા પુસ્તકો વાંચે છે અને તે પ્રમાણે જ પોતે બની જાય છે, એવી જ પથભ્રષ્ટતા તેમની અંદર પ્રવેશ કરી જાય છે. વ્યક્તિ જેવું સાંભળે, વિચારે અને કરે છે, તેવો જ તે બની જાય છે. રામાયણ રામચંદ્રજીનું વ્યાખ્યાન નથી. એમાં તો સારું કુટુંબ કેવી રીતે બનાવાય ? બાળકો કેવા હોય ? માતા કેવી હોય? ઘરમાં શાંતિ કેવી રીતે આવે છે ? આ શિક્ષણ ભરેલું છે. એમાં પ્રવચન નહીં, આચરણ છે-આચરણ.

યોગ વશિષ્ઠમાં રામચંદ્રજીએ વશિષ્ઠને કહ્યું- 'મારે શું કરવું જોઈએ ! ' વશિષ્ઠે ઉત્તર આપ્યો, 'આચરણ અને ચરિત્ર દ્વારા શિક્ષણ આપવું એ બહું જ મોટું શિક્ષણ છે. પ્રાચીનકાળની પરંપરાઓ રામાયણ જેવી જ હતી. જે કહેતા હતા, તે કરીને બતાવતા હતા. આજે રામાયણની કથાઓ એક સપ્તાહ સુધી ચાલે છે. રામાયણને મનોરંજન કરાવવા, કુતૂહલ પેદા કરવા, દક્ષિણા ભેગી કરવાનું સાધન માત્ર બનાવીને મૂકી દીધું છે. આ પ્રક્રિયા દ્વારા તેઓ લોકોને છેતરે છે અને લોકો આ છેતરપીંડીમાં આવી પણ જાય છે. આને ઊલટી પ્રક્રિયા બનાવી દીધી છે, કે માત્ર પાઠ કરી લો, સાંભળનાર પહોંચી જાય સ્વર્ગમાં. આપણે એ બતાવવું પડશે કે રામાયણનો માત્ર પાઠ કરવાથી કશું થશે નહીં. જે સાંભળીએ, વાંચીએ તેને આચરણમાં પણ લાવીએ, તો કલ્યાણ થશે. રામાયણની પ્રેરણાઓ આચરણમાં ઉતારવા યોગ્ય છે.

માતા-પિતાનો સંબંધ, પુત્ર અને પિતાનો સંબંધ, ભાઈ-ભાઈમાં પ્રેમ ઠીક હશે, તો પત્ની પણ ઠીક હશે. સારી સ્ત્રી હોય તો પતિ પણ તેવો જ બની જાય છે. સાસુ-વહુની જોડી છે. દરેક સાસુએ વહુને સમજાવવી જોઈએ. વ્યવહાર કેવો કરવો જોઈએ, એ શીખવવુ જોઈએ. જે યોગ્ય હોય તે માનવું જોઈએ. અયોગ્ય હોય તો ભગવાનની વાત પણ ન માનવી જોઈએ.

તમે મોટા છો તો યોગ્ય વાત માનશો. સાંભળવાથી મુક્તિ નહીં થાય. મુક્તિ તો ત્યારે થશે જ્યારે તમે જીવનમાં આ પ્રેરણાઓને ધારણ કરશો. આપણે જો એવું ઈચ્છીએ કે આપણા પાડોશીઓનો વ્યવહાર આપણા પ્રત્યે સારો રહે તો પહેલાં આપણે આપણો વ્યવહાર બરાબર કરવો પડશે. જો તમે ઈચ્છતા હોવ કે સમાજના લોકો આપણી ઈજ્જત કરે તો તમારે પોતાના તરફથી પોતાનો સુધાર કરવો પડશે. મહાપુરુષો જે આચરણ કરે છે, નાના લોકો પણ તેનું અનુસરણ કરે છે. ગાંધીજીએ ચરખો ચલાવ્યો, તો જોત-જોતામાં બધા દેશવાસીઓએ તેનું અનુસરણ કર્યું. સારો વ્યક્તિ ઉત્તમ આચરણ કરે છે, તો તે અસંખ્યો માટે પ્રેરણાપ્રદ બની જાય છે. ભગવાન રામના રાજ્યમાં આવું જ થયું. ભગવાન રામ રાજગાદી પર બેઠા તો સૌ લોકોનાં કષ્ટ દૂર થઈ ગયાં. મનુષ્યના દુર્ગુણો જ કઠણાઈ પેદા કરે છે. દોષ દૂર થાય તો કઠણાઈ પણ ઘટી જાય છે. રાજાનો વ્યવહાર સમાનતાનો હશે તો પ્રજાજનો પણ સમાનતાનો વ્યવહાર કરે છે. હું મોટો છું, આ નાનો છે, જ્યાં સુધી આ ભાવ જળવાઈ રહેશે, ત્યાં સુધી રાગ-દ્વેષ જળવાઈ રહેશે, જ્યાં વિષમતા છે ત્યાં તે ઈર્ષા-દ્વેષ પેદા કરે છે. અપરાધો એ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દિવસે અટકી જશે, જે દિવસે સમાનતા આવશે. જાતિવાદ રહેશે ત્યાં સુધી ભાગલા રહેશે. એકનું મોં ખુલ્લું રહે અને એકનું મોં બંધ રહે, તો વિષમતા રહેશે જ. રામનું રાજ્ય આવ્યું તો બધી વિષમતાઓ ચાલી ગઈ.

સુમંત્ર જ્યારે ભગવાન રામને વનમાં મૂકવા ગયા ત્યારે ગંગા પાર કરાવનાર કેવટે ભગવાન રામને ગંગા પાર કરાવ્યા, તો ભગવાન કહેવા લાગ્યા કે લો ભાઈ ભાડું લઈ લો. કેવટે ના પાડી દીધી. હું તો ધન્ય થઈ ગયો. આપ મારા ઘેર ચાલો. ત્યાં ભોજન કરજો. કેવટ શ્રીરામચંદ્રજીના વિચારો જાણતા હતા, એટલા માટે કહી રહ્યા છે. આ ધરતી, આ સંસાર બધુ આપનું જ છે. હું તો હલકી જાતિનો છું. તમે ઘરે આવો. ભગવાને કહ્યું - મને ચૌદ વર્ષનો વનવાસ થયો છે, એટલા માટે ઘેર નહીં આવી શકું. મને પિતાજીએ ત્રણ આજ્ઞા આપી છે. એક ચૌદ વર્ષનો વનવાસ, બીજી મુનીઓ જેવો વેશ અને ત્રીજી આજ્ઞા એ કે આહાર પણ એટલો જ લેવો જે મર્યાદિત હોય.

કેવટ કહેવા લાગ્યા કે આપ જ્યાં રહેશો ત્યાં ઝૂંપડી જલદી બનાવી આપીશ. મને પણ સાથે લઈ લો, હું આપનું કામ કરી આપ્યા કરીશ. ભગવાન બોલ્યા - ચાલ ! તું પણ ચાલ, બધા મળીને રહીશું. મળીને ભોજન કરીશું. બધા હળીમળીને ભોજન બનાવીશું. ભગવાન રામે અહીં જાતિ ભેદ નથી કર્યો. તેમના સમાનતાના વ્યવહારથી આપણે પ્રેરણા લેવી જોઈએ, કે ભાષાવાદ, જાતિવાદ તથા પ્રાંતવાદ આ બધી કુપ્રથાઓ સમાજ માટે રાક્ષસ સમાન છે. તેને સમાપ્ત કરવી જોઈએ.

ભલા માણસો બીજાના હિત માટે સદાય કામ કરે છે. ભગવાન રામનું ચરિત્ર હતું, જ્યાં પણ જતાં, ત્યાં એવા જ લોકો આવી જતા, જે ગામમાં ભગવાન રામ જતા, ત્યાં શ્રેષ્ઠ વ્યક્તિઓ એકઠા થઈ જતી. જેનું વ્યક્તિત્વ આકર્ષક હોય છે, તેની પાછળ હજારો વ્યક્તિઓ એકઠી થઈ જાય છે. ગાંધીજી, સ્વામી વિવેકાનંદ શ્રેષ્ઠ પુરુષત્વના માલિક હતા, એટલે તો સૌ લોકો તેમની પાછળ-પાછળ ચાલતા હતા. ભગવાન રામ જ્યાં જ્યાં જતા, તેમના ગુણોની પ્રશંસા થતી. ભગવાન ઋષિઓના આશ્રમમાં જાય છે, તો તેમને સાષ્ટાંગ દંડવત કરે છે. રાજકુમાર મોટો નથી હોતો. મોટો હોય છે - સમાજ સેવી, ત્યાગી. તેઓ બધાને પ્રણામ કરે છે અને કહે છે, હું આપની સેવા તો ન કરી શક્યો, પરંતુ અભિનંદન કરું છું. ભીલ લોકો કહે છે - અમે તમારી મદદ કરીશું. જંગલોમાં વાઘ, ચિત્તા ક્યાં ક્યાં છે, ગુફાઓ ક્યાં ક્યાં છે, એ બધું અમે જોયેલું છે. અમે બધું બતાવીશું. અમે નહીં હોત તો અમારું કુટુંબ મદદ કરત. રામચંદ્રજી શ્રેષ્ઠ, સજ્જન પુરુષ હોવાને કારણે જ્યાં જાય છે, સન્માન મેળવે છે. શ્રેષ્ઠ માણસની દરેક જગ્યાએ ઈજ્જત થાય છે. ભલા માણસથી ભલમનસાઈ પેદા થાય છે. દુરાચારીથી દુરાચાર પેદા થાય છે અને ક્રોધીથી ક્રોધ. સારા માણસથી બધા ખુશ રહે છે. રામચંદ્રજી જ્યાં રહેતા ત્યાં આસપાસના ઝાડ-છોડવા પણ ખુશીથી લહેરાઈ ઊઠતાં. ફૂલ ખીલવા લાગ્યા. વેલ ચારે બાજુ ફેલાઈ ગઈ. અર્થાત્ ભગવાન રામ પશુ-પક્ષી, ઝાડ-છોડવા સૌને પ્રેમ કરતા હતા. તેમને પોતાના કુટુંબી માનતા હતા. આ "વસુધૈવં કુટુમ્બકમ્"ની ભાવના આપણા બધાની અંદર પણ આવી જાય તો રામાયણ વાંચવું અને સાંભળવું સાર્થક થઈ જાય. સારા માણસો સારા માણસની પાસે ચાલ્યા જાય છે.

મનુષ્ય કમજોર હોય તો પણ દુર્ગુણ સામે લડવું જોઈએ. અનીતિ વધશે, તો સમગ્ર દુનિયામાં ફેલાઈ જશે. રામચરિતમાનસ બતાવે છે, કે વ્યક્તિ ગમે તેટલો દુર્બળ હોય, પણ બુરાઈઓ પ્રત્યે તેણે લડવું જોઈએ. રામભક્ત એ નથી કે પાડોશમાં પાપ થતું રહે અને પોતે સીતારામ-સીતારામ જપતો રહે. નિષાદરાજ બેઠા હતા. તેમને ભરતજીને સેના સહિત આવતા જોયા. શંકા થઈ કે તે રામ-લક્ષ્મણને મારવા આવી રહ્યા છે. ત્યારે એક વિચાર મનમાં આવ્યો કે ઘરમાં ઘુસી જવુ જોઈએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ક્યાંક મરી ગયા તો ! બીજી બાજુ વિચાર આવ્યો કે કર્તવ્યોનું પાલન કરવા માટે ઊભા થવું જ જોઈએ. ભરતના મનમાં કપટ છે. નિષાદે વિચાર્યું કે બધા ગામવાળાને, કુટુંબવાળાને બોલાવીએ અને ભરતને રોકી દઈએ. સેના સહિત સૌને પાણીમાં ડૂબાડી દઈએ. મારી તો આપણે પણ નથી શકતા. મરવાની તૈયારી કરીને જાઓ. સાધન તો આપણી પાસે કશું નથી, છતાં પણ હું તેમને મારા જીવતા પાર નહીં થવા દઉં, આપણે પણ દુર્ગુણો પ્રત્યે આવી જ રીતે ધર્મની રક્ષા માટે તૈયાર રહેવું જોઈએ.

ભગવાનની ભક્તિ કંઈક ઉત્સાહ લઈને આવે છે, એક નશો લઈને આવે છે. દારૂડિયાને દારૂથી નશો આવે છે. એવી જ રીતે ભક્તને ભક્તિનો નશો આવે છે. જેના મનમાં આવા વિચારો નથી આવતા, એ ભક્તિ કેવી ! માત્ર તિલક લગાવવું એ ભક્તિ નથી. એક વ્યક્તિ પર મુસીબત આવી પડે છે તો બીજો બેસી રહે છે. શું પથ્થર દિલ છે, તમારું ? અહલ્યા જે પથ્થરની હતી તે પણ ભગવાનના ચરણને સ્પર્શીને તરી ગઈ હતી. આપણને પણ ભગવાનનો પગ અડી જાત તો આપણે પથ્થરમાંથી માણસ બની ગયા હોત.

આજે શું સીતા વિલાપ નથી કરી રહી ? શું દહેજનો દાનવ આજે સ્ત્રીઓને ભરખી નથી રહ્યો ? શું આપણને તેનાથી દુઃખ થાય છે ? આપણે તો સિનેમા જોઈએ છે. પત્તા રમીએ છીએ. આપણને દુનિયાથી શું લેવા દેવા ? જો તમે ભગવાન રામની કૃપા પામવા માગતા હોય, તો સમાજની કુરીતિઓ સામે લડો, દહેજ સામે લડો.

વૃદ્ધ વ્યક્તિ આખો દિવસ વિચારતો રહે છે કે મોટા દિકરાને આટલા રૂપિયા-પૈસા આપીશ. બસ, આ મોહના વિષયમાં જ તાણા-વાણા વણતો રહે છે. રામાયણ સામે જુઓ. જટાયુ વૃદ્ધ હતો. વિચારી રહ્યો હતો કે મરવું જ છે તો સારા કામમાં મરીશ. બીમારીથી મરવાનો શો ફાયદો ? રાવણ સીતાજીને લઈને વાયુમાર્ગે જઈ રહ્યો હતો. જટાયુએ આંખ કાઢીને કહ્યું - બેટા સીતા ! હું આવી રહ્યો છું. ખૂબ જોરથી દોડાયો અને ચાંચો મારી મારીને રાવણને હેરાન કરી નાખ્યો. રાવણે તલવાર કાઢી પાંખો કાપી નાખી, પરંતુ જટાયુ ધન્ય થઈ ગયો. અનીતિઓનો સામનો કરતાં કરતાં, લોકમંગલ માટે જો શરીર પણ જતું રહે, તો તેનાથી મોટું બીજું સ્મારક કયું હોઈ શકે ? જેવી રીતે જટાયુના મનમાં વિચારો ઊઠયા, તેવી જ રીતે દરેક મનુષ્યના દિલમાં ઊઠવા જોઈએ. અનીતિ અને અન્યાય પ્રત્યે એવા જ વિચાર ઊઠવા જોઈએ.

રામચંદ્રજી બધી વિષમતાઓને દૂર કરતા રહ્યા. શબરી ભીલડી હતી. તેના ઘેર વગર બોલાવ્યે ગયા. શબરી ઋષિઓના આવવા જવાના રસ્તા પર ઝાડુ વાળતી હતી, કારણ કે ઋષિઓના પગમાં કાંટા ન વાગે. આ તેની નિઃસ્વાર્થ સેવાભાવના હતી, જેણે ભગવાનને પણ પોતાના ઘેર બોલાવી લીધા. તમે પણ શબરીની જેમ સમાજમાં ફેલાયેલા કાંટાઓ હટાવવાનો પ્રયાસ કરત, તો ભગવાન ઘેર આવી જાત. પરંતુ સંકીર્ણ સ્વાર્થપરતા, ખુદગર્જીમાં મરનારા વ્યક્તિઓ રામને વશમાં કરવા માગે છે, એ બધુ નકામું છે.

રામ ભીલડી શબરીના આશ્રમમાં પહોચ્યાં છે. ભીલડી બોર ચાખે છે અને એઠાં મીઠા બોર ખવડાવે છે. આજકાલ કયો બ્રાહ્મણ ભીલડીના ઘરે ખાશે અને એ પણ એંઠુ ! આજે આવો મિથ્યા અહંકાર વિકસી રહ્યો છે. જાતિથી બ્રાહ્મણ નહીં પણ કર્મથી બ્રાહ્મણ થવાય છે.

એક વાનર સુગ્રીવનો સેવક હતો. સુગ્રીવનો ગુપ્તચર બનીને ફરતો હતો. રામચંદ્રજીને હનુમાનજી બ્રાહ્મણનો વેશ ધરીને મળ્યા, તો રામચંદ્રજી પૂછે છે - બ્રાહ્મણનો વેશ બનાવ્યો છે અને પ્રણામ પણ કરતા ફરો છો. રામચંદ્રજી ખૂબ હસ્યા અને બોલ્યા - હે પંડિતજી મહારાજ ! અમે તમારી જ શોધ કરી રહ્યા હતા. બ્રાહ્મણનો વેશ પહેરવો આસાન છે, પણ તેની જવાબદારી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિભાવવી મુશ્કેલ છે. જે સુગ્રીવનો સેવક બન્યો હતો તે વાનર જ્યારે રામચંદ્રજીના સંપર્કમાં આવ્યો, તો એવો બની ગયો, કે જેણે વિશાળ સમુદ્રને પાર કરી લીધો.

મહાપુરુષના સંપર્કમાં આવીને, ભગવાનના કામમાં જોડાઈને સાધારણ માણસ પણ મહામાનવ બની જાય છે. ભગવાન રામ હનુમાનજીની નિસ્વાર્થ ભક્તિ જોઈને કહે છે હું તારો ઉપકાર કેવી રીતે ચુકાવું ? જે બીજાના હિત માટે, બીજાના દુઃખ દૂર કરવા માટે સેવા કરે છે, ભગવાનની કૃપા તેમની પર જ ઉતરે છે. તેઓ જ સાચા ભક્ત કહેવાય છે. ભગવાનની કૃપા તિલક લગાવવાથી, માળા ફેરવવાથી, ઘંટડી વગાડવાથી નથી થતી. જો એવું જ હોત તો લાખો પુજારીઓ ધન્ય થઈ ગયા હોત. ભગવાન કહે છે કે મારો સાચો ભક્ત તો એ છે જે પરોપકારી છે.

આજે તમે જુઓ છો કે ભગવાન રામજીથી વધુ હનુમાનજીના મંદિરો છે. આ હનુમાનજીની પરોપકારી, નિઃસ્વાર્થ સેવાનું સાચું ફળ છે. રામપંચાયતમાં હનુમાનજી પણ સંમિલિત છે.

એક ભક્તને એકવાર એક દેવદૂત આકાશમાં દેખાયો, જેના હાથમાં એક પુસ્તક હતું. ભક્તે પૂછ્યું, આ પુસ્તકમાં શું લખ્યું છે ? દેવદૂતે કહ્યું- આ પુસ્તકમાં ભગવાનના ભક્તોનાં નામ છે. ભક્તે ખૂબ જ ઉત્સુક્તાથી પૂછ્યું, શું આમાં મારું નામ પણ છે ? દેવદૂતે ના પાડી. ભક્તને ઘણું દુઃખ થયું. હું દુખિયારાઓની સેવા, પરોપકાર, દયા, ત્યાગ, કરુણાથી ભગવાનનો ભક્ત છું, તો પછી મારું નામ આમાં કેમ નથી ? એક બીજો દેવદૂત ફરી દેખાયો. તેના હાથમાં પણ એક પુસ્તક હતું. ભક્તે પૂછ્યું - આમાં કોનું નામ લખ્યું છે ? દેવદૂત બોલ્યો - આ પુસ્તકમાં એમના નામ લખ્યાં છે, જેમની ભક્તિ ભગવાન સ્વયં કરે છે. આ પુસ્તકમાં એ ભક્તનું નામ સૌથી પહેલું હતું.

**કબીરા મન નિર્મલ હુઆ, જૈસે ગંગા નીર,**
**પીછે-પીછે હરિ ફિરત, ફક્ત કહત કબીર કબીર.**

શ્રેષ્ઠ આચરણવાળું, સદાચારી, કર્તવ્યપરાયણ, પરોપકારી, શુદ્ધ પવિત્ર જીવનભગવાનને ખુશ કરે છે. શાલીગ્રામ એમને શું પાર ઉતારશે, આપણી શુદ્ધ ભાવનાઓ જ પાર ઉતારશે. લોભી લોકોના મનમાં વિષમતા હતી, પરંતુ રામચંદ્રજીના મનમાં વિષમતા ન હતી. એટલા માટે બધા એમના રાજ્યમાં સુખશાંતિથી રહેતા હતા. બધા માણસો એક બીજા સાથે પ્રેમ પ્યારથી રહેતા હતા. ધર્મનું પાલન કરતા હતા. જે માણસ સારું આચરણ કરે છે, તેની પર દેવી-દેવતાઓની કૃપા વરસે છે. જે પણ રામની આજ્ઞાઓને માનશે, તે જ રામના પ્યારા બની શકશે. નહીં માને તો અપ્રિય ગણાશે. આ તમારી ઈચ્છા ઉપર છે કે તમે ભગવાનના પ્રિય બનવા માગો છો કે અપ્રિય. તે વહાલો નથી કે જે રામાયણનો પાઠ કરે છે, પ્રિય તો એ છે, જે તેના અનુશાસનનું, આજ્ઞાનું, નિયમોનું પાલન કરે છે. ભગવાનને કહે છે- હું જબરજસ્તી નથી કરતો, જેવી તમારી ઈચ્છા હોય એવું કરો. જે કુમાર્ગ પર ચાલે છે, તે દુઃખ ભોગવે છે અને માથું પછાડી પછાડીને પસ્તાય છે, ક્યારેક ભાગ્યને દોષ દે છે અને ક્યારેક રાહુ-કેતુ-શનિને દોષ દે છે.

આ શરીરનો ઉદ્દેશ એ નથી કે થોડા વિષયભોગમાં નષ્ટ કરી દઈએ. વાસના, તૃષ્ણામાં પોતાનું જીવન સમાપ્ત કરી દે છે, તેઓ અમૃતને આપીને ઝેર લઈ જાય છે. ચોર્યાસી લાખ યોનિયોમાં ભટકીને આ મનુષ્ય જીવન ભગવાને ઉપહાર સ્વરૂપે ભેટ આપ્યું છે. ખૂબ જ સૌભાગ્યથી જીવન મળ્યું છે, છતાં પણ આપણે એને મેળવીને આત્માનું કલ્યાણ ન કરીએ, તો આત્મહત્યારા જ કહેવાઈશું. આપણને રામાયણ આ બોધ આપે છે કે આપણે આ જીવન મેળવીને તેને કીટ-પતંગની જેમ નષ્ટ ન કરવું જોઈએ. શ્રેષ્ઠ કર્મ અને આચરણ દ્વારા આત્મ-કલ્યાણની વાત વિચારવી જોઈએ, ત્યારે જ ભગવાનની કૃપા થશે. આ રામાયણ શીખવે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જીવન એક કલાકારની માફક જીવતાં શીખો

દરેક માણસના જીવનમાં પ્રતિકૂળતા આવે છે. આ જીવનયુદ્ધમાં કોઈ પણ માણસ હંમેશાં પોતાની સાથે અનુકૂળતા જળવાઈ રહેવાનું વરદાન લઈને નથી આવતો. બાળક જ્યારે જન્મ લે છે, માતાના ગર્ભમાંથી બહાર આવતાંની સાથે જ તેને અનેક અવરોધોનો સામનો કરવો પડે છે. જે સંબંધ ગર્ભતંતુ મારફતે પૂરા નવ મહિનાથી માતાની સાથે જળાવાયેલો હતો, તે એકાએક તોડી નંખાય છે. ગર્ભતંતુ કપાતાંની સાથે જ બાળકમાં પોતાની મેળે જીવન જીવવાની અને સંઘર્ષ કરવાની પરિસ્થિતિ જન્મી જાય છે. તે તરફડે છે, રડે છે તથા આ ક્રિયામાં તેના ફેફસાં ખૂલી જાય છે, લોહીનું પરિભ્રમણ સમગ્ર શરીરમાં સારી રીતે થવા લાગે છે. પ્રકૃતિનો આ પાઠ બાળકે આઝાદ થઈને કેવી રીતે જીવવું જોઈએ તે માટેનો છે. આ ન તો કોઈ શિક્ષા છે, કે ન તો કોઈ કર્મના ભાગ્યનું વિધાન.

આ ધરતી ઉપર જન્મ લેનાર દરેક માણસે એક નહીં અનેક અવરોધમાંથી પસાર થવું પડે છે. પરબ્રહ્મની આ એક વ્યવસ્થિત વ્યવસ્થા છે અને આ બધા જ માટે છે, કોઈ પણ અપવાદ નથી. વ્યાધિઓ, માનસિક સંતાપ, રોગ, શોક, આર્થિક નુકસાન, સંબંધીઓનો વિરોધ, વિવિધ સ્વરૂપે અસફળતાઓ માણસની પરીક્ષા લેવા માટે આવનાર અવરોધ માત્ર છે. આ અવરોધ હસતા હસતા પાર કરી લેવા દુઃખ, કષ્ટને તપ માનીને જીવવું માણસ માટે યોગ્ય છે. જે તેમ કરે છે તે જીવન રૂપી યુદ્ધને હસતા હસતા પાર કરી જાય છે. જે રોતાં-રોતાં, દેવી-દેવતાઓને દોષ આપતાં, પોતાના ભાગ્યને દોષ આપતાં, ગમે તે રીતે ઘસડાતાં- ઘસડાતાં-પોતાની જીવન યાત્રા પૂર્ણ કરે છે, તે ફકત અસફળ વ્યકિત જ સિદ્ધ નથી થતો, પરંતુ તે માનસિક રોગો, માનસિક વિકારોથી ઘેરાઈને ટૂંકા સમયમાં જ આ દેવોને પણ દુર્લભ એવું શરીર ગુમાવી બેસે છે. કેટલાય માણસો તો નિરાશ થઈને આત્મહત્યા પણ કરી બેસે છે. એ માનવીય શરીર રૂપી દેવાલયનું અપમાન છે અને તે સૃષ્ટિના સર્જનહારના અસ્તિત્વને પણ સ્વીકારતો નથી.

સારું તો એ છે કે આપણે આ જીવનને એક કલાકારની માફક જીવીએ. હસતી-હસાવતી, હલકી-ફૂલકી જિંદગી જીવીને બીજાને વધુને વધુ સુખ વહેંચતા ચાલીએ. દુઃખો અને કષ્ટોને તપ અને સૌભાગ્ય માનીને ચાલીએ. આ જ જીવન જીવવાની સાચી શૈલી છે.

---

સામ્યવાદી દળની જ એક માથાફરેલી છોકરીએ લેનિન પર પિસ્તોલ ચલાવી. ગોળી તો નીકળી ગઈ, પરંતુ છરા ગળા અને ગરદનમાં ફસાઈને રહી ગયા.

આ સમયે એક પુલ તુટી ગયો. આપત્તિકાળ જાહેર કરીને તેને યુદ્ધસ્તરે સુધારવામાં આવ્યો. રાષ્ટ્રપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં તે કામમાં લાગી ગયાં. કામ પૂરું થનાર હતું ત્યારે ખબર પડી કે લેનિન પણ તેમાં જોડાયેલાં હતાં. ગળામાં ગોળી હોવા છતાં પણ મંજુરોની સાંથે ભારે પથ્થરો ઉપાડવાના કામમાં દરરોજ વીસ કલાક સુંધી જોડાયેલાં રહેતાં. તેમને પૂછતાં ટૂંકમાં ઉત્તર આપ્યો, "આપણે અગ્રેસર કહેવાતા લોકો પાછળ રહીએ તો પ્રજાના ઉત્સાહમાં જરૂરી શ્રેષ્ઠતા આવી શકતી નથી."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પૂર્ણતાનું લક્ષ્ય બિંદુ દેવત્વ

વિકાસ એ સૃષ્ટિનો નિશ્ચિત ક્રમ છે. પદાર્થ અને પ્રાણીઓ પોતપોતાની જરૂરિયાતોને અનુરૂપ પોતપોતાની રીતે વિકાસ કરતા હોય છે. એકમાંથી અનેકની ઉત્પત્તિ થતાં સૃષ્ટિનું સર્જન થયું છે. સૃષ્ટિની શરૂઆતમાં થોડો સરખો ગાઢ પદાર્થ હતો. તેમાં અંતઃસ્ફુરણા થઈ અને તે ફાટયો. તે ફાટતાં અનેક નિહારિકાઓ અને ગ્રહ-ઉપગ્રહો જેવી રચનાઓ થઈ અને તે બધાં ગતિશીલ બન્યાં. તે ગતિશીલ કેમ થયાં ? એ બધાનો સમન્વિત ઉત્તર એક જ છે. વિકાસ-વિસ્તારના માટે થયા. સમગ્ર બ્રહ્માંડના બધા ગ્રહપિંડો ખૂબ જ ગતિથી અને સતત ક્રમમાં આગળને આગળ વધતાં રહ્યાં છે. સૃષ્ટિ સંરચનાની આ વાતની માફક ચક્રરૂપમાં દરેક પ્રકારનું પરિવર્તન થતું રહે છે.

સૃષ્ટિની ચેતનાનો વિકાસ પણ આ જ ક્રમમાં થઈ રહ્યો છે. તેને સ્વયં સીમિત રહેવામાં સંતોષ ન થતાં અસીમ બનવા માટે ક્રિયાશીલ બની. વિશ્વ ચેતનાએ પોતાને અનેક પ્રાણી ઘટકોમાં વિભાજિત કરી અને જોતજોતામાં અસીમ બની ગઈ, પરંતુ આટલાથી સંતોષ ન થયો. આ પ્રત્યેક પ્રાણી ઘટકોએ એ ચેતનાને વિકસાવી અને પોતાની એક સુનિયોજિત યોજનાનું અંગ બનાવ્યું. જે કાર્ય પ્રાણી ઘટકો કરે છે તે જ કાર્ય પદાર્થ ઘટકોમાં પણ ચાલી રહ્યું છે. પૃથ્વી પોતાના આદિકાળમાં દરેક દૃષ્ટિથી અણઘડ, અવિકસિત, અસ્થિર, મંદગતિ અને વૈભવ તેમજ હલચલ વિનાની હતી. આજે તેની તે સ્થિતિ રહી નથી, આજની અને આદિમ કાળની પૃથ્વીના સ્તરમાં આકાશપાતળ જેટલો તફાવત છે, આ વાત આદિમ પ્રાણી અને આજના પ્રાણીમાં જોઈ શકાય છે. આદિમકાળનો મનુષ્ય કેટલો અણઘડ હતો અને આજે મનુષ્ય કેટલો બધો આગળ વધ્યો છે, તે તેની વિકાસક્રમની અદમ્ય અભિલાષા અને પ્રક્રિયાનું દર્શન કરવાથી સારી રીતે કરી શકાય છે.

પ્રાણી અને પદાર્થના મૂળ સ્વરૂપમાં માત્ર પ્રગતિક્રમ સતત ચાલી રહ્યો નથી, બલ્કે તેમનામાંથી ઉત્પન્ન થનારા અનેકવિધ સંમિશ્રણોમાં અવિરત પ્રગતિક્રમ ચાલી રહ્યો છે. શિક્ષણ, ચિકિત્સા, વિજ્ઞાન, વ્યવસાય, કળા, કૌશલ્ય, નીતિ, યુદ્ધ, ઉત્પાદન, વપરાશ વગેરે ક્ષેત્રોમાં અસાધારણ પ્રગતિ થઈ છે. વિકાસની અને સાધન-સગવડોની દૃષ્ટિએ આપણે પૂર્વજો કરતાં ઘણા આગળ વધ્યા છીએ અને આપણી ભાવી પેઢીઓ આપણા કરતાં પણ ક્યાંય વિશેષ બુદ્ધિમાન તથા સુવિધાયુક્ત હશે. પ્રગતિની દિશામાં ગતિ ચક્ર તો ચાલુ જ રહેશે.

ગતિની બાબતમાં ચિંતા અને રૂકાવટના પ્રસંગો ત્યારે ઉદ્ભવે છે જ્યારે ગતિ પોતાના સામાન્ય ક્રમથી વિચલિત થઈને અગતિ કે દુર્ગતિનું, મૂર્ખતા કે ઉચ્છૃંખલતાનું રૂપ ધારણ કરે છે. કોઈ સમયે મંગળ અને બૃહસ્પતિના ગ્રહની વચ્ચે વર્તમાન ગ્રહ પિંડ ઉપરાંત કોઈ વિશાળકાય ગ્રહ પિંડ ફરતો હતો. તેને ઊલટું સૂઝ્યું. પોતાની કક્ષાની ઉપરવટ જઈને અનિશ્ચિત માર્ગ પર ચાલી પડયો. પરિણામે સ્વયં પણ મર્યો અને બીજાને પણ લઈ ગયો. બંનેના ટુકડા આજે પણ ક્ષુદ્ર ગ્રહના ટુકડાઓના રૂપમાં પોતાની કક્ષા બનાવીને પરિભ્રમણ કરી રહ્યા છે. તે પૂર્ણ ગ્રહોના સભ્યોને કોઈ કોઈ વખત પોતાના પૂર્વજોની યાદ આવે છે અને નાનાં હોવા છતાંય તેમના જેવી ઉચ્છૃંખલતા વર્તે છે. આ ટુકડાઓ પૃથ્વી ચંદ્રમા વગેરે પિંડો પર સમય જતાં ઉલ્કાઓના રૂપમાં વરસતા રહે છે. વાયુમંડળમાં પ્રવેશતાં વેંત જ તેઓ સ્વયં તો બળીને ભસ્મ થઈને ખલાસ થઈ જાય છે અને સાથોસાથ જ્યાં પડે છે તે જગ્યાને મોટું નુકસાન કર્યા સિવાય રહેતાં નથી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવા પરિવર્તનો માત્ર પ્રકૃતિ પદાર્થોમાં ન થતાં મનુષ્યોનાં વ્યક્તિગત અને સામૂહિક જીવનમાં પણ થતાં જોવા મળે છે. આપણે બધા જાણીએ છીએ કે ભૂકંપ, જ્વાળામુખી, ઉલ્કાપાત, ચક્રવાત, તોફાન જેવી દૈવી દુર્ઘટનાઓને લીધે કેટલો બધો વિનાશ અને સંકટ પેદા થાય છે. શાસનતંત્ર અને સમાજમાં પણ ઐતિહાસિક પ્રસંગો પર આવા જ વિગ્રહો પેદા થાય છે અને તેને કારણે બધા લોકોને ભારે સંકટનો સામનો કરવો પડ્યો છે. હિમપ્રલય જેવા કેટલાય ભયાનક પ્રસંગો પૃથ્વીના ઈતિહાસમાં જન્મ્યા છે અને તેને લીધે પુરાણી સભ્યતા અને પ્રગતિ પર વજ્રપાત જેવા પ્રહારો થવાથી સિદ્ધિઓનો નાશ થયો છે. સિદ્ધિઓનો નાશ થવાનથી નવેસરથી જીવનક્રમની શરૂઆત કરવાના પ્રસંગો પણ પેદા થયા છે.

આવા જ પરિવર્તનો સમાજો, દેશો અને રાજ્યોમાં થતાં રહ્યાં છે. જાપાન અને જર્મનીને ભૂતકાળની લડાઈઓમાં કેટલું બધું સહન કરવું પડયું છે અને વિકાસક્રમની ગતિમાં કેટલી તકલીફો સર્જાઈ છે એને ઈતિહાસનો પ્રત્યેક વિદ્યાર્થી જાણે છે. સભ્યતાઓની અને શાસનતંત્રની પ્રગતિ-દુર્ગતિનો ઈતિહાસ પણ કંઈક આવો જ છે. જો વિકાસનો ગતિક્રમ એકસરખો ચાલતો રહ્યો હોત તો ન જાણે તે આજે ક્યાં ને ક્યાં જઈને પહોંચ્યો હોત.

જો આત્મનિરીક્ષણ કરવામાં આવે તો ખાતરી થશે કે તે અદૃશ્ય જગતમાં આપણા માટે વિનાશ અને વિકાસની અસીમ સાધનસામગ્રી અને અનંત શક્યતાઓનો ભંડાર ભરેલો પડયો છે. સામાન્ય રીતે પ્રગતિનું મૂલ્યાંકન તેની બાહ્ય સફળતાઓને આધારે કરવામાં આવે છે અને તે બાહ્ય સિદ્ધિઓને જ સૌભાગ્ય માનીને તેની પ્રશંસા કરવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ છે. સૌભાગ્ય ઉપરથી ટપકતું નથી, પરંતુ અંદરથી પ્રગટે છે. વૃક્ષોને ફળફૂલથી લદાયેલાં જોઈને કોઈ એમ વિચારી શકે છે કે તે ઉપર આકાશમાંથી ટપકીને વૃક્ષો પર ચોંટી ગયા છે. પરંતુ યથાર્થતા જુદી છે. વૃક્ષો જમીનમાંથી મૂળિયાં દ્વારા ખોરાકનું શોષણ કરીને તેના અંગ-ઉપાંગોને પહોંચાડે છે અને તેમને લીલાંછમ શક્તિશાળી અને ફળફૂલોથી લદાયેલાં રાખે છે. વૃક્ષોના આ બધાં કાર્યો તેની અંદર સમાયેલી આંતરિક વ્યવસ્થાથી જ પરિપૂર્ણ થતાં રહે છે.

ગીતાકારે પ્રગતિ અને દુર્ગતિની હકીકતોના રહસ્યને ખુલ્લું કરતાં કહ્યું છે કે આપણે પોતે જ આપણી પ્રગતિ કરવી જોઈએ. પતન તરફ ન ગબડવું જોઈએ. આનું તાત્પર્ય એ થયું કે માનવી સ્વયં જ પોતાની પ્રગતિ કે દુર્ગતિ માટે જવાબદાર છે. આ બાબતનો ખુલાસો કરતાં શાસ્ત્રકારે કહ્યું છે, **"મનુષ્ય સ્વયં જ પોતાનો મિત્ર કે દુશ્મન છે."** આમ કહીને ચેતનાની અણઘડ કે સુઘડ હોવાની પરસ્પર વિરોધી પ્રતિક્રિયાઓ પ્રત્યે અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે. ઈશ્વરની મહેરબાની અને દૈવી સહાયતાની વાત વિચારવી હોય તો પણ તે કથનને ધ્યાનમાં રાખવું જોઈએ, જેમાં કહેવાયું છે કે, **"ઈશ્વર માત્ર તેમને જ સહાયતા કરે છે જે પોતે પોતાની સહાયતા કરે છે."**

પરમેશ્વરના દસ કે ચોવીસ અવતારોની માન્યતામાં મત્સ્ય, કચ્છપ, વારાહ, નૃસિંહ, વામનથી લઈને ક્રમશઃ કલાઓનું વધતા જવું અને મર્યાદા પુરુષોત્તમ રામનું બાર કલાવાળા પૂર્ણ પુરુષ, કૃષ્ણની સોળ કલાવાળા માનવું એ જ બતાવે છે કે સ્તર વધતું ગયું છે. બુદ્ધને વીસ કલાવાળા તથા નિષ્કલંક પ્રજ્ઞાવતારને ચોવીસ કલાવાળા બતાવવામાં આવ્યા છે. બધી કલાઓ ચોસઠ ગણવાઈ છે. તેમાંથી અવતારોનો વિકાસ હજુ તો આંશિક રૂપમાં જ થયો છે. જે બાકીનું થનાર છે તેમાં હજુ આ પ્રગતિશીલતાનો ક્રમ ચાલતો જ રહેશે.

મનુષ્યની બાબતમાં પણ આ જ વાત છે. આદિમકાળમાં તેનું શરીર ભલે વિશેષ શક્તિશાળી રહ્યું હોય, પરંતુ તે ચેતનાની દૃષ્ટિથી ચોક્કસ તે પાછળ હશે. હવે તેની સમજદારી, સાધન સમૃદ્ધિ અને કળાના રૂપમાં પ્રગટ થનારી ભાવ સંવેદના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પહેલા કરતાં ક્યાંય વિશેષ છે. આ પ્રગતિનો ક્રમ ભવિષ્યમાં પણ પૂર્ણતાના લક્ષ્ય સુધી ચાલુ રહેશે. મનુષ્ય ભવિષ્યમાં કઈ વિશેષતાઓથી સમૃદ્ધ હશે ? તેની પ્રગતિનું ક્ષેત્ર અને સ્તર કેવું હશે ? આ સંદર્ભમાં જાણકારોએ પોત પોતાના અભિપ્રાયો અને ચિંતનને અનુરૂપ તારણ બતાવ્યું છે. જેની દ્રષ્ટિમાં જે હકીકતનું વધુ મહત્ત્વ છે તેણે તે પ્રકારની પ્રગતિને મહત્ત્વ આપ્યું અને ભવિષ્યનું કલ્પના ચિત્ર દર્શાવ્યું છે. સમગ્ર ચિંતન જ સમગ્રતાની વાત વિચારી શકે છે. ભવિષ્યદ્રષ્ટાઓએ ભવિષ્યની પ્રગતિનું એકાંગી અને અધુરું ચિત્ર તૈયાર કર્યું છે. તેને લીધે એમાં ઉણપ જણાય છે.

મનુષ્યની સર્વતોમુખી પ્રગતિનું જે કલ્પના ચિત્ર સ્વજનોએ દોર્યું છે તેને એક શબ્દમાં 'દેવતા' કહેવાયેલ છે. કહેવાય છે કે 'દેવતા' સ્વર્ગમાં રહે છે. તેઓ શ્વેત હોય છે. અજર અર્થાત્ વૃદ્ધત્વ રહિત, પ્રૌઢ અને પરિપક્વ હોય છે. તેઓ અમૃત પીએ છે અને અમર રહે છે. અદ્દશ્ય પાંખો હોવાથી તેઓ સમગ્ર અંતરિક્ષમાં ઉડીને કોઈ પણ જગ્યાએ પહોંચતા હોય છે. તેઓને શ્રેષ્ઠતાનું સમર્થન અને સહકાર આપવાનું રુચિકર લાગે છે.

શરીરથી પ્રૌઢ, સુંદર અને યુવાન હોવાથી એ બતાવી શકાય છે કે તેમના વ્યક્તિત્વનું બાહ્ય સ્વરૂપ નબળાઈ, બીમારી વગેરેથી મુક્ત હોવું જોઈએ. પ્રૌઢતા સંયમનું અને સુંદરતા સુરુચિનું દર્શક છે. જેનામાં આ ગુણ હશે તે સ્વસ્થ અને સુંદર જણાશે, ભલે તેના અવયવોની પ્રકૃતિગત રચના ગમે તેવી કેમ ન હોય?

દેવતાઓનું બહિરંગ જે પ્રકારનું બતાવાયું છે તેમાં તેમના શ્વેત, પ્રખર અને પરિપક્વ વ્યક્તિત્વનો આભાસ થાય છે. દેવતા શબ્દનો મોટો અર્થ છે 'આપનાર' જેમની ભાવનાઓ હંમેશાં બીજાઓને સમુન્નત અને સુસંસ્કૃત જોવાની હોય, જેમની પ્રવૃત્તિઓ સત્પ્રવૃત્તિઓને વધારવા અંગેની હોય તેમને દેવ સ્વભાવના અધિષ્ઠાતા કહી શકાય છે. સદ્ભાવપૂર્ણ, ઉદાર, સેવાભાવી, પરમાર્થપરાયણ માણસ આ વર્ગમાં ગણાવી શકાય છે. જેમની આત્મિક વિભૂતિઓ, ભૌતિક સંપત્તઓ શ્રેષ્ઠતાની સમર્થક અને આદર્શવાદી દ્દષ્ટિકોણમાં ડૂબેલી હોય તેમને દેવ પ્રકૃતિના ગણાવી શકાય છે. દેવતાઓનું જે ચિત્ર દોરવામાં આવ્યું છે તેમાં તેમની આકૃતિ અને પ્રકૃતિનું જે વિશ્લેષણ કરવામાં આવ્યું છે તેના પરથી એ તારણ નીકળે છે કે તેઓ સામાન્ય માનવી કરતાં ક્રિયાશીલતા, વિચારણા અને ભાવ સંવેદનાઓની દ્દષ્ટિએ કેટલાય ઘણા વિશેષ ઉચ્ચસ્તરના હશે. આવા લોકો જ્યાં પણ રહેશે ત્યાં સુખશાંતિ અને પ્રગતિનું હસતું-હસાવતું, ખિલતું-ખિલાવતું વાતાવરણ જન્માવશે. આવું વાતાવરણ જ સ્વર્ગ છે.

આ વર્ણન દ્વારા એ સ્પષ્ટ થઈ રહ્યું છે કે મનુષ્યનો સમગ્ર વિકાસ દેવતાના રૂપમાં થવો જોઈએ. ઉત્કર્ષની આ ચરમ સીમા છે. 'દેવત્વ' જ તે વૈભવ છે જેની ફળશ્રુતિ અનેક પ્રકારની રીદ્ધિ-સિદ્ધિઓના રૂપમાં પ્રગટ થયેલી જોવા મળે છે. દેવત્વને અમૃત, પારસ, કલ્પવૃક્ષ, બ્રહ્માસ્ત્ર વગેરે નામોથી ઓળખવામાં આવે છે. આ નામોમાં એ વાતનો સંકેત છે કે 'દેવત્વ'ની વિભૂતિઓથી પરિપૂર્ણ માણસ કોઈ પણ પ્રકારના લોખંડ જેવો અણઘડ પરિસ્થિતિઓથી ઘેરાયેલ રહેવાં છતાંય દેવત્વના પારસનો સ્પર્શ થવાથી મૂલ્યવાન સોનાની માફક સન્માનીય બની જાય છે. તેનું શરીર અમૃત પીનારાની માફક ઈતિહાસના પાના પર અમર રહી શકે છે. લોક સન્માન અને જન સહયોગ પ્રચુર માત્રામાં મળવાથી તે કલ્પવૃક્ષની નીચે બેસીને મનોકામનાઓ પૂરી કરી શકનારની માફક પુષ્કળ સાધન સંપન્ન બની શકે છે. તેનું વ્યક્તિત્વ ઈન્દ્ર વજ્ર અને બ્રહ્માસ્ત્ર પ્રકારનું પવિત્ર અને પ્રખર બને છે. તેઓ જે કોઈ અનિચ્છનીયતાઓ પર હુમલો કરે છે તેમને વેરવિખેર કરી દે છે. આ સમગ્ર ફળશ્રુતિઓ શ્રેષ્ઠ વ્યક્તિત્વના મૂલ્ય અને પ્રભાવની તરફ પૂર્ણતાના લક્ષ્ય બિંદુ 'દેવત્વ'ના સ્વરૂપનો અંગુલિનિર્દેશ કરે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રતીક પૂજાનું તત્ત્વદર્શન

જુદા જુદા સંપ્રદાયોમા પોતપોતાના મત મુજબની વિવિધ પ્રકારની પૂજા પદ્ધતિઓ પ્રચલિત થયેલી જોવા મળે છે. તે બધામાં સમાયેલું તથ્ય અને રહસ્ય એક જ પ્રકારનું છે અને તેનાથી પોતાને શુદ્ધ અને સુવ્યવસ્થિત બનાવવાની ભાવના છે. આ જ ઈશ્વરની એકમાત્ર પૂજા, ઉપાસના અને પ્રાર્થના છે. ઈશ્વરની વ્યવસ્થામાં સતત પરોવાયેલા પરમેશ્વરને એટલી ફુરસદ નથી કે તે આટલા બધા ભક્તજનોના મનની ઈચ્છાને સાંભળવામાં અને જાતજાતની ભેટોને સ્વીકારવામાં સમય વિતાવવા રહે. આ બધું તો માત્ર પ્રાર્થનાના માધ્યથી પોતાને શ્રેષ્ઠતાના માર્ગ પર ચાલી જવાના સ્વ સંકેતના રૂપમાં રચવામાં આવેલો રસ્તો છે.

ઈશ્વર પર ન તો કોઈની પ્રશંસાની કે ન તો કોઈની નિંદાની અસર પડે છે. પુજારી હંમેશાં પ્રશંસાના પુલ બાંધે છે અને નાસ્તિક હજારો ગાળો સંભળાવે છે. એમાં કોઈના બકવાસની તેમના પર અસર પડતી નથી. પસંદગીનુ બોર્ડ કોઈની કાકલુદી સાંભળીને નિમણૂંક કરતું નથી. શિષ્યવૃત્તિ નંબર લાવનારને જ મળે છે. ઈનામ હરીફાઈમાં જીતનારને જ મળે છે. ઈશ્વરની પણ આ જ સુનિશ્ચિત રીતિનીતિ છે. તેમની પ્રસન્નતા પણ એક કેન્દ્રબિંદુ પર કેન્દ્રિત છે કે કોણે તેના વિશ્વબાગને સુંદર અને શ્રેષ્ઠ બનાવવામાં કેટલી મહેરબાની વરસાવી છે. ઉપાસનાત્મક કર્મકાંડ આ એક સુનિશ્ચિત વ્યવસ્થાને જાણવા અને આત્મસાત કરવા માટે અપનાવવામાં આવે છે. જો કર્મકાંડ માત્ર દેખાવ પૂરતો કરવામાં આવે અને પરમાત્માના આદેશની તેમજ શિસ્તની અવગણના કરવામાં આવે તો આટલુ માત્ર કરવાથી કોઈનુ કશુંય ભલું થનાર નથી.

દેવપૂજાના કર્મકાંડોને પ્રતીક ઉપાસના કહેવાય છે, જેનું તાત્પર્ય છે કે સંકેતોના આધાર પર કામકાજનું નિર્ધારણ કરવું. દેવતાની પ્રતિમા એક પૂર્ણ મનુષ્યની પરિકલ્પના છે જેના ઉપાસકે પણ દરેક સ્થિતિમાં સર્વાંગસુંદર અને નવયુવકો જેવી મનઃસ્થિતિમાં રહેવું જોઈએ. દેવીઓ માતૃસત્તાના પ્રતીક છે. તે યુવાન અને સૌંદર્યવાન હોવા છતાંય પણ તેમને કુદૃષ્ટિથી જોઈ શકાય નહીં, બલ્કે પવિત્રતાની માન્યતાને વિકસાવીને તેમને શ્રદ્ધાપૂર્વક નમનવદન જ કરવામાં આવે છે. નારી માત્ર પ્રત્યે દરેક સાધકની માન્યતાઓ આ સ્તરની વિકસવી જોઈએ.

પૂજા અર્ધ્યમાં જળ, ચોખા, પુષ્પ, ચંદન, ધૂપ, દીપક, નૈવેદ્ય વગેરેને સજાવીને રાખવામાં આવે છે. તે બધાનું તાત્પર્ય તે માધ્યમ સંકેતોને ધ્યાનમાં રાખીને પોતાની રીતિનીતિનું નિર્ધારણ કરવાનું છે. જળનો અર્થ છે શીતળતા. આપણે શાંત, સૌમ્ય અને સંતુલિત રહીએ. ધૂપની પાછળનો નિર્દેશ એ છે કે આપણે વાતાવરણને સત્પ્રવૃત્તિઓથી સપૂર્ણ રીતે સુગંધિત બનાવીએ. દીપકનો સંકેત છે કે જ્ઞાનનો પ્રકાશ વ્યાપક બનાવવા માટે આપણે આપણા સાધનો વિભૂતિઓમાંથી કંઈ પણ છોડવા માટે તૈયાર રહીએ. ચંદન અર્થાત્ સમીપવર્તીઓને આપણા જેવા સુગંધિત બનાવવા. કષ્ટ અને ઘા જેવી વિકટ પરિસ્થિતિઓ આવે તો પણ આનંદિત સ્વભાવને ન છોડીએ. પુષ્પ અર્થાત્ હસતું-હસાવતું અને ખીલતું-ખીલાવતું જીવન ન છોડીએ. ચોખા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અર્થાત્ પોતાની કમાણીનો એક અંશ દિવ્ય ઉદ્દેશો માટે ખર્ચતા રહેવામાં અતૂટ નિષ્ઠા ટકાવી રાખવી અને ઉદાર બની રહીએ. ભગવાનને આ બધી વસ્તુઓની કોઈ જરૂરિયાત પડી હોય એવી વાત નથી. આ પ્રતીક સમર્પણોના માધ્યમથી આપણે સ્વયંને તાલીમ આપતા રહીએ કે દેવત્વના અવતરણ માટે વ્યક્તિત્વને પાત્રતાથી સુસજ્જિત રાખીએ.

ગાર્ડ લાલ અને લીલી ઝંડીઓ બતાવે છે. આમ તો રંગોનું પોતાનું કોઈ મહત્ત્વ નથી, પરંતુ ઝંડીઓ બતાવવાથી ગાડી ઊભી રહેવાનો અને ચાલુ થવાનો સંકેત મળે છે. ઝંડીના પ્રતીકથી રેલગાડીની વ્યવસ્થા થાય છે. ઉપાસનાત્મક કામકાજમાં, ભગવાનને મનાવ્યા સિવાય કે પાત્રતા બતાવ્યા સિવાય, પુરુષાર્થ કર્યા સિવાય મનમાની કામનાઓ પૂરી થઈ શકતી નથી. સાધારણ રીતે લોકો ભ્રમમાં ફસાયેલા રહે છે. પાક લણવા માટે બીજ વાવ્યા અને સિંચ્યા સિવાય કામ થતું નથી. ભલે પ્રાર્થના જેવી કોઈ રીતરસમ અપનાવવામાં આવે.

પ્રજ્ઞા પરિવારના પરિજનો પૂજાવિધિમાં સામાન્ય રીતે પોત પોતાની રુચિ અને સગવડને અનુરૂપ, જપ, ધ્યાન અને પ્રાણાયામનો આધાર અપનાવે છે. આ ત્રણેનો પ્રાણપ્રવાહ ત્યારે વરદાન બનીને અવતરે છે જ્યારે આ ત્રણેની પાછળ અવિભક્ત રૂપે જોડાયેલી પ્રેરણાઓને અપનાવવામાં આવે.

નામ જપનું તાત્પર્ય છે પરમેશ્વરના જે તે વિધાનને વારંવાર યાદ કરતાં રહીએ કે જેથી તેને ભૂલી ન જવાય. નામ જપનું મહત્ત્વ એ છે કે આપણને મળેલ આ દુર્લભ મનુષ્ય જીવનની મહત્ત્વની કૃપા મળે અને તેની સાથે જોડાયેલી સૃષ્ટાની આકાંક્ષા સમજીએ અને માનસિક સ્થિતિને જાળવતા રહેવાનો હંમેશાં પ્રયત્ન કરીએ. સાબુ ઘસવાથી શરીર અને કપડાં સ્વચ્છ થાય છે. રંગવાથી તેના નિશાન પડે છે અને ચમક વધે છે. જપ કરનારા પોતાના વ્યક્તિત્વને તેના આધાર પર વિકસિત કરી શકે છે.

ધ્યાન જેનું કરવામાં આવે છે તેને લક્ષ્ય માનીને તેને અનુરૂપ બનવાનો પ્રયત્ન કરવામાં આવે છે. રામ, કૃષ્ણ, અને શિવ વગેરેની ધ્યાન ધારણાનો ઉદ્દેશ છે તે સ્તરની મહાનતા સાથે પોતાને ઓતપ્રોત કરે. પરિજનો મોટેભાગે ગાયત્રી મંત્રના જપ અને ઉગતા સૂર્યનું ધ્યાન કરે છે. ગાયત્રીનો અર્થ છે સામૂહિક વિવેકશીલતા. તેના જપથી પ્રાણવાન બનાય છે. સૂર્યની બે વિશેષતાઓ જગપ્રસિદ્ધ છે, એક છે ઉર્જા અને બીજી છે પ્રકાશ. આપણે ઉર્જાવાન અર્થાત્ પ્રગતિશીલ અને પુરુષાર્થ પરાયણ બનીએ. જ્ઞાન રૂપી પ્રકાશથી સર્વત્ર પ્રગતિશીલતાનો અને સત્પ્રવૃત્તિઓનો વિસ્તાર કરીએ. સ્વયં પ્રકાશિત રહીએ અને બીજાઓને પ્રકાશવાન બનાવીએ. ગરમી અને આલોકનો પ્રકાશ જીવનની દરેક ક્ષણે દરેક કણમાં ઓતપ્રોત રહે, એ જ સૂર્ય ધ્યાનનો મુખ્ય ઉદ્દેશ છે. ધ્યાનના સમયે શરીરમાં ઓજસ, મગજમાં તેજસ, અને અંતઃકરણમાં વર્ચસની અવિભક્ત વર્ષાની ભાવના કરવામાં આવે છે. આ પ્રક્રિયાને માત્ર ક્રિયાકાંડ સમજીને ન કરતાં તેને અનુરૂપ પોતાની જાતનું ઘડતર કરવાનો અડગ નિર્ધાર કરવો જોઈએ.

પ્રાણાયામમાં નસકોરા દ્વારા બ્રહ્માંડમાં વ્યાપેલ પ્રાણતત્ત્વને ખેંચવાની ધારણ કરવાની અને અંદરના અશુભ તત્ત્વને બહાર કાઢવાની ભાવના કરવામાં આવે છે. સંસારમાં સારું અને ખરાબ બંને પ્રકારનું તત્ત્વ છે, પરંતુ આપણે પોતાના માટે માત્ર દૈવી તત્ત્વની પ્રાપ્તિને યોગ્ય સમજીએ. જે શ્રેષ્ઠ છે તેને પકડવાનો અને પોતાનામાં સ્થાપિત કરવાનો પ્રયત્ન કરીએ. તદ્દન ઉદાસ, દુર્બળ, કાયર દુઃખી ન રહીએ, બલ્કે એવા પ્રાણવાન બનીએ કે પોતાનામાં અને સંપર્કક્ષેત્રમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રાણચેતના પ્રગટવામાં જોડાયેલા રહી શકીએ.

જપ, ધ્યાન અને પ્રાણાયામની પ્રક્રિયા સાધકો ઘણા સમયથી અપનાવી રહ્યા છે. કોઈ શંકા હોય તો નજીકના કોઈ જાણકારને પૂછીને તેની ઊણપને દૂર કરી શકાય છે. પોતાની સગવડ મુજબ સમય અને ક્રિયામાં જરૂરી ફેરફાર પણ કરી શકાય છે, પરંતુ એ ન ભૂલવું જોઈએ કે કર્મકાંડની પાછળ આત્મવિકાસ અને સમાજની પ્રગતિની જે શક્યતાઓ સમાયેલી છે તેને મુખ્ય માનવામાં આવે અને સમજ્યા સિવાય રૂઢિને વળગી ન રહેતાં પ્રેરણાયુક્ત માનસિકતાથી ઓતપ્રોત થઈને સ્વયંને પરિશુદ્ધ બનાવીએ.

સાધનાની સાથે એક રિવાજ છે કે ગુરુવારના દિવસે હળવો કે ભારે ઉપવાસ કરીએ અને બ્રહ્મચર્ય પાળીએ. આ બંનેની પાછળ સંયમ સાધનાનું તત્ત્વજ્ઞાન સમાયેલું છે. ઈન્દ્રિય સંયમ, સમય સંયમ, અર્થ સયમ અને વિચાર સંયમની પ્રક્રિયાને વિકસાવીને સાધકોને સાચા અર્થમાં તપસ્વી બનવાની દિશામાં દોરી જઈએ. ઓજસ્વી, તેજસ્વી અને વર્ચસ્વી બનવાના ત્રિવિધ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં પ્રયત્નરત લોકોને જ સાચા અર્થમાં તપસ્વી કહેવાય છે. તપની દિવ્ય શક્તિ સામર્થ્યથી અધ્યાત્મ ક્ષેત્રના દરેક અનુયાયીને સારી રીતે પરિચિત અને પ્રભાવિત કરવો જોઈએ.

સ્નાન, ભોજન, શયન, મળ વિસર્જન વગેરે નિત્ય કર્મોની માફક જ ઉપાસના, આરાધના માટે પણ થોડો સમય નિર્ધારિત કરવો જોઈએ, જેથી જીવન લક્ષ્યને હૃદયંગમ કરતાં રહેવામાં પ્રમાદ ન કરીએ કે વિસરી ન જઈએ. પ્રાતઃકાળમાં આંખ ખુલતાની સાથે નવો જન્મ થયાની ભાવના કરીએ અને તે દિવસની દિનચર્યા એવી તે દિવસની દિનચર્યા એવી બનાવીએ કે સમય, શ્રમ, ચિંતન અને વ્યવહારમાં શ્રેષ્ઠતાનો સમાવેશ થતો રહે.

પ્રાતઃકાળમાં બનાવેલી તે રૂપરેખાને અનુરૂપ તે દિવસને એવી રીતે વિતાવીએ કે પ્રમાદ અને આળસમાં સમય બરબાદ થવાની શક્યતા ન રહે. આ જ પ્રમાણે રાત્રે સૂતી વેળાએ એક દિવસના જીવનનું મૃત્યુ થવાનો અનુભવ કરીએ અને તે દિવસે અપનાવેલા ઊલટા ક્રમોનું પ્રાયશ્ચિત કરીને બીજા દિવસે વધુ સતર્કતાપૂર્વક વધુ શાલીનતાનો કાર્યક્રમ અપનાવી શકીએ.

દાન, પુણ્ય, તીર્થયાત્રા, પરમાર્થ જેવા ધર્મ કાર્યોના માટે અંતરમાં મંદ કે તીવ્ર ઉમંગો પ્રગટતી રહે છે. એને પણ, ઈશ્વરનો સંકેત, માર્ગદર્શન અને સલાહ માનીને અપનાવવા માટે કંઈને કંઈ પ્રયત્ન કરવો જ જોઈએ. સમયને અનુરૂપ આ બધાનો સમન્વય 'વિવેક-વિસ્તાર'ની એક જ પ્રક્રિયામાં કેન્દ્રિત થઈ જાય છે. સમયનો પોકાર અને વિશ્વની રક્ષા માટેની બૂમ એને જ કહી શકીએ છીએ. ભ્રષ્ટ ચિંતન અને દુષ્ટ આચરણને લીધે જ અસંખ્ય સમસ્યાઓ અને સંકટોનાં વાદળો છવાયાં છે. આ બધાનું નિવારણ માત્ર એક જ ઉપચારથી શક્ય બની શકે છે અને તે છે દૂરદર્શી વિવેકશીલતાનો જનમાનસમાં પ્રગટાવવાનો પ્રયત્ન કરવામાં આવે. ચિંતન, ચરિત્ર અને વ્યવહારમાં શ્રેષ્ઠતાનો વધારો અને અંતઃકરણમાં ભાવ સંવેદનાની જાગૃતિ કરવાથી જ શક્ય બની શકે છે. આ જ આજના યુગનો ધર્મ છે. કોઈ ઈચ્છે તો તેને મહાકાળનો પડકાર અથવા દિવ્ય સત્તાનું ભાવભર્યું આવાહન પણ કહી શકે છે.

---

**મહર્ષિ અત્રિના વંશમાં જન્મેલી વિદુષી વિશ્વધારાએ યોગાભ્યાસ અને વિશાળ અભ્યાસના બળ પર બ્રહ્મવાદિની પદ મેળવ્યું. તેણે ઋગ્વેદની કેટલીયે ઋચાઓનું ઊંડું વિવેચન કર્યું અને જે લોકો કહેતા હતા કે સ્ત્રીઓને વેદોનો અભ્યાસ કરવાનો અધિકાર નથી તેમના મોં બંધ કરી દીધા. તેણે કુટુંબના લોકોએ કરેલા લગ્નના પ્રસ્તાવને પણ સ્પષ્ટ રીતે ઠુકરાવી દીધો.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આપણે યંત્રોના ગુલામ તો ન બનીએ

આધુનિક સભ્યતામાં રહેતાં લોકોની જીવનચર્યા રહેણીકરણી, સ્વભાવ, ટેવો માન્યતાઓ અને દૃષ્ટિકોણ જોઈને એ તારણ ઉપર પહોંચવું પડે છે કે માણસ દિવસે દિવસે યાંત્રિક થતો રહ્યો છે અને તેનું વ્યક્તિત્વ યંત્રોની માફક જ અસંવેદનશીલ થઈ રહ્યું છે. અત્યારના સમયમાં જીવન જીવવામાં અને દૈનિક કાર્યોને પૂર્ણ કરવા માટે યંત્રો મુખ્ય ભાગ ભજવે છે ત્યારે આ યુગને યત્ર યુગ કહેવામાં કોઈને વાંધો ન હોઈ શકે. માણસનું જીવન દરેક ક્ષેત્રમાં કોઈને કોઈ રૂપે મશીનોથી પ્રભાવિત છે અને તે યંત્રોના સંપર્કમાં રહે છે.

યાંત્રિક જીવનની ગંભીર અસર ભાવના ક્ષેત્ર ઉપર પડી છે. યાંત્રિક સભ્યતાએ માણસના જીવન અને વ્યક્તિત્વને કેટલું અને કેવી રીતે પ્રભાવિત કર્યું છે, તેની ચર્ચા કરતાં પ્રસિદ્ધ વિચારક સંત વિનોભા ભાવેએ લખ્યું છે - "આધુનિક યાંત્રિક સભ્યતા જે ગતિએ પ્રગતિ કરી રહી છે તેના જ ગુણાંકમાં માણસની સંવેદના નાશ પામી રહી છે. માણસ ભૌતિક સાધન અને સુખ-સુવિધાઓથી સમૃદ્ધ હોવા છતાં પણ એટલો અસહાય બનતો જઈ રહ્યો છે કે થોડીક જ વારમાં તે સપૂર્ણ રીતે ખાલી અને ખરાબ રીતે દુઃખી બની જશે. આ હકીકતને વધારે સ્પષ્ટ રીતે કહેતાં ડૉ. રાધાકૃષ્ણને લખ્યું છે કે - "આજના યુગમાં જીવનાર માણસની સ્થિતિ વિચિત્ર ઓછી છે, વિચારવાલાયક વધારે છે સમગ્ર માનવીય સંબંધો હવે ફક્ત આર્થિક સ્તરે જ બને છે અને બીજાં બધા માધ્યમોને કાં તો નકામા બનાવી દેવાય છે અથવા યાંત્રિકતા સાથે જોડાયેલા નવા સમાજમાં તે જાતે જ પોતાનું મહત્ત્વ અને મૂલ્ય ગુમાવી રહ્યા છે."

માણસ આમ તો સમાજનું જ એક અંગ છે અને સમાજમાં રહેવાને કારણે તેને બીજા લોકોના સંપર્કમાં પણ આવવું પડે છે. દરેક માણસ પોતાના પાડોશીઓના સુખ-દુઃખમાં કામ આવે. તેની સાથે કૌટુંબિક સંબંધ વિકસાવે. પરંતુ મોટા શહેરોની સ્થિતિ તો એ છે કે ત્યાં રહેનાર માણસ પોતાના પાડોશીના દુઃખ-દર્દમાં સાથીદાર બનવાની વાત તો દૂર રહી તેને જાણતો જ નથી. મોટા શહેર અને કસ્બામાં રહેનાર માણસોને પોતાના કામકાજમાંથી ઓછી ફૂરસદ મળે છે. જો ફૂરસદ મળે તો તેની માનસિકતા એવા પ્રકારની બની ગઈ છે કે તે ફૂરસદના સમયનો ઉપયોગ પોતાના પાડોશીઓ સાથે સંબંધ વધારવાની જગ્યાએ ટી.વી. જોવા, સિનેમા ઘરોમાં જવા, ગપાટા લગાવવામાં પસાર કરવાનુ વધારે યોગ્ય સમજે છે. પોતાના કુટુંબીજનાની પણ ઉપેક્ષા કરવામાં આવે છે. બાળકો શું ભણે છે ? સુધરી રહ્યા છે કે બગડી રહ્યા છે ? તેમને મા-બાપનો પ્રેમ મળી રહ્યો છે કે તેઆ પ્રેમ માટે તલસી રહ્યા છે ? માતા-પિતાના પ્રેમ અને મમત્વની તરસ અતૃપ્ત રહેવાને કારણે ક્યાંય તેમનું કોમળ હૃદય અંકુરિત થતાં થતાં રહી તો નથી ગયુ ને, કરમાઈ તો નથી ગયુ ને ? વગેરે પ્રશ્નો તરફ ધ્યાન આપવાની જરૂરિયાત કોઈ નથી સમજતું.

યંત્રોના સંપર્કમાં રહેતો માણસ એટલો બધો હૃદયહીન અને ભાવશૂન્ય બની રહ્યો છે કે તે પોતાના સિવાય બીજા કોઈની ચિંતા કરવાને નકામી ચિંતા સમજવા લાગ્યો છે. યંત્રોના પૂરે માણસનો શ્રમ હલકો બનાવ્યો છે અને તેની સુવિધાઓ વધારી છે. વપરાશની વસ્તુઓથી અને સુખ સુવિધાના સાધનોથી બજારો ભર્યા પડયા છે. જેની પાસે સગવડ છે તે ખરીદી શકે છે અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જે અસમર્થ છે તેઓ તેને મેળવવા માટે ખરાબ રીતે લલચાયેલા છે. સાધનોથી સમૃદ્ધ અને સુવિધા મેળવનાર લોકોની દેખા-દેખીથી બીજા લોકોમાં પણ આ પ્રકારે ઉપયોગ કરવાની ઈચ્છા જાગે છે તથા તેઓ પણ તે રીતે જીવન પસાર કરવા માટે લલચાય છે. સાધનો મેળવી શકનાર લોકો વચ્ચેનું અંતર વધતું જાય છે તથા આ અંતર જ સમૃદ્ધિને પ્રતિષ્ઠાનું કેન્દ્ર બનાવી દે છે. મશીનના વાતાવરણ અને યંત્રોથી ઉત્પન્ન થયેલ સમૃદ્ધિના કારણે આપણો દૃષ્ટિકોણ બદલાયો છે. તેણે આર્થિક સ્થિતિને જ મુખ્ય બનાવી છે તથા તેણે તે ભાગને જ મજબુત બનાવવા માટે માણસને એટલો બધો બહાવરો બનાવી દીધો છે કે તે ચારેબાજુથી એકલપણું, ત્રાસ, લઘુતા, દુઃખો અને ક્ષોભનો શિકાર થવા લાગ્યો છે.

ધન જીવનનું કેન્દ્ર બિંદુ બનવાના કારણે સહયોગ અને સદ્ભાવની વૃત્તિ ઓછી થવા લાગી છે અને સંયુક્ત કુટુંબો પણ તૂટવાં લાગ્યાં છે. લોકો વિભક્ત કુટુંબ વસાવીને અધકચરી સ્થિતિમાં જીવતાં પોતાની મહત્ત્વાકાંક્ષાને પૂરી કરતાં રહેવાની આશામાં રાહ જોયા કરે છે. આ રીતે વધારે ધન કમાવા અને વધારે ધન એકત્ર કરવાના લોભમાં લોકો અત્યારના સમયે એકાકી, એકલા અને સ્વાર્થી બની રહ્યા છે.

યંત્ર જે રીતે એક જ ગતિએ અને એક જ લયતાલમાં ચાલે છે. તે રીતે મનુષ્ય પણ એક જ સ્થિતિને વારંવાર ભોગવવા માટે પોતે લાચાર થતો જણાય છે. એનો અર્થ એ નથી કે યંત્રોનો નાશ કરીને સમાજ પાછળ ધકેલાઈ જાય. આ એ એક મોટી ભૂલ હશે. હવે વ્યવસ્થાનું સંયોજન એ રીતે કરવું જોઈએ કે આપણે આપણા મૂલ્યોને સાચવી શકીએ. જો આટલું કરી શકીએ તો યાંત્રિક સભ્યતાના ભયસ્થાનોથી બચી શકાય છે.

---

શિષ્યવૃંદ ગુરુદેવને સ્વર્ગ-નરકનું વર્ણન પૂછતું રહ્યું. ગુરુદેવે જણાવ્યું, તે બંને આ જ ધરતી પર છે. કર્મો મુજબ આ જ જીવનમાં મળતાં રહે છે.

શિષ્યોને સમાધાન ન થયું ત્યારે તેમને સાથે લઈને ગુરુ કેટલાય કુટુંબોમાં ગયા અને તેમને કર્મ તથા તેનાં પ્રતિફળના દર્શન કરાવ્યાં.

નરકનું દર્શન કરાવવા તેઓ એક શિકારીના ઘેર ગયા જે જીવહત્યા કરીને પેટનું પાલન કરતો, પરંતુ તે સંપૂર્ણ નિર્ધન હતો. બધા બાળકો કુકર્મી, ઝઘડાખોર અને દુર્ગુણી હતા. ઘરમાં પ્રત્યક્ષ નરક હતું.

બીજું ઘર વેશ્યાનું હતું. યુવાનીમાં તે ખૂબ કમાઈ પણ અને સાથે કેટલાયનું પતન કર્યું, પરંતુ આ વૃદ્ધાવસ્થામાં તે અનેક રોગોનો શિકાર બની હતી. તેની નફરત થતી અને ભીખ માગીને પેટનું પાલન કરતી.

ત્રીજું ઘર એક સદ્ગૃહસ્થનું હતું. તે સંયમી મહેનતુ, ઉદાર અને સદ્ગુણી હતું. સમગ્ર કુટુંબ, સુખી અને સમૃદ્ધ હતું. ઘરમાં સ્નેહ અને સૌજન્યનું વાતાવરણ હતું.

ચોથો પ્રવેશ એક સંતની ઝૂંપડીમાં કર્યો. જોતાવેંત મસ્તી જણાઈ. શિક્ષણ અને માર્ગદર્શન મેળવવા માટે અનેક શ્રેયાર્થીઓ શ્રદ્ધાપૂર્વક તેમના ચરણોમાં બેઠાં હતાં.

ગુરુએ બે નરકના અને બે સ્વર્ગના રૂપ બતાવ્યાં અને શિષ્યોને કહ્યું, "કર્મફળ મુજબ આ બંને પરિસ્થિતિઓને કોઈ પણ જગ્યાએ પ્રત્યક્ષ જોઈ શકાય છે."

આ ધરતી પર ગૃહસ્થજીવન જ એક પ્રત્યક્ષ સ્વર્ગ છે. ઘરમાં સત્પ્રવૃત્તિઓના બીજ વાવીને મનગમતું વાતાવરણ પેદા કરી શકાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અશ્રદ્ધાની જન્મદાતા-દુર્બુદ્ધિ

દુર્બુદ્ધિની ભ્રામક ધારણાથી એક નુકસાન એ છે કે મનુષ્ય સ્વેચ્છાચારી અને અનાચારી બને છે અને પોતાના માર્ગ પર કાટા વાવતો રહે છે. અનિચ્છાએ પણ અંધકારમય, પરિસ્થિતિઓને પોતાની પાસે બોલવતાં રહેવામાં લાચાર બને છે. અભાવગ્રસ્તતા, વિષમતા અને સંકટો મોટાભાગે એટલા માટે જોવા મળે છે. જો વિચારો યોગ્ય હોય અને તેના પ્રકાશમાં સીધા માર્ગ પર ચાલી શકવું શક્ય બન્યું હોત તો અહીં બધા લોકો હળીમળીને રહેત, હસતી હસાવતી જિંદગી જીવત, એકબીજાને ઊંચે લઈ જવામાં અને આગળ વધારવામાં સહકાર આપત. ત્યારે સીમિત સાધનોમાં પણ લોકો સંતુષ્ટ રહેત અને અપેક્ષિત વાતાવરણ બનેલું રહેત. હર કોઈને અદૃશ્ય માર્ગના દૃશ્યમાન અરૂણોદયનો અનુભવ કરવાનો અવસર મળતો રહેત. પરંતુ તે દુર્બુદ્ધિને શું કહીએ જેણે મનુષ્યને મર્યાદાઓ, પ્રતિબંધો અને ત્યાજ્યને તોડવા માટે ઉદ્ધત સ્વભાવવાળો જંગલી મનુષ્ય બનાવી દીધો છે.

આશ્ચર્ય એ વાતનું છે કે મનુષ્યને વાનર બનાવનારી બે ભૂલો એક સાથે થઈ છે અને તેણે એક જ ચક્કરમાં સમગ્ર ઈજા કર્યા પછી આગળ વધવાની પરંપરા બનાવી છે. બીજી ભૂલ થઈ છે પોતાનું સ્વરૂપ, કર્તવ્ય અને ઉદ્દેશને ભૂલવાની તથા પોતાની ખૂબ નજીક રહેનારા ઉદાર સ્વભાવવાળા પરમ સજ્જન ભગવાનની સાથે પરિચય કરવા સુધીની ઈચ્છા ન કરવાની અવગણના. પોતાના કરતાં મોટાની સાથે સંબંધ રાખવાનું મહત્ત્વ નાના બાળકો પણ સમજે છે. જેમની પાસે રમકડાં, ચૉકલેટ અને સારી ભેટોનો સામાન હોય છે અને જેઓ પ્રેમપૂર્વક બોલાવે છે અને લાડપૂર્વક ખોળામાં બેસાડે છે તેમની પાસે તેઓ દોડી જાય છે. જો આટલી સમજ નાના બાળકોમાં જોવા મળે છે તો આશ્ચર્ય થાય છે કે મનુષ્ય ભગવાનનો ઘનિષ્ઠ સંબંધ બાંધવા અને તેને પોતાના ગાઢ સંબંધી બનાવવામાં આટલી બધી ઉપેક્ષા કેમ બતાવે છે ?

ઊંડા તળિયાના મોટાં તળાવમાં વધુ પાણી હોય છે. બાજુમાં જ કોઈ પાણીવાળો ખાડો હોય તો બંનેની સરખામણીમાં અસાધારણ તફાવત હશે. આમ છતાંય જો બંનેની વચ્ચે નહેર બનાવી દેવામાં આવે તો ખાડો જલદીથી ભરાવા લાગશે અને તે ક્રમ ત્યાં સુધી ચાલુ રહેશે કે જ્યાં સુધી બંને જળાશયોની પાણીની સપાટી એકસરખી ન થાય. નીચેના ખાડાનું પાણી નિશ્ચિત રૂપે ઊંચે જશે, પછી ભલે ઊંચા જળાશયને કેમ ખોટ ન જાય.

ઈશ્વરનું સાન્નિધ્ય મેળવવા માટે કરેલો પ્રયત્ન અંધવિશ્વાસ નથી. જો તે માટે મનષ્ય સારો રસ્તો અપનાવે તો મૃગતૃષ્ણામાં ભટકનારા હરણની માફક પણ ભટકાવની દોડધામમાં ફસાઈ જશે. ત્યારે તો ઉદાસી, તકલીફ અને નિષ્ફળતા જ પ્રાપ્ત થશે. જો ધીરે ધીરે સતત ચાલનારી કીડી પણ પર્વતના શિખર ઉપર પહોંચે છે તો પછી કોઈ કારણ નથી કે ઈશ્વરના સાન્નિધ્યનો સાચો માર્ગ માલૂમ થવાથી તે ઉદ્દેશમાં આશ્ચર્યજનક સફળતા ન મળી શકે.

એ કહેવાની જરૂર નથી કે સશક્તોની નજદીકતા અને સાન્નિધ્ય મનુષ્યના માટે હંમેશાં લાભદાયક જ હોય છે. સુગંધ સળગાવવાથી દુકાનમાં સજાવેલી બધી જ વસ્તુઓ મહેકવાં લાગે છે. ચંદનના વૃક્ષની નજીક ઊગેલા ઝાડઝાંખરા પણ મોટે ભાગે તેના જેવા જ સુગંધીદાર બની જાય છે. પારસનો સ્પર્શ થતાં લોખંડનું સોનામાં બદલાઈ જવાની વાત પ્રચલિત છે. કલ્પવૃક્ષની નીચે બેસનારની મનોકામનાઓ પૂરી થતી હોય છે. અમૃતના થોડાંક ટીપાં મોંમા જતાંવેંત મડદા પણ જીવતાં થઈ જાય છે. ભમરો પોતાના ગુંજારવથી નાના કીડાને પોતાના જેવું સ્વરૂપ આપી દે છે. હરિયાળીની નજદીક રહેનારા તીડ અને સાપ પણ લીલા રંગના થઈ જાય છે. છીપમાં સ્વાતિનું ટીપું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પડવાથી મોતી બનવાની અને વાંસના ઢગલામાં વાંસકપૂર પેદા થવાની માન્યતા પ્રચલિત છે. આમાંની કેટલી વાતો સાચી અને કેટલી વાતો ખોટી છે, એનું વિવેચન કરવાની અહીં જરૂરિયાત નથી. પરંતુ એટલું તો નિશ્ચિત છે કે સજ્જનોના અને મહામાનવોના સાન્નિધ્યમાં રહેનારા મોટાં ભાગનાં લોકો પ્રતાપીના જેવી વિશેષતાઓ પોતાનામાં અપનાવી લે છે. રાજ દરબારી શિષ્ટાચારનું પાલન સારી રીતે કરી શકે છે. એટલા માટે હર કોઈ મોટાઓનું સાન્નિધ્ય ઈચ્છે છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે સર્વશકિતંમાન સાથીની સાથે જોડાવાનો આપણો પ્રયત્ન એટલો નથી રહેતો જેટલી સ્વજન કુટુંબીઓની સાથે આત્મીયતા દર્શાવીએ છીએ. જો આમ બનવું શક્ય હોત તો આપણે જડ જેવા ન રહેત અને આજકાલ ગમે તેવું ખાઈપીને આ સ્થિતિમાં પડ્યા ન રહેત.

આ સંદર્ભમાં સામાન્ય લોકોમાં એક બીજી મોટી મૂર્ખતા ઘર કરી ગઈ છે કે ઈશ્વરમાં સિદ્ધાંતવિહીન કોઈ એવા ભૂતપ્રેતની કલ્પના સમાવી લેવાથી તે હંમેશાં ભેટ સ્વીકારે છે અને કાકલુદી કરનારા ભક્તજનોની પાછળ પડ્યા રહે છે. વધુમાં પૂજાપાઠની નાનીમોટી ક્રિયા કરવાથી તે ફૂલાઈ જાય છે અને મનમાની ભેટ અને આશીર્વાદ આપતા રહીને મનોકામનાઓ પૂરી કરે છે. પછી ભલે ને તેઓ ગમે તેટલા ગેરલાયક કેમ ન હોય ?

આ ઉપરાંત આ પરમેશ્વરમાં એક બીજી પણ ખરાબ ટેવ છે કે પૂજાપાઠમાં કોઈ નાનીમોટી ભૂલ થઈ જાય તો પણ તે ગુસ્સે થઈ જાય છે અને કાલ સુધી જેને ભક્ત માનતા હતા આજે તેનો જીવ લેવા માટે પણ તૈયાર થઈ જાય છે. ખુશ થવા માટે મોટી ભેટસોગાદ માગે છે. પોતાનો ભક્ત કોઈ બીજા દેવતાની પૂજા કરવા લાગે છે તો તેની ભારે ખબર લે છે. આ જ છે આજના સશક્ત પરમેશ્વર જેને જ્ઞાતિઓ, વર્ગો, ટોળીઓ અને મતમતાંતરોવાળા લોકોએ પોતપોતાની રીતે શોધે છે અને પોતપોતાની માન્યતાને અનુરૂપ નામ કે રૂપ આપી દે છે. આ કાળ ભૈરવથી કોઈનું શું ભલું થાય છે એ તો તેની પૂજા કરનારા જ જાણે છે. પરંતુ એક વાત નિશ્ચિત છે કે આ સ્વયંભૂ દેવીદેવતાઓના સ્વયંભૂ એજન્ટોની પાંચે આંગળીઓ ઘીમાં ડૂબેલી રહે છે. તેઓ ગરીબી દૂર કરવાને બહાને અથવા મનોકામનાઓ પૂરી કરાવવાના બહાને દરેક સ્થિતિમાં પોતાના એજન્ટોનો ધંધો વધારતા રહે છે.

વિચારવા યોગ્ય હકીકત એ છે કે સિદ્ધાંત વિનાની ભેટો સ્વીકારનાર ખુશામતનો લાલચુ અને કોઈ પણ ખુશામતખોરની સાચી ખોટી-મનોકામનાઓ પૂરી કરનારા કોઈ પરમેશ્વર પણ શું હોઈ શકે છે ? આ સંદર્ભમાં કોઈપણ દૃષ્ટિકોણથી વિચાર કરવાથી ઉત્તર નકારમાં જ મળશે. કારણ કે જો આ પરંપરા શરૂ થઈ જાય તો વધીઘટી વિવેકશીલતા અને ન્યાયનિષ્ઠાના ભૂક્કા ઉડી જશે.

જેઓ આશા પૂરી કરવા અંગે કબાડી પરમેશ્વરની બાધા રાખે છે અને તેમની અમર્યાદિત ચમચાગીરી કરતા હોય છે તેવા લોકોની મનોકામનાઓ પૂરી ન થવાથી તેમને અનેક ગાળો આપતા હોય છે. આવી ભ્રામક માન્યતાઓની જંજાળને જ જો પરમેશ્વર માની લઈએ તો પછી એની સાથે બીજી એક વાત જાણી લેવી જોઈએ કે એની પાછળ કોઈ વાસ્તવિકતા ન હોવાથી કોઈ લાભ પણ થનાર નથી. આંધળાના હાથમાં કોઈ બટવો આપી જાય તો વાત બીજી છે. પરંતુ તેનાથી ભ્રમ પર આધારિત માન્યતાને સમર્થન મળતું નથી.

ઉપર્યુક્ત માહિતી ઉપરાંત કહેવાતી પૂજાપાઠ કરનારાઓની માન્યતાઓ ડામાડોળ થઈ શકે છે. જે થોડીઘણી ઉપરછલ્લી પૂજાપાઠ કરે છે તેમાં પણ ઉણપ આવી શકે છે. ભકિતવાદના નામે જે મિથ્યા ભ્રમજંજાળ ફેલાવતા રહે છે તેમને તો પોતાના ધંધામાં ખોટ જણાય છે. ગુસ્સે થવામાં એવી સ્થિતિ પણ આવી શકે છે કે સામેવાળો પક્ષ કોઈ પણ રીતનો આક્રોશ કરી બેસે. પરંતુ સાચા અધ્યાત્મની સ્થાપના કરવા માટે આ બધું સહન કરવું પડે તો પણ તૈયાર રહેવું જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વેદવ્યાસની અંતર્વેદના

"આપના મુખ પર ઉદાસીના ચિહ્નો ?" આવનારે સરસ્વતી નદીના કિનારા પર આશ્રમની પાસે બેઠેલા મનીષીના મુખમંડળ પર છવાયેલા ભાવોને વાચીને કહ્યું. વીતેલા કેટલાય દિવસોથી તેઓ આમ વ્યથામાં હતા. નદીના કિનારા પર બેસીને કલાકો સુધી વિચારમાં ડૂબેલા રહેવું અને એકીટસે એક તરફ જોઈ રહેવું તેમની સામાન્ય દિનચર્યા બની ગઈ હતી. આજે પણ કંઈ એવી સ્થિતિમાં બેઠા હતા.

આવનારના નિવેદન પર વિચાર શ્રૃંખલા તૂટી. "અરે દેવર્ષિ ! આપ !" મુખ પર આશ્ચર્ય અને પ્રસન્નતા મિશ્રિત અભિવ્યકિતની ઝલક હતી.

"પરંતુ આપ કેમ વ્યથિત છો ?" તેમણે નજીક રહેલા આસન પર બેસતાં કહ્યું, "કષ્ટનું નિવારણ કરનારને કષ્ટ, વૈદ્યને રોગ ? કેવી વિચિત્ર સ્થિતિ છે ?"

"વિચિત્રતા નહીં વિવશતા કહો, એને તે અન્તર્વ્યથાના રૂપમાં સમજો. જે કષ્ટ નિવારણ કરનારાને સામે પડેલા દુઃખીને જોઈને, તેનું કષ્ટ દૂર કરવામા અસફળ થવાથી થાય છે. વૈદ્યને સામે પડેલા રોગીને સ્વસ્થ કરવામાં નિષ્ફળતા મળે છે ત્યારે થતાં કષ્ટ જેવી તે પીડા છે."

થોડુંક અટકીને તેમણે ઊંડો શ્વાસ લીધો અને ફરીથી બોલવાનું શરૂ કર્યું, "વ્યકિત અને સમાજના રૂપમાં મનુષ્ય સંનિપાતના રોગથી જકડાયેલ છે. તે ક્યારેક હસે છે, કૂદે છે, ઉમંગમાં આવે છે તો ક્યારેક અહંકારના નશામાં અક્કડ થઈને ચાલે છે. પરસ્પરનો વિશ્વાસ ખોવાઈ જવાથી આચારવિચારનું સ્તર કેવી રીતે જળવાય ? જે થોડુંઘણું જોવા મળે છે, તે માત્ર અવશેષોનો દેખાવ છે.

"અને પરિવાર...." આટલુ કહીને તેમના મુખ પર એક હળવું હાસ્ય પ્રગટયુ, નજર ઊઠાવીને સામે બેઠેલા દેવર્ષિની તરફ જોયું, "એમની તો એથી ય વધુ કરુણ દશા છે. એમનામાં મોહ રહી ગયો છે, પ્રેમ મરી ગયો છે. મોહ પણ સ્વાર્થ સાધવા પૂરતો છે. લગ્ન થતા જ સંતાનો માબાપને ત્યજી દે છે. સમગ્ર પદ્ધતિ જ ઊલટી છે, ઊભેલાને પાડવો, પડેલાને કચડવો, કચડેલાને મસળવો, બસ, આ જ રહી ગયું છે. આજે મનુષ્ય અને પશુમાં તફાવત આચારવિચારની દૃષ્ટિથી નથી, બલ્કે આકારપ્રકારની દૃષ્ટિથી છે." આમ કહેતાં કહેતાં ઋષિનું મુખ લાચાર થઈ ગયું. ભાવોને બળપૂર્વક રોકતાં ધીરેથી કહ્યું, "દેવતા બનવા જઈ રહેલો મનુષ્ય પશુ કરતાંય નિમ્ન કોટિનો બની રહ્યો છે."

"મહર્ષિ વ્યાસ, આપ તો મહર્ષિઓના મુગટમણિ છો" આમ કંઈ વિચારતા દેવર્ષિએ કહ્યું, "તમે તમારો પ્રયત્ન કર્યો નહિ."

"પ્રયત્ન !.... પ્રયત્ન કર્યા સિવાય ભલા કેવી રીતે જીવિત રહેવાય. જે ભટકેલી માનવતાને રસ્તો બતાવવા માટે પ્રયત્નરત નથી, હાથ પર હાથ ધરીને બેઠો છે, સ્વયંની બૌદ્ધિકતાના અહંકારમાં ફસાયેલ છે, તેને મનીષી કહેવડાવવાનો અને જીવિત રહેવાનો પણ હક નથી."

"કેવી રીતનો પ્રયત્ન કરીએ ?"

"માનવીય બુદ્ધિના શુદ્ધિકરણ માટેનો પ્રયત્ન. એના માટે વૈદિક મંત્રોનું પુનઃ વર્ગીકરણ કર્યું, કર્મકાંડોનું સ્વરૂપ નવનિર્મિત કર્યું, જેથી મંત્રોમાં સમાયેલા દિવ્ય ભાવોને ગ્રહણ કરવામાં સુવિધા રહે, પરંતુ....

"પરંતુ શું ?"

"પ્રાણોને છોડીને લોકો ફકત કર્મકાંડોના


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કલેવરમાં ચોંટી ગયા. વેદ અધ્યયનના બદલે પૂજાની વસ્તુ બની ગઈ. વાત આટલે સુધી સીમિત રહેત ત્યાં સુધી તો વાત ઠીક હતી. એની આડીઅવળી વ્યાખ્યાઓ કરીને જાતિભેદની દિવાલો ઊભી કરવા લાગ્યા.

"પછી.... ?"

"પુરાણોની રચના કરી, જેનો ઉદ્દેશ હતો વેદોમાં સમાયેલ સત્ય સદ્‌વિચારને કથાઓના માધ્યમથી જનજનના ગળે ઉતારી શકાય. જેનાથી બૌદ્ધિકતાનું ગાંડપણ શાંત થાય. પરંતુ...."

"પરંતુ અર્થાત્ ?"

"આ પ્રયત્ન પણ અંશતઃ સફળ રહ્યો. સાથીદારોએ સ્મૃતિઓની રચના કરી, પરંતુ આ બધું બુદ્ધિશાળીઓના જીવનની કમાંણીનું સાધન બની ગઈ. જનજનના માનસનું પરિવર્તન કરવાનું અભિમાન પૂરું થયું નહીં, બુદ્ધિ સુધરી નહીં, અહંકાર ગયો નહીં, પરિણામ મહાભારતના યુદ્ધના ગાંડપણ રૂપે સામે આવ્યું. વિજ્ઞાન ધનનું ગુલામ અને ધન દુર્બુદ્ધિના હાથની કઠપૂતળી બન્યું અને બધા સાધનો એની આસપાસ ફરવા લાગ્યા. પોતાને જ્ઞાની કહેનારા વિદ્વાનો, બુદ્ધિમાનો, બળવીરો, બધા દુર્બુદ્ધિના ગુલામ સાબિત થયા. દેશ અને સમાજનો વૈભવ એક વખત ફરીથી ચૂરેચૂરા થઈ ગયો. પરંતુ હું એકલો જ ચાલતો રહ્યો, પ્રયત્નોમાં શિથિલતા આવવા દીધી નહીં." મહર્ષિના સ્વરમાં ઉત્સાહ હતો અને દેવર્ષિના ચહેરા પર ઉત્સુકતા પ્રગટ થઈ રહી હતી.

થોડું અટકીને બોલ્યા, "મહાભારતની રચના કરી, માનવીય કુકૃત્યોની વિચિત્રતાનું વર્ણન કર્યું. સત્કર્મોનો માર્ગ બતાવ્યો, તે બધું કંઈ શોધીને શણગાર્યું, જેનો આશરો લઈને માનવી સુધરી શકે. બુદ્ધિથી કંઈ શીખી શકે.

"તો શું પ્રયત્નથી મહર્ષિ વિમુખ થઈ ગયા ?" દેવર્ષિનું કથન હતું. "ના, વિમુખ કેમ થાય ? કર્તવ્યનિષ્ઠાનું જ બીજું નામ માનવતા છે. એક મનીષીનું જે કર્તવ્ય છે, તે અંતિમ શ્વાસ સુધી સતત કરતો રહીશ."

"ખરેખર આ જ છે નિષ્ઠા ?"

"હા તો 'મહાભારત' નો યોગ્ય પ્રભાવ ન જોઈને એ વિચાર આવ્યો કે કદાચ આટલા વિશાળ ગ્રંથને સમયના અભાવને કારણે વાંચી શક્યા ન હોય. આ કારણે બ્રહ્મસૂત્રની રચના કરી. સરળ સૂત્રોથી જીવન જીવવાના જરૂરી તત્ત્વોને બતાવ્યા. એકતા-સમતાનું મહત્ત્વ બતાવ્યું. એક જ પરમ સત્તા દરેકમાં સમાયેલી છે, ભાઈચારાની દિવ્યતા તમારામાં છે એમ કરીને સ્વયંને દિવ્ય બનાવવાની અને પોતાનો ઉદ્ધાર કરવાની પ્રેરણા આપી. પરંતુ હાય રે માનવ બુદ્ધિ ! તું અનુકરણ કરવાનું તો શીખ્યો નહીં. પંડિતાઈના અભિમાનીઓએ આના પર બુદ્ધિની કળાકારીગરી કરીને જાતજાતના ભાષ્ય લખવાનું શરૂ કર્યું, શાસ્ત્રાર્થની રમત રમવાનું શરૂ કર્યું. જીવન જીવવાના સૂત્રોનો આ ગ્રંથ અખાડો બની ગયો."

"હવે ફરીથી સમાધાનની શોધમાં છું. અંતર્વ્યથાનું કારણ એ નથી કે મારા પ્રયત્નો નિષ્ફળ ગયા. છતાંય માનવીની દુર્બુદ્ધિ અને દુર્દશાજન્ય દુર્ગતિ જોઈ શકાતી નથી. અંદર અસહ્ય બેચેની છે, પરંતુ શું કરું ? રસ્તો સૂઝયો નહીં." કહીને તેઓ આશાભરી નજરોથી દેવર્ષિની તરફ જોવા લાગ્યા.

"સમાધાન છે."

"શું ?" અવાજ આનંદભર્યો હતો. જેમ કે સૃષ્ટિનો વૈભવ એક સાથે જોડાઈ ગયો હોય

"ભાવ સંવેદનાઓનું જાગરણ", એને બીજા શબ્દોમાં સૂતેલા આત્માનું જાગરણ પણ કહી શકીએ છીએ"

"કંઈ વધુ સ્પષ્ટ કરો ?"

"આપે માનવ જીવનની વિકૃતિને ઓળખી હવે પ્રકૃતિને ઊંડાણથી ઓળખો, નિદાન મળી જશે"

"પ્રકૃતિ શું છે ?"

"મનુષ્યના બધાં જ કાર્યો અહંજન્ય છે અને બુદ્ધિ, મન, ઈન્દ્રિયો બધું બિચારું એનું જ ગુલામ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે." માનવી સત્તાનું કેન્દ્ર આત્મા છે, આ પરમાત્મ સત્તા અર્થાત્ સરસતા, સક્રિયતા અને શ્રેષ્ઠ ભાવોના સમુચ્ચયનો અંશ છે. આત્માનું જાગરણ અર્થાત્ શ્રેષ્ઠ ભાવો અને દિવ્ય સંવેદનાઓનું જાગરણ. માત્ર જાગરણ નહીં બલ્કે સક્રિયતા, શ્રેષ્ઠ કાર્યોના માટે, દિવ્ય જીવનના માટે."

"પરંતુ ભાવો તો ખૂબ જ કોમળ હોય છે." મહર્ષિના અવાજમાં ખચકાટ હતો.

"ના, આ એકસાથે કોમળ અને કઠોર બંને છે. સત્પ્રવૃત્તિઓના માટે પુષ્પ જેવા કોમળ, તેમાં સુગંધ ભરનારા અને દુષ્પ્રવૃત્તિઓના માટે વજ્રની માફક એક જ ઘામાં તેમને વિખેરી દેનારા." ભાવો જાગતાં જ તેનો પહેલો હુમલો અહંકાર પર થાય છે. તે તૂટતા અને વિખેરાતા જ મન અને બુદ્ધિ આત્માને અનુસરે છે. ત્યારે મન શ્રેષ્ઠ કલ્પનાઓ કરે છે, બુદ્ધિ લાભકારક સમાધાન વિચારે છે. ભાવ સંવેદનાઓનું જાગરણ વ્યક્તિ વિશેષનું જ નહીં સમગ્ર માનવ સમુદાયનું એક માત્ર સમાધાન છે. મન અને બુદ્ધિ બંનેને કુમાર્ગ પર ભટકતા અટકાવીને, સન્માર્ગ પર જોડી દેવાની ક્ષમતા ભાવ સંવેદનાઓમાં જ છે.

"પરંતુ માનવીની બુદ્ધિ ઘણી વિચિત્ર છે. ક્યાંય ભાવોના બદલે દુર્બુદ્ધિને ન ભડકાવે."

"મહર્ષિ, આપની શંકા નિરાધાર નથી પરંતુ એના કારણે ભયભીત થઈને પાછા હટવું જરૂરી નથી. જરૂરી છે સાવધાની અને સજાગતા. ભાવો કર્મો પ્રત્યે જોડાયેલા હશે તો લોક કલ્યાણના લક્ષ્યોના માટે જ ભાવ સંવેદનાઓનું આવાહન કરવામાં આવશે, ભાવોના અમૃતને સદ્‌વિચારોના પાત્રોમાં જોડી દેવાશે, વિવેકની ચાળણથી ગાળી લેવાશે, તો પરિણામ સુખદાયક જ હશે. કલમથી પ્રાણ ફૂંકો, જનમાનસના હૃદયને એ રીતે સ્પર્શ કરો કે પ્રત્યેકની સંવેદના અને સદાશયતા જાગી ઊઠે. આત્મચેતના વ્યાકુળ થઈને કહે,

**"નત્વહં કામયે રાજ્યમ્ ન સૌખ્યં નાપુનર્ભવમ્, કામેય દુઃખ તપ્તાનાં પ્રાણિનાં આર્ત નાશનમ્"**

લોકસમુદાયનો આત્મા હજુ મર્યો નથી, મૂર્છિત થયેલ છે. આ મૂર્છિત લક્ષ્મણને સચેતન, સત્કર્મમાં તત્પર અને રામકાજમાં સંલગ્ન કરવા માટે સંજીવની જોઈએ. આ સંજીવની છે ભાવ સંવેદના. શું આપ આપી શકશો ? જો આપી શકો તો વિશ્વાસ કરો, સ્થિતિ ગમે તેટલી જટિલ કેમ ન હોય ? અંધારુ ગમે તેટલું ગાઢ કેમ ન હોય ? આત્માના દિવ્ય ભાવોનો તેજ પ્રકાશ એને નષ્ટપ્રાયઃ કરવામાં સમર્થ બની શકશે.

ભાવ ચેતનાનું જાગરણ થતાં જ મનુષ્ય એક વખત ફરીથી સાબિત કરી શકશે કે તે ઈશ્વર પુત્ર છે. દિવ્ય જીવન જીવવામાં સક્ષમ છે. તે ધરતીનો દેવતા છે અને ધરતીને સ્વર્ગ કરતાં ગૌરવવંતી બનાવી શકે છે. પરંતુ....?" કહીને દેવર્ષિએ મહર્ષિની તરફ જોયું.

"પરંતુ શું ?" વ્યાસના મુખ પર દૃઢતા હતી.

"વેદવ્યાસની સાથે તેમના શિષ્યવૃંદે જોડાઈ જવું પડશે. તેમને બનાવેલી સંજીવનીને જનજન સુધી પહોંચાડવી પડશે. આપે સર્જેલા ભાવના વાદળોને આપના શિષ્યો વાયુની જેમ ધારણ કરીને પ્રત્યેક દિશામાં અને ક્ષેત્રમાં પહોંચાડે. આપ દ્વારા ઉત્પન્ન આ સુગંધિને જનજનના હૃદયો સુધી પહોંચાડીએ, આ કાર્યને યુગધર્મ, યુગયજ્ઞ માનીને ચાલીએ ત્યારે સફળતા હાથ લાગશે."

"શિષ્યવૃંદ પોતાનું સર્વસ્વ હોમી દઈને પણ આ યુગ પરિવર્તનનો યજ્ઞ પૂરો કરશે." મહર્ષિના શબ્દોમાં વિશ્વાસ હતો.

"તો પછી માનવ જીવનને દિવ્ય બનવામાં આજની પરિસ્થિતિઓ કાલે પલટાઈ જવામાં વાર નથી." દેવર્ષિ પ્રસન્ન થયા.

"મળી ગયું સમાધાન" - વેદવ્યાસે ભાવ વિહ્વળ અવાજમાં દેવર્ષિને માથું નમાવ્યું. તેઓ ભાગવત રચનામાં અને શિષ્યો દ્વારા તેના સમાધાન માટે જોડાઈ ગયા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ચિંતન સ્વાધ્યાયને સાર્થક બનાવે છે

સ્વાધ્યાય, મનન અને ચિંતનની ત્રણ પદોની વિચાર પદ્ધતિમાં 'ચિંતન' છેલ્લું પદ છે. એક પગ અથવા બે પગવાળી ટિપાઈ ઊભી નથી રહેતી. ત્રણ પગવાળી સ્થિર ઊભેલી ટિપાઈ જ ઉપયોગમાં લાવી શકાય. એટલા માટે ફક્ત સ્વાધ્યાય અથવા મનન મહત્ત્વની ક્રિયાઓ હોવા છતાં પણ પરિણામ નથી મેળવી શકતા. ચિંતનની સાથે જોડાઈને જ તે પૂર્ણતા પ્રાપ્ત કરે છે અને સાર્થકતા સિદ્ધ કરે છે.

સ્વાધ્યાય દ્વારા પોતાના દોષ અને ગુણ જાણી લઈને સ્વીકારી પણ લઈએ. મનન દ્વારા આ ગુણ અને દોષને વિસ્તારથી શોધી પણ લેવામાં આવે. જ્યાંથી તે પોષણ મેળવે છે તે મનોવૃત્તિઓ અને સંસ્કારોને પણ જોઈ લઈએ. પરંતુ એટલું જાણી લેવાથી તથા શોધી લેવાને કારણે તો દોષ ઓછા થશે પરંતુ સમાપ્ત ન થાય. ન તો ઈચ્છિત પરિણામ મળશે, ન તો ગુણ વિકસિત થશે, કારણકે હજુ એક વિચાર બચ્યો છે-"જાણવા મળેલા આપણા દોષ, દુષિત મનોવૃત્તિ તેમજ ખરાબ સંસ્કારો હટાવવા માટે આપણે કયા વ્યાવહારિક ઉપાયો અપનાવીએ છીએ ? શોધવામાં આવેલા આપણા શ્રેષ્ઠ ગુણ, શ્રેષ્ઠ વૃત્તિ તેમજ શ્રેષ્ઠ સંસ્કારને વધારે વિકસિત કરવા માટે બીજું શું કરીએ છીએ ? દોષોને દૂર કરવાનો અને શ્રેષ્ઠતાઓને વધારવાનો વિચાર જ 'ચિંતન' છે.

યુદ્ધ જીતવા માટે ઘણા પ્રકારના મોરચા બાંધવામાં આવે છે તથા વ્યૂહ રચનાઓ કરવામાં આવે છે. આ વ્યૂહ રચનાઓનો ઉદ્દેશ જ એ હોય છે કે પ્રત્યેક પરિસ્થિતિમાં શત્રુ તેમાં પહોંચીને ઘેરાઈ જાય ત્યારે તેનો નાશ કરી દેવામાં આવે. પુરાણોમાં વર્ણન કરાયેલા દેવાસુર સંગ્રામના આખ્યાન એવી વ્યૂહ રચનાઓથી ભરપૂર છે. દુર્ગુણોનો નાશ કરીને શ્રેષ્ઠતા સ્થાપિત કરવી એ જ દેવતાઓનો અસુરોના વિરોધનો સંગ્રામ છે. આ સંગ્રામમાં 'ચિંતન' દુર્ગુણોને નષ્ટ કરવા માટે કરવામાં આવેલી વ્યૂહ રચના છે.

ચિંતન મુખ્ય રૂપે બે પ્રકારની વ્યૂહ રચના કરે છે. જે રીતે પ્રકાશથી અંધકાર દૂર કરવામાં આવે છે, પાણીથી અગ્નિને હોલવવામાં આવે છે, તેવી જ રીતે સત્કર્મથી દુષ્કર્મને, સદ્‌વિચારથી ખરાબ વિચારને અને સદ્‌ભાવથી દુર્ભાવને મિટાવી શકાય છે. આમ ચિંતન દુર્ગુણોનો નાશ અને દૂર કરવા માટેનું અને સદ્‌ગુણનો વિકાસ કરનાર યોગ્ય ક્રિયાઓના અભ્યાસનું નિર્માણ કરે છે. ઉદાહરણ રૂપે લઈએ તો લોભને શાંત કરવા માટે આપણી શુદ્ધ આવકનો એક ચોક્કસ હિસ્સો શ્રેષ્ઠ કાર્યો માટે નિયમિત રીતે વિનમ્ર રીતે અર્પણ કરવો. જે રીતે પવનની મદદ મેળવીને અગ્નિ વધારે સળગી ઊઠે છે. પાણીની મદદ મેળવીને પૃથ્વી વધારે ઉપજાઉ બની જાય છે. તેવી જ રીતે સત્કર્મ કે સદ્‌ભાવનો સંબંધ તેને વધારે પ્રભાવશાળી તેમજ ગુણવત્તા યુકત બનાવે છે. આમ ચિંતન શ્રેષ્ઠ ગુણને વધારવા માટે વ્યાવહારિક વિધિ શોધે છે. ઉદાહરણ માટે ફક્ત સેવા-ભાવથી કરવામાં આવી રહેલા કાર્યમાં સહાનુભૂતિ અથવા કરુણા ભાવ સમાન રૂપે સામેલ કરવા.

પરંતુ સૌથી મોટી વ્યૂહ રચના તો શ્રદ્ધા, વિશ્વાસ અને એકાગ્રતા કરે છે. આ ત્રણ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તત્ત્વો માણસમાં હોય તો તે પોતાના જીવનના ભૌતિક, માનસિક અને ભાવાત્મક સ્તરોને ઉપર ઊઠાવવા માટે સતત પ્રયત્ન કરતો રહે છે. આ ત્રણ ભાવ આધ્યાત્મિક જીવનના જાણે કે પ્રાણ જ છે. આ ન હોય તો પોતાના વર્તમાન જીવનમાં દૃષ્ટિપાત કરવાના અને તેને સુધારવાના ચક્કરમાં કોઈ કેમ પડે. શ્રદ્ધા, વિશ્વાસ તેમજ એકાગ્રતાથી છલકતી આધ્યાત્મિક વૃત્તિ જ વ્યક્તિને ઉત્તમ જીવન જીવવા ઉત્તમ ગુણો વિકસાવવા માટે ઉકસાવે છે, ચેતનાને હચમચાવે છે, આશાને જગાવે છે. "આ ખરાબ સ્થિતિમાં પણ મારા વ્યક્તિત્વમાં સુધારો શક્ય છે, (શ્રદ્ધા). આ સુધારો મારા જીવનમાં આવશે, જરૂર આવશે, (વિશ્વાસ). મારે પ્રયત્ન કરતા રહેવાનું છે, અસફળ થઈશ તો પણ વારંવાર પ્રયત્ન કરીશ, (એકાગ્રતા)" આવા પ્રાણવાન માણસની પ્રગતિને ભલા ક્યો દુર્ગુણ રોકી શકે ? આ ત્રણ સર્વોચ્ચ ભાવોથી યુક્ત થઈને પ્રાણવાન ચિંતનની પણ શરૂઆત થાય છે.

બે પહેલવાનો વચ્ચે યુદ્ધ થાય તો કોઈ એક તો હારશે જ. પરંતુ હારવાવાળા પહેલવાનને નિરાશ થતો ક્યારેય જોયો નથી. હારનાર તરત જ ત્રણ વાતોની શોધ કરે છે. પહેલું તે ઝીણવટથી શોધે છે કે તેણે કઈ-કઈ ભૂલો કરી (સ્વાધ્યાય), બીજું તેણે આ ભૂલો અને ઊણપોને દૂર કરવા માટે ક્યારે શું કરવું જોઈએ. શરીરમાં તાકાત ઓછી હોય તો કયા વ્યાયામથી તે તાકાત વધારવામાં આવે ? કૌશલ્યમાં પણ ઊણપ હોય તો કયા દાવપેચ શીખવામાં આવે અને શું કરવામાં આવે અને શું કરીએ તો ભવિષ્યમાં કયારેય પણ યુદ્ધનો અવસર આવે તો વિજય પ્રાપ્ત થાય (ચિંતન). શક્ય છે કે આટલી તૈયારીઓ પછી પણ પછીનું યુદ્ધ હારી જાય, પરંતુ હાર તેનું મનોબળ તોડી નહીં શકે. કારણકે તેણે જીતવાનો સંકલ્પ મનમાં ઠસાવી દીધો છે. પછીના અને પછીના યુદ્ધ માટે તે એકાગ્રતાથી પોતાની તાકાત અને કૌશલ્ય વધારતો રહેશે. પછીનો મુકાબલો તો મારે જ જીતવાનો છે. આ આશાભર્યા વિશ્વાસને તે ઉત્સાહપૂર્વક જોડી રાખે છે. આ જ ઉત્તમ ચિંતનની પદ્ધતિ છે. ઉત્તમ ચિંતન ક્યારેય નકારાત્મક નથી હોતું. તે ક્યારેય નિરાશ નથી કરતું. કારણકે તે કર્મ અને ભવિષ્યમાં વિશ્વાસ રાખે છે.

આપણી કમજોર માનસિક સ્થિતિને કારણે તથા ડગમગતી બાહ્ય જીવનની આકર્ષક પરંતુ નુકસાનકારક પરિસ્થિતિને કારણે આપણા દોષ ફરીથી તાજા બને છે અને વારંવાર આપણી શ્રેષ્ઠતાઓ પર આક્રમણ કરીને તેનું સ્તર ઘટાડે છે. આપણા ખરાબ સંસ્કાર એટલા પ્રબળ બની જાય છે કે મોકો મળતાં જ તે આપણા શરીર પાસે જ પરાણે ખરાબ કર્મ કરાવી લે છે અને વિરોધ કરવાની ઈચ્છા હોવા છતાં આપણે કશું જ કરી શકતા નથી. તે ક્યારેક તૃષ્ણાના મોરચા ઉપરથી, ક્યારેક વાસનાના મોરચા ઉપરથી આક્રમણ કરે છે તથા આપણા ચરિત્ર તેમજ વ્યકિતત્વને ધૂળમાં ભેળવી દેવાનો પ્રયત્ન કરે છે. આ ભયંકર સંગ્રામમાં એક કુશળ સેનાપતિની માફક 'ચિંતન' આ બધા મોરચા ઉપરથી આક્રમણોને નિષ્ફળ બનાવવાની પ્રભાવશાળી કાર્યયોજના બનાવે છે. સાથોસાથ ઉત્તમ સંસ્કારના, સત્કર્મોના, સંયમ અને સંકલ્પ વગેરેના પોતાના એવા મોરચા પણ ઊભા કરે છે જ્યાંથી આ દોષ અને ખરાબ મનોવૃત્તિઓ ઉપર વળતો પ્રહાર કરીને તેને ઉખેડી શકાય. આમ જ્યાં સુધી દેવાસુર સંગ્રામ થતો રહેશે, જ્યા સુધી ઉત્તમતા અને નિમ્નતા વચ્ચે યુદ્ધ ચાલતું રહેશે ત્યાં સુધી વિજય માટે 'ચિંતન'


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જેવા કુશળ દેવસેનાપતિની જરૂરિયાત અવશ્ય ઊભી રહેશે.

ચિંતન તર્ક વગરની અને કાલ્પનિક કાર્ય યોજના નથી બનાવતું, ન તો એવી કઠીન યોજનાઓ બનાવે છે જેને અમલમાં મૂકવા માટે ઊંચી ઈચ્છાશકિતવાળો પણ મુશ્કેલીનો અનુભવ કરે તે તો સ્વાધ્યાય તેમજ મનનના નિષ્કર્ષોને અનુરૂપ સરળ, સાધ્ય અભ્યાસોની રચના કરે છે, એટલું જ નહીં તે કાર્યયોજનાનો વિસ્તાર પણ એટલો જ કરે છે જેટલું પોતાની વર્તમાન ક્ષમતા તેમજ ઈચ્છાશકિત દ્વારા પૂર્ણ થવાની શક્યતા હોય. આના કારણે ચિંતન દ્વારા નિર્માણ પામેલ કાર્યયોજના હંમેશાં વ્યાવહારિક તેમજ ઉપયોગી હોય છે. કુલ મિલાવીને ચિંતન પ્રક્રિયાનો ઉદ્દેશ ખૂબ સીધો અને સ્પષ્ટ છે. "આજે આપણી જેવી પણ માનસિક સ્થિતિ તેમજ પરિસ્થિતિ છે, જેવી પણ ક્ષમતા તેમજ ઈચ્છાશકિત છે, આપણે તો તેટલાથી જ આપણા દોષોને હટાવીને ગુણોનો વિકાસ કરવાનો પ્રયત્ન કરવાનો છે. આમ આપણે નિશ્ચય કરીએ કે આપણે આપણા ઉદ્દેશને પૂર્ણ કરવા માટે કયા કયા ઉપાયો અને અભ્યાસોનો સતત ઉપયોગ કરી શકીશું જેનાથી વર્તમાનસ્થિતિ કરતાં ઘણી સારી માનસિક તેમજ આત્મિક પ્રગતિ તરફ વધી શકીએ."

આપણી કાર્યયોજના બનાવવા માટે 'ચિંતન' જે ઉપાયોને અને સાધનોને કામમાં લે છે તેમાંથી મોટા ભાગના વૈચારિક સ્તરના હોય છે, કેટલાક સ્થૂળ સાધન પણ હોય છે. ઉદાહરણ માટે મનને ડામાડોળ કરનારી ઘણા પ્રકારની પરિસ્થિતિઓ હોય છે. દરેક પરિસ્થિતિનો સામનો કરવા માટે અથવા તેનું નિરાકરણ કરવા માટે તેને અનુરૂપ તથા પ્રભાવશાળી પ્રેરક વચન, શ્લોક, ચોપાઈને કંઠસ્થ કરવી તથા સમય આવ્યે તેને દોહરાવવું તે એક પ્રકારનું સાધન જ છે. સેવા કાર્ય કરતી વખતે સંવેદના અને કરુણા જેવા સહાયક ભાવોને સાથે રાખવા તે બીજા પ્રકારનું સાધન છે. દરરોજ પૈસાનું દાન અને જ્ઞાનના દાનના અભ્યાસ દ્વારા ક્રમશઃ ત્યાગ તેમજ સેવાના ભાવને વિકસિત કરવો, જેના દ્વારા લોભ તેમજ સ્વાર્થના ભાવોને મૂળ સાથે ઉખેડી નાંખે તે ત્રીજા પ્રકારનું સાધન છે. પ્રીતિભાવ આ બધા કરતાં સૌથી વધારે પ્રભાવી સાધન છે. ઈષ્ટદેવ, ગુરુદેવ અથવા કોઈ અત્યંત પ્રિય વ્યકિત તરફ પ્રીતિભાવ-પ્રેમભાવનું સ્ફૂરણ અથવા પ્રેમભાવથી તેનું સ્મરણ અનેક દોષ-દુર્ગુણને શાંત કરવા માટે તથા અનેક ઉત્તમ ગુણો વધારવા માટે તે શક્તિશાળી પ્રોત્સાહન પૂરું પાડે છે. આ પ્રેમ અર્થાત્ શ્રેષ્ઠ જીવન તરફની શ્રદ્ધા ચોથા પ્રકારનું સાધન છે. જનોઈનું દર્શન, સ્પર્શ તથા તેના તરફ કરવામાં આવેલ પ્રતિજ્ઞાઓનું સ્મરણ, શ્રદ્ધેય ધર્મગ્રંથો અથવા ગંગાજળનું દર્શન, સ્પર્શ તથા નમન સ્થૂળ સાધનોનાં પ્રકાર છે. ચિંતનની કાર્યયોજના બનાવતી વખતે તેનો તથા અનેક સાધનોનો ઉપયોગ યોગ્યતાના આધારે કરી શકાય છે.

ચિંતન મનોમય કોશની ઉચ્ચસ્તરીય સાધના છે. શ્રેષ્ઠ જીવન જીવવાની આકાંક્ષા, આપણો થોડો અથવા વધારે આપણી ક્ષમતા ઉપરનો વિશ્ર્વાસ તથા ધીરજ જેવા ગુણો સાથે નિયમિત અભ્યાસ કરવાથી જીવનની અનેક પ્રકારની મુશ્કેલીઓનું સફળ સમાધાન શોધવામાં તથા વ્યક્તિત્વના વિકાસમાં આ સાધના ઘણી સહાયક છે. સ્વાધ્યાય, મનન અને ચિંતનને મંત્ર તપની સમાન મહત્ત્વ આપીને આશ્ર્વમેધિક અનુયાજમાં એટલા માટે પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

❖ ❖ ❖
❖ ❖
❖


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આંતરિક સુખ જ વાસ્તવિક સુખ

સુખનો મૂળ સ્રોત પદાર્થ અને સાધન નથી, પરંતુ આત્મા છે. આત્માનું ઝરણું પોતાની અંદરથી ફૂટે છે. સાંસારિક ભોગવિલાસો અને વિષયવાસનાઓમાં સુખની શોધ કરવી તે સમયની બરબાદીની સાથે શક્તિઓનો નાશ કરવા બરાબર છે. સંસારમાં રહીને સાંસારિક પ્રવૃત્તિઓથી બચી શકાય નહીં એ વાત સાચી છે, તેમાં ઈચ્છા કે અનિચ્છાએ જોડાવું પડે છે. સંસારમાં રહીને શોકસંતાપથી બચી શકવાનો એક જ ઉપાય છે કે પોતાના વ્યક્તિત્વને આધ્યાત્મિક માળખામાં ઢાળી દેવામાં આવે. આધ્યાત્મિક અર્થાત્ અંતર્મુખી વૃત્તિનો સહારો લઈને ચાલનારો માણસ આ દુઃખપૂર્ણ સંસારમાં હંમેશાં સુખી જ રહે છે.

અધ્યાત્મ જીવનનું એક વિશિષ્ટ પાસું છે અને તેની ઉપેક્ષા કરીને યથાર્થની પ્રાપ્તિ પર વિશ્વાસ કરી શકાય નહીં. ફૂટબોલનો ખેલાડી દડો ઉછાળી શકતો હોય, પરંતુ તેની સાથે દોડી ન શકતો હોય તો તે ગોલ કરી શકતો નથી. વિદ્યાર્થીએ પુસ્તકો પણ વાંચવા પડે છે અને પાઠોનો લેખિત મહાવરો પણ કરવો પડે છે. નાવિક નદીમાં ત્યારે ઉતરે છે જ્યારે તે નાવ ચલાવવાની સાથે સંકટમાં તરવાની કળા પણ શીખી લે છે. દિવસ અને રાત, પ્રકાશ અને અંધકાર, ભૂત અને ભવિષ્યની માફક બાહ્ય અને આંતરિક જીવનનાં બે પાસાં છે. તેમાંથી કેવળ એક બાહ્યજીવન અર્થાત્ પદાર્થમય જીવનને જ મુખ્ય માનીને સુખી રહી શકાતું નથી. આંતરિક તથા ભાવનાત્મક જીવનને પણ સ્થિર, શુદ્ધ, પવિત્ર અને ક્રિયાશીલ બનાવ્યા સિવાય સુખની કલ્પના વ્યર્થ છે.

આધ્યાત્મિકતાના આધાર પર મળેલું સુખ જ સાચું અને વાસ્તવિક સુખ છે. જે સાંસારિક સુખોમાં, સાંસારિક ભાવથી પડી રહે છે, તે તેના દુઃખોથી કદી બચતો નથી. આધ્યાત્મિક વિચારધારાવાળો માણસ સાંસારિક ઝગડાઓથી બહાર રહે છે, તેની બિનકલ્યાણકારી અસરથી પોતાના વ્યક્તિત્વનું રક્ષણ કરવામાં કદી પ્રમાદ કરતો નથી. સંજોગોવશાત્ જો તેની સામે દુઃખની પરિસ્થિતિ આવી પણ જાય છે તો તે તેને પણ સુખની માફક નિર્દોષ ભાવથી ભોગવી લે છે અને પાણીમાં કમળની માફક તેનાથી અલગ જ રહે છે. આવા ઉચ્ચ વ્યકિતત્વવાળા લોકોને તેવી સ્થિતિમાં કેટલું સુખ થતું હશે એને તો એક આધ્યાત્મિક માણસ જ જાણે છે.

વાસ્તવિક સુખનું સ્વરૂપ આત્મસંતોષ, આત્માનંદ, આત્મવિકાસ અને આત્મકલ્યાણ જ માનવામાં આવે છે. આવું દિવ્ય સુખ સંસારની ભોગ વાસનાઓમાં ડૂબેલા રહેવાથી મળતું નથી. આધ્યાત્મિક જીવન અપનાવવાથી અને વિષયોથી પર જવાથી આવું સુખ મળી શકે છે. આધ્યાત્મિક જીવન શું છે ? તે છે સદ્ભાવનાઓથી ઓતપ્રોત જીવનને લોકહિતની દૃષ્ટિથી વિતાવવું. સ્વાર્થથી પર રહીને, વાસનાઓ અને તૃષ્ણાઓથી બચીને, પરહિત અને પરોપકારમાં જોડાયેલા રહેવું આધ્યાત્મિક જીવન કહેવાય છે. સ્વાર્થમાં અંધ બનીને બીજાઓના હકને પડાવવા, અન્યાય કરીને પોતાનું ભલું કરવું, અવિશ્વાસ, નિંદા, નફરત વગેરે ઘેરી ભાવનાઓવાળું જીવન નારકીય જીવન છે. જે અજ્ઞાન અને મોહમાં આ કાર્ય કરે છે તે આલોક અને પરલોકમાં પણ સુખશાંતિ માટે કલ્પાંત કરતો રહે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આધ્યાત્મિક ભાવની સિદ્ધિ મેળવવા માટે મનુષ્યે પોતાનું વ્યક્તિત્વ ઉજ્જવળ, નિર્મળ અને નિર્દોષ બનાવવું પડશે. દોષ, પાપ અને ગંદકી માનવીને કલુષિત કરે છે. આ બધી કલુષિત પરિસ્થિતિને જેમ જેમ હટાવી લેવામાં આવશે તેમ તેમ તેની અંતઃજ્યોતિ પ્રજ્વલિત થશે અને તેના પ્રકાશમાં વ્યક્તિત્વ પ્રખર બનતું જશે. તેની સાથે જ આત્મામાં સુખશાંતિ, સંતોષ અને શ્રેયની સ્થાપના થતી જશે. વ્યક્તિત્વના વિકાસમાં આધ્યાત્મિક જીવનની બધી શક્યતાઓ સમાયેલી રહે છે.

માયા, મોહ, સ્વાર્થ અને અર્થમાં ડૂબેલો માનવી પોતાની સાચી સુખશાંતિનો માર્ગ ભૂલી જાય છે. તે ઉત્તરોત્તર સંકુચિતતાના વિસ્તારમાં કેદ થઈને પોતાના માટે દુઃખનું કારણ જ એકઠું કરે છે. આવો સંકુચિત માણસ પરિસ્થિતિઓનો ગુલામ બને છે અને જીવનના વાસ્તવિક સૌંદર્યથી દૂર રહે છે. તેની રુચિઓ દુષિત, ભાવનાઓ અમાનવીય અને લોકકલ્યાણના માટે જરૂરી ગુણો, પ્રેમ, ત્યાગ, સહયોગ અને સહાનુભૂતિની સીમાઓ સંકુચિત થઈ જાય છે. આવી નાગચૂડમાં બંધાયેલ માણસ ભલા કઈ રીતે સુખી રહી શકે છે.

જે બિનઆધ્યાત્મિક માણસ ભૌતિક સમૃદ્ધિઓનો ગુલામ બની રહે છે તેને તેની પરિસ્થિતિઓ દુઃખસુખની વચમાં કઠપૂતળીની માફક નચાવ્યા કરે છે. આવો માણસ સુખચેનના એક શ્વાસ માટે પણ તડપતો રહે છે. ધનનું અભિમાન મનુષ્યને ન્યાય અન્યાયની બાબતમાં આંધળો બનાવી દે છે. તે હંમેશાં નવ્વાણુંના ચક્કરમાં દુઃખી બની રહે છે. તે સુખની આશામાં ધનના ઢગલા કરતો રહે છે, પરંતુ તેનું પરિણામ તેના માટે ઊલટું જ સાબિત થાય છે. તે તેના માટે મુસીબતનું કારણ બની જાય છે. ચોર, ડાકુઓ, ઠગ અને સરકારનો ડર તો જણાતો રહે છે, ધનની વૃદ્ધિ અને રક્ષણની ચિંતાની સાથોસાથ તેનો યોગ્ય વારસદાર ન મળવાની ચિંતા તેની જન્મભરની કમાણી નાશ થવાનો અને પરલોકમાં પણ તેના આત્માને ચેન ન મળવાનો ભય રહે છે. ધનને સાધન ન માનતાં સાધ્ય માનનારા લાલચુઓને ધન પાળેલા સાપની માફક દરેક સમયે ચિંતા અને આશંકાનો વિષય બની રહે છે.

આનાથી ઊલટું ઉચ્ચ આશયવાળો આધ્યાત્મિક માણસ ધનને હાથનો મેલ અને શ્રમનો મજૂર સમજે છે. તેની દૃષ્ટિમાં ધનનું મહત્ત્વ સાધન કરતાં વિશેષ હોતું નથી. તેઓ જે કમાય છે તેને ભૌતિક ભોગમાં ન લગાડીને તેનો પોતાના માટે અને સમાજના માટે વાપરે છે. તેઓ લક્ષ્મીને પડછાયાની માફક ચંચળ માનીને તેની સાથે આસક્તિનો ભાવ રાખતા નથી. આવો નિસ્પૃહ નરરત્ન સમભાવમાં રહેલ નિશ્ચિંતતાનો આનંદ મેળવતો રહે છે.

માનવ જીવનનું ધ્યેય આનંદ જ છે. આનંદની આકાંક્ષા યોગ્ય છે, પરંતુ એ ત્યાં સુધી યોગ્ય છે કે જ્યાં સુધી તેનો સંબંધ જીવનના વાસ્તવિક સુખ શાંતિથી છે. મિથ્યા આનંદનો ભાવ લઈને કરેલી કામનાઓ અયોગ્ય અને અનિચ્છનીય છે, કારણકે એ મનુષ્યને મૃગતૃષ્ણામાં ભટકતો રાખીને તેનું મૂલ્યવાન માનવજીવન બરબાદ કરે છે. આનંદ આત્માનો વિષય છે, શરીરનો નથી. જીવનને જનકલ્યાણ, સમાજકલ્યાણ અને વિશ્વકલ્યાણમાં જોડી દેવાથી જ આનંદની પ્રાપ્તિ થઈ શકે છે. વ્યક્તિનું સમષ્ટિ માટે વિસર્જન થવું જ આધ્યાત્મિક જીવન છે. આમ થવાથી આત્મામાં દિવ્ય જ્યોતિના દર્શન થવા લાગે છે અને અખૂટ આનંદનો ભંડાર ખુલી જાય છે. આથી આત્મિક અથવા આધ્યાત્મિક સુખને જ સમગ્ર સુખનું મૂળ અને માનવ જીવનનું સાધ્ય માનવામાં આવ્યું છે. લૌકિક કામનાઓની પૂર્તિથી પ્રાપ્ત થનાર સુખ મિથ્યા, ભ્રામક અને ક્ષણભંગુર માનવામાં આવ્યું છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરિશુદ્ધ વ્યક્તિત્વ અને આધ્યાત્મિક દૃષ્ટિકોણવાળો માણસ સાંસારિક સુખદુઃખોને હરતીફરતી છાયા કરતાં વધુ મહત્ત્વ આપતો નથી. જેમ ખેતરના કામમાં તલ્લીન ખેડૂત આકાશમાં છવાતી ગરમી કે છાયાની રમત પ્રત્યે ધ્યાન આપતો નથી તેમ આધ્યાત્મિક માણસ સાંસારિક સુખદુઃખોની ઉપેક્ષા કરતો રહે છે. તેઓ એ વાસ્તવિકતાથી અજાણ હોતા નથી કે સુખદુઃખ, અનુકૂળતા પ્રતિકૂળતાઓની ધનાત્મક અને ઋણાત્મક પરિસ્થિતિઓમાં તપીને જ માનવજીવન બને છે. ભલે તેઓ જીવનની આ તડકી છાંયડીથી કદી પ્રભાવિત થતા નથી. જીવનમાં જ્યારે જે તે પરિસ્થિતિ જન્મે છે ત્યારે તેનો હસીને સામનો કરે છે. તેઓ સંસારની દરેક પરિસ્થિતિને ઈશ્વરનું વરદાન માનીને હંમેશાં પ્રસન્ન અને સંતુષ્ટ રહે છે. તેઓ સુખમાં હસતાં અને દુઃખમાં રોદણાં રડવાની બાળવૃત્તિથી દૂર રહે છે. તેઓ સંસારની પરિવર્તનશીલતાની વચ્ચે પોતાની અલગ દુનિયા વસાવવાની આકાંક્ષા અને ફક્ત સુખોની કામનાનું પોષણ કરતાં રહેવાની ભૂલ કરતાં નથી. તેઓ આ સાંસારિકતાથી ઉપર ઊઠીને આત્મિક જીવનમાં જીવતાં રહીને પ્રસન્ન થતાં રહે છે.

જીવનનું સાચું સુખ આધ્યાત્મિક જીવનક્રમમાં જ પ્રાપ્ત થઈ શકે છે એમાં સહેજ પણ શંકા નથી. છતાંય સાચું આધ્યાત્મિક જીવન પણ એમ જ પ્રાપ્ત થશે, નહીં. તેના માટે પણ મનુષ્યને સાધના કરવી પડે છે. થોડી સરખી પૂજા કરી લેવી, સત્યનારાયણની કથા સાંભળી લેવી અથવા કોઈ પુસ્તકનું પારાયણ કરવું માત્ર આધ્યાત્મિક જીવન કહી શકાય નહીં. આધ્યાત્મિક ભાવની પ્રાપ્તિ તો ત્યારે થાય છે જ્યારે મનુષ્ય પોતાના આંતરિક અને બાહ્ય જીવન બંનેને પવિત્ર અને ઉજ્જ્વળ બનાવે. માનવીના મનમાં ન જાણે કેટલાય દોષ દુષ્ટ ચોરની માફક બેઠેલા હોય છે જેની તેને ઘણીવાર ખબર હોતી નથી. આ જ નિર્બળતાઓ ડગલે ને પગલે આધ્યાત્મિક માર્ગ પર પથ્થરની જેમ અટકાવતી રહે છે. આ અવરોધના વિષયમાં મોટેભાગે અજ્ઞાનવશ ભ્રમ થઈ જાય છે કે કોઈ બહારની શક્તિ આપણી પ્રગતિમાં રોડા બની રહી છે, પરંતુ વાસ્તવિકતા એના કરતાં જુદી છે. મનુષ્યના પોતાના માનસિક દોષ જ તેના માર્ગમાં રોડા બનીને આડા આવે છે. જોકે, આધ્યાત્મિક જીવનની સિદ્ધિ માટે માનસિક શુદ્ધિ ખૂબ જ જરૂરી છે. આપણે શોધી શોધીને અસદ્ભાવનાઓ, અશ્લીલ વિચારો અને ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધ, લોભ, મોહ વગેરે આવેગોને પોતાના અંતઃકરણમાંથી બહાર કાઢીને ફેંકતા રહેવું જોઈએ. સ્વાર્થ, મશ્કરી અને છેતરપિંડીયુક્ત પ્રવૃત્તિઓ આધ્યાત્મિક જીવનના ઊલટા ભાવની જન્મદાતા હોય છે. બને તો તેનાથી બચતા રહેવું જોઈએ. આ દુર્બળતાઓને પોષતા રહેવામાં જે સુખ દેખાય છે તે આસુરી હોય છે અને ઝેરની માફક માનવ જીવનને કષ્ટદાયક બનાવે છે.

વાસ્તવિક અને સાચા સુખની શોધ ભૌતિક પદાર્થો અને તેમના સંયોગથી ઈન્દ્રિયોમાં કરવી જોઈએ નહીં, કારણકે સમગ્ર જીવન ખર્ચી દેવા છતાંય તે ત્યાં મળશે નહીં. વાસ્તવિક સુખ આધ્યાત્મિક જીવનક્રમમાં જ પ્રાપ્ત થશે. તન, મન અને કર્મથી આધ્યાત્મિક બનો, આત્માના દોષ દુર્ગુણોને દૂર કરો, આપને ન કદી દુઃખ થશે અને ન આનંદનો અભાવ સતાવશે.

કુટુંબ અને સમાજમાં સ્વર્ગીય પરિસ્થિતિઓ ઉત્પન્ન કરી શકવી સુયોગ્ય અને સુસંસ્કૃત નારીના માટે જ શક્ય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંઘર્ષ એક ઉચ્ચ કક્ષાનો આનંદ

જીવન સાથે સંકળાયેલી સચ્ચાઈઓમાં સંઘર્ષ પણ એક છે. એના સિવાય આત્મરક્ષણ થઈ શકતું નથી. માખી અને મચ્છરોથી લઈને સાપ અને વીંછીઓ સુધી કીડીમકોડા પણ દાવ લાગે તો આક્રમણ કરવાનું નિશાન ચૂકતાં નથી. હવા અને પાણીમાં એવા વિષાણુઓ તરતાં હોય છે કે જે જીવનના માટે પડકાર સમાન હોય છે. માકડ, જૂ, કંસારી, ડાંસ પોતાની કરામત કરે છે. ચોર-ઠગોની ખોટ નથી. આતંકવાદી અને અનાચારી એવી તૈયારીમાં હોય છે કે, જ્યાં રોકટોકમાં શિથિલતા જણાય ત્યાં પ્રવેશીને લાભ ઊઠાવી શકે. પરજીવીઓની આ દુનિયામાં કોઈ તંગી નથી. સિંહ, વાઘ જેવા હિંસક જીવો નિર્દોષ શાકાહારીઓનું ભક્ષણ કરતાં રહે છે. શોષણ, અપહરણ, પીડા કરવી વગેરે ગમે તેટલા નિમ્ન કોટિના કાર્યો હોવા છતાંય તેમનું અસ્તિત્વ જ્યાં ને ત્યાં જોવા મળે છે. પૂર્વસંચિત કુસંસ્કાર પ્રગટ થતાં જ અનિચ્છનીય બનાવો બનતાં રહે છે અને ભોળા લોકો તેમની ઝપટમાં આવી જાય છે. આ બધાની સામે સંઘર્ષ કર્યા સિવાય કોઈ રસ્તો નથી. સમર્પણ થઈ જવાથી તેઓ પોતપોતાની જાળમાં ફસાવ્યા સિવાય રહી જ શકતા નથી.

દયા, કરુણ, અહિંસા, ક્ષમા વગેરે ઉચ્ચ કક્ષાના સદ્‌ગુણોનું મહત્ત્વ છે. પરંતુ જોવા મળે છે કે તેઓ કેવી રીતે પોતાના સજાતીયો પર પણ પ્રભાવ છોડી જવામાં સમર્થ હોય છે. દાનવી પ્રકૃતિ આટલેથી અટકતી નથી, બલ્કે ઊલટામાં કાયર, ડરપોક, કમજોર સમજીને બમણા ઉત્સાહથી આક્રમણ કરે છે. વિરોધ થવાનો ભય ઓછો જણાતા અનાચારીઓની હિંમત એથીયે પણ વધુ જોરદાર બને છે. આ વાસ્તવિકતાને સમજીને પ્રાણીઓએ આ સહજ સ્વાભાવિક રીત અપનાવી લીધી છે કે આક્રમણકર્તાની વિરુદ્ધ શક્ય હોય તો લડવું નહીં અને જ્યાં તેમ ન થઈ શકે ત્યાં ભાગીને દોડી જવું. પ્રાણીજગતમાં આ નીતિ સર્વત્ર જોવા મળે છે. એટલા માટે આત્મરક્ષણને જીવનપ્રશ્ન બનાવીને પ્રત્યેક સમજદારે તેની સામે સાવચેત રહેવું જોઈએ.

સંઘર્ષમાં માત્ર ભય જ ભય રહેતો હોય તો કોઈ પણ તેના માટે તૈયાર ન થાત અને આક્રમણકારોની બોલબાલા જોવા મળત. આ સંસાર સારાં-નરસાં બંને તત્ત્વોથી ભરેલો છે. અહીં કાંટા પણ છે અને ફૂલ પણ છે. ગાઢ રાત્રિનો અંધકાર પણ છે અને દિવસભરનો પ્રખર પ્રકાશ પણ છે. ઉદાર નીતિથી, સેવાસહાયતામાં રસ લેનારાઓની પણ ખોટ નથી, પરંતુ જો આક્રમણકારોને હરાવનાર સૈન્ય સજ્જ ન હોય તો સીમાઓ સુરક્ષિત રહેતી નથી. એટલા માટે અન્ય બીજા સ્વાદોની સાથે ભોજનમાં તીખાશને સ્થાન આપવામાં આવ્યું છે અને બધા રસોમાં એક તેને પણ સામેલ કરેલ છે.

ગર્ભાધારણ એક પ્રકારની સંઘર્ષમય પ્રક્રિયા જ છે. પ્રસવમાં બાળકને બળપૂર્વક તેનું બંધન છોડવું પડે છે. સ્તનપાન સમયે તેની ચૂસવાની ક્ષમતા જ ક્ષુધા નિવારણ કરે છે. જમીનનું પેટ ચીરીને આપણે અનાજ ઉગાડીએ છીએ. પશુપાલકોને કઠોર, નિર્દયી વર્તન કરવું પડે છે. દરેક જગ્યાએ ગંદકી સતત પેદા થતી રહે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તે પોતાની મેળે આવે છે, પરંતુ પાછી જતી નથી. તે માટે સફાઈની વ્યવસ્થા કરવી પડે છે. નિરક્ષરતા અને ગરીબાઈ પુરુષાર્થ અને સાહસ વિના દૂર થઈ શકે નહીં. પ્રગતિના પંથે આગળ વધવા માનવીએ કેટલાય અસાધારણ પ્રયત્નો કર્યા છે. એને સંઘર્ષની પ્રતિક્રિયા જ કહી શકાય છે. શ્વાસ-ઉચ્છ્વાસ, પ્રસરણ-સંકોચનમાં જીવતાં રાખવાની ક્ષમતા છે. જ્યારે માનવીમાંથી ચેતના ચાલી જાય છે ત્યારે તેનું મૃત્યુ થઈ જાય છે. પ્રગતિની મહેચ્છાની સાથે જ સંઘર્ષનું સાહસ જોડાયેલું છે. બંને એકબીજાની સાથે અવિભક્ત રૂપે જોડાયેલ છે અને સાથોસાથ કામ કરે છે. સાહસનો ઈન્કાર કરવાથી દુર્ગતિદાયક પરાજય જ હાથ લાગે છે. ઈશ્વર ફક્ત તેમને જ સહાયતા કરે છે, જેઓ પોતપોતાની સહાયતા કરવા માટે કટિબદ્ધ થાય છે, નહીંતર કચરાને વાળીને ફેંકવાનો જ આ સૃષ્ટિનો નિયમ છે. મનુષ્ય આનાકાની કરે તો ઘનઘોર વર્ષા અને આંધીતૂફાન પોતાની રીતે નકામી વસ્તુને હટાવી લેવા શક્તિ વાપરે છે.

મનોરંજનમાં આનંદ પીરસવાની ક્ષમતા હોય છે અને તેથી તેને હસીમજાક, તમાસો, મિમિક્રી, કુતૂહલ વગેરેના રૂપમાં શોધતાં ફરીએ છીએ. આમ છતાંય તે નાના દરજ્જાની બાળરમત જ બની રહે છે. સમૃદ્ધ, ભાવુક અને આળસુ જ તેનો યત્કિંચિત અનુભવ કરે છે. એના ઉપરાંત પ્રૌઢતાની ઓળખ એક બીજો પક્ષ પણ ગણાય છે-શૌર્ય સાહસનું પ્રદર્શન, સંઘર્ષના સ્વયંવરમાં 'વિજયશ્રી' નું વરવું. એના માટે અયોગ્યથી દૂર રહેવું પડે છે. તેને છોડીને ભાગવાથી પ્રગતિ થતી નથી. ત્યારે બહાદુરોના બદલે કાયરની માફક મરવું પડે છે.

સંઘર્ષ પણ મનોરંજનનો એક મહત્ત્વપૂર્ણ પક્ષ છે. પહેલવાનો પરસ્પર લડે નહીં, એકબીજાને પછાડે નહીં તો દર્શકો કુસ્તી જોવા શા માટે જાય અને વિજેતાને યશ કે ઈનામનો લાભ કેવી રીતે મળે ? રમતોના આયોજનોમાં હારજીત જ દર્શકોને દૂર દૂરથી ખેંચી લાવે છે. યુદ્ધકામ ન હોય તો પણ સૈનિકોની દિનચર્યા આક્રમણો અને બચાવના જેવી હોય છે. મજૂર, વિદ્યાર્થી, ખેડૂત, વેપારી જે કંઈ મેળવે છે તેને માટે અનેકવિધ શ્રમ સંઘર્ષોમાંથી પસાર થવું પડે છે. પ્રજાની નેતાગીરી કરનારા મહાપુરુષોમાં પ્રત્યેકે અનિચ્છનીયતાની સામે સંઘર્ષ કર્યો છે. ત્યારે તેઓને તપેલા સોનાની માન્યતા મળી છે. તપસ્વીઓ માટે તિતિક્ષા જ મુખ્ય હોય છે. તેની પ્રખરતાના બળે જ તેઓ સિદ્ધ પુરુષનું પદ મેળવે છે.

સંઘર્ષનો અવસર શોધી કાઢવા. માટે મનોરંજનની ઈચ્છા કરનારાઓએ કટિબદ્ધ થવું પડે છે. તેઓ અનીતિની સામે લડે છે. અનીચ્છનીયતાઓ સામે ટક્કર લે છે. અયોગ્યતાઓ સામે લડવા તેના હાથ તત્પર રહે છે. વનવાસ કાળમાં રામે ઋષિઓના હાડકાંનો ઢગલો જોયો તો તેમના હાથ ઉઠાવીને, **"નિશ્ચર હીન તકરૌ મહિ"**ની પ્રતિજ્ઞા કરી હતી અને તેને પૂરી કરી બતાવી હતી.

ડૉકટરોનો સમગ્ર શ્રમ, સમય અને કૌશલ્ય બીમારીઓની સાથે લડવામાં વીતે છે. શિક્ષકોને અજ્ઞાન વિરોધી મોરચાના નેતાઓ કહેવામાં આવે છે કુરિવાજો, મૂઢમાન્યતાઓ, અંધવિશ્વાસોની સામે લડનારા સંત, સુધારક કે શહીદની પદવી મેળવે છે. ઉચ્ચ પદ પર બેસવા માટે સાથીદારોની સાથે હરીફાઈમાં ઉતરીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવી પડે છે. તેમાં વિજયના ઉપરાંત પ્રસન્નતા અને પ્રશંસા પણ કંઈ ઓછી મળતી નથી. આક્રમણકારોને ભગાડી દેનારા રાજા ચંદ્રગુપ્તની વિજય પતાકા દરેક દિશામાં લહેરાઈ હતી.

સંઘર્ષ મનોરજંનમાં યોગ્ય રીતે રમવાની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એક જ શરત છે કે માનસિક સમતોલન દરેક સ્થિતિમાં યથાવત્ જાળવીએ. નફાનુકસાનનો હિસાબકિતાબ ન ફેલાવીએ. કોઈ સેનાપતિ પોતાના ગાઢ મિત્રો મરી જવાથી જો ધીરજ ગુમાવીને વિલાપ કરવા લાગે તો સમજવું જોઈએ કે પછીનું યુદ્ધ સંચાલન કરી શકવામાં તે અસમર્થ બની જશે. કહેવાય છે કે રાણા સાંગાના શરીરમાં એંસી ઊંડા ઘા થાય હતા, છતાંય મરતાં સુધી તલવાર ચલાવતા રહ્યા. ભીષ્મ પિતામહનું સમગ્ર શરીર બાણોથી ઘવાયેલું હોવા છતાંય મોતને પાછું મોકલ્યું હતું અને કહ્યું-મારો અપેક્ષિત સમય ઉત્તરાયણ કાળ આવે ત્યારે તમે આવીને ખુશીથી લઈ જશો.

ઈસુ ખ્રિસ્ત માટે સૂળી એક મજાક હતી. સુકરાતે હસતાં મોંઢે ઝેરનો પ્યાલો પીધો હતો. મંસૂરને સૂળી પર ચઢતી વખતે સહેજ પણ દુઃખ થયું ન હતું. ભારતીય ક્રાંતિકારીઓમાંથી કેટલાયે ફાંસીનો ફંદો પોતાના હાથે બાંધ્યો અને ગીતાનું પુસ્તક હાથમાં રાખીને ફાંસીના માચડા પર ચઢી ગયા. આ બધા ઉદાહરણો એ બતાવે છે કે અનીતિની સામે સંઘર્ષ કરવામાં જીતની માફક હારના દૃશ્યો પણ જોવા મળે છે. પરંતુ એનાથી શું ? સટોડિયા આજકાલ લાખોની શરત લગાવે છે, પણ માથા પર કરચલી પડતી નથી. લંકા યુદ્ધમાં લક્ષ્મણને પણ મૂર્છિત થવું પડયું હતું. પાંડવોએ કેટલા બધા દિવસો મુસીબતમાં વિતાવ્યા હતા. નળ દમયંતીના વનવાસની કથા સર્વ લોકો જાણે છે. આટલું હોવા છતાંય આ બધામાંથી કોઈએ ન તો ધર્મ છોડયો છે કે ન તો પગ પાછા હટાવ્યા છે. સંઘર્ષનો પડકાર પણ એક પ્રકારની પરીક્ષાનો સમય છે, જેમાં તે જ વિદ્યાર્થી પાસ થાય છે જે મનોબળ ટકાવી રાખે છે. દોડધામમાં જીત મેળવનારા પણ મોટેભાગે જીતેલી બાજી હારતા જોયા છે.

જીવનમાં ડગલે ને પગલે પડકારો આવે છે. અંદર કે બહારનું કોઈ ક્ષેત્ર અનિચ્છનીયતાઓથી ખાલી નથી. પરિસ્થિતિજન્ય તકલીફો આવતી રહે છે. એનાથી હંમેશાં કોઈ બચી શકતું નથી. પોતપોતાની રીતે દરેક ઝઝૂમવું પડે છે. એટલા માટે તત્ત્વજ્ઞાનીઓએ જીવનને સંઘર્ષ ગણાવ્યું છે. આ મોરચાને છોડીને ભાગવાથી બચી શકાતું નથી. આગળ કૂવો અને પાછળ ખાડો છે. આથી ચેનથી દિવસો વિતાવવા અને શાંતિની શોધમાં ભટકનારાઓ પૈકી પ્રત્યેકને કહેવું જોઈએ કે અશાંતિને હટાવ્યા બાદ જે શાંતિ મળે છે, તે જ સાચી શાંતિ છે. સંઘર્ષને પણ એક ઉચ્ચ કક્ષાનું મનોરંજન જ માનીને ચાલવું જોઈએ. શૌર્ય, સાહસ અને ધૈર્યની કસોટી પર પરીક્ષા થાય છે.

---

મધમાખી અને પતંગિયું એક જ વૃક્ષ પર રહેતાં હતાં. દરરોજ બગીચામાં ફૂલો પાસે ભેગા પણ થઈ જતાં. એકબીજાના કુશળ સમાચાર પૂછતાં અને પોતાના કામમાં લાગી જતાં.

વરસાદ શરૂ થઈ ગયો. સતત ઝાંપટાં પડતાં હતાં. પતંગિયું ઊદાસ બેઠું હતું. મધમાખીએ પૂછયું, “બહેન, શી વાત છે ? આવી સુંદર ઋતુમાં ઉદાસીનતા કેમ છે ?”

પતંગિયું બોલ્યું, “ઋતુની સુંદરતા કરતાં પેટની ભૂખ વધારે પ્રભાવિત કરી રહી છે. કયાંય ભોજન લેવા નથી જઈ શકતી એટલા માટે હેરાન છું.”

મધમાખી બોલી, “આવા સમય માટે થોડીક બચત કેમ નથી કરી ? કાલની વાત ન વિચારવાળા આમ જ હેરાન થાય છે.” આમ સમજાવીને મધમાખીએ પોતાના ભેગા કરેલા ભંડારમાંથી પતંગિયાની પણ ભૂખ શાંત કરી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# કરકસર કરનાર અને સંયમ રાખનાર જ હંમેશાં સુખી

સંસારના અનેક મહાન અને પ્રખ્યાત લોકો પર બચત ન કરવાથી, આવકજાવકનો હિસાબકિતાબ ન લખવાથી, ઉધાર માલ ખરીદીને કિંમત ન ચૂકવવાથી અને ઉપયોગી જરૂરિયાતો વધારતા રહેવાથી મોટી મોટી તકલીફો ઊભી થઈ છે. તેમણે ખરાબ રીતે શરમાવું પણ પડે છે. કોઈ વાર કોર્ટ-કેસની જંજાળમાં ફસાવું પડે છે. તવંગરોની એશઆરામી, આળસ, વિલાસ અને વ્યસનોને લીધે વારસદારો પર દેવાના ડુંગર ઊભા થાય છે. રાજાઓએ પોતાના રજવાડાઓ નષ્ટ કરી દીધાં છે અને પૈસાદારોએ રહેવાના મકાનો પણ કોડિના મોલે વેચી દીધાં છે. કટુંબના એક પણ સભ્યના ખોટા ખર્ચ સમગ્ર કુટુંબને ડુબાડી દે છે. તે નવું ધન તો કમાતો નથી, બલ્કે જૂની મિલકત ગુમાવી દે છે. લખનૌના નવાબ કુટુંબના કેટલાય સભ્યો આજે પણ લખનૌના બજારમાં ઘોડાગાડી ચલાવે છે.

જે કોઈનો દેવાદાર નથી અને દરરોજ કંઈ બચત કરે છે, કોઈ વ્યસન કે કુટેવનો શિકારી નથી, તે નિશ્ચિંત થઈને નિરાંતે ફરતો રહે છે અને સૂઈ શકે છે. તેને કોઈ લેણદારની ફરિયાદ સાંભળવી પડતી નથી અને પોતાની મજબૂરીની સફાઈ આપવી પડતી નથી કે જૂઠાં બહાનાં બતાવવાં પડતાં નથી.

શ્રી બનારીદાસજી ચતુર્વેદીએ હિંદીના મહાન લેખક શ્રી મહાવીરપ્રસાદ દ્વિવેદીની કરકસરની બાબતમાં ઘણી ઉપયોગી વાતો બતાવી છે. તેઓ લખે છે :

દ્વિવેદીજી કરકસરનો આદર્શ જ હતાં. એક વખત તેમણે મને ખોટા ખર્ચ માટે ખૂબ ધમકાવ્યો હતો. દ્વિવેજીને મારા ખોટા ખર્ચ વિશે ખબર પડી તો તેમણે પોતાના જીવનનું ઉદાહરણ રજૂ કર્યું હતું.-

તેમણે કહ્યું હતું, "હું તો ત્રેવીસ રૂપિયા માસિક પગારમાથી ચાર રૂપિયા દરેક મહિને બચાવતો હતો અને આપ જનાબ ! પોણાબસો રૂપિયામાં એક પૈસો પણ બચાવતા નથી. અમને બતાવશો કે કઈ બાબતમાં પૈસા ઉડાવી દો છો ?"

અમારે અમારી અવ્યવસ્થા શરમાઈને સ્વીકારવી પડી. અમારા આ પ્રમાદથી દ્વિવેદીજી ખૂબ જ નારાજ થયા. બચત ઘણી જરૂરી છે. બચતની બાબતમાં દ્વિવેદીજીનો મૂળ મંત્ર આ શ્લોક હતો-

**ઈદમેવ હિ પાંડિત્યમિદમેવ વિદગ્ધતા ।**
**અયમેવ પરો ધર્મો યાદાયાન્નાધિકો વ્યયઃ ॥**

અર્થાત્ આવક કરતાં વધુ ખર્ચ ન કરવામાં સમગ્ર પંડિતાઈ, ટેવોની ચાલાકી અને સમગ્ર ધર્માત્માપણું છુપયોલું છે. બજેટ બનાવીને બચતનો હિસાબ રાખવો ખૂબ જ જરૂરી છે.

દ્વિવેદીજી હિસાબકિતાબ રાખવામાં એટલા નિયમિત હતા કે કોઈ પણ માણસ તેમને છેલ્લા વીસ વર્ષમાં કઈ વસ્તુ માટે કેટલો ખર્ચ કર્યો છે તે બતાવી શકતા હતા. દૈનિક ખર્ચમાં વપરાયેલા પ્રત્યેક પૈસાનો હિસાબ રાખતા અને સાંજે તેના પર વિચાર કરતા હતા. પરંતુ આનાથી કોઈ ધારણા કરે કે દ્વિવેદીજી કંજુસ હતા તો એ તેની મોટી ભૂલ ગણાશે. તેઓ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખૂબ જ ઉદાર હતા. તેમણે પોતાની કઠોર મહેનતની મોટાભાગની કમાણી હિંદુ વિશ્વવિદ્યાલયમાં શિષ્યવૃત્તિ માટે અર્પણ કરી હતી. તેમણે ૬૪૦૦ રૂપિયા હિંદુ વિશ્વવિદ્યાલયમાં શિષ્યવૃત્તિ માટે દાનમાં આપ્યા હતા.

પોતાના એક પત્રમાં તેમણે રૂપિયાના ઉપયોગ વિશે પ્રકાશ પાડતા કહ્યું હતું-

"૧૭ વર્ષની ઉંમરે મેં રેલવેમાં નોકરી શરૂ કરી. માસિક પગાર ફક્ત ૧ રૂપિયો હતો. ૨૧ વર્ષ પછી જ્યારે નોકરી છોડી ત્યારે ફક્ત દોઢસો રૂપિયા પગાર અને એલાઉન્સ પચાસ રૂપિયા, કુલ ૨૦૦ રૂપિયા મળતા હતા, પચાસ રૂપિયા માસિક પેન્શન મળતું. કદી કોઈની પાસેથી એક પૈસો હરામનો લીધો ન હતો. મારી રહેણીકરણી અને ઘરબાર આડંબર વિનાનું સાદું હતું. કરકસરથી રહીને જે કંઈ બચાવ્યું, તે મોટાભાગે દાનમાં આપી દીધું. કેટલાય ગરીબ વિદ્યાર્થીઓને પોતાના ખર્ચે ભણાવ્યા. તેમાંથી કેટલાક એમ૦ એ૦ છે. સંબંધીઓની ત્રણ ભાણીઓના લગ્ન અને આણું કર્યું, અન્યની પણ બે છોકરીઓ પરણાવી. ગામની ગરીબ ઘરોની છોકરીઓના લગ્નમાં મદદ કરી, કેટલીય વિધવાઓનું પોષણ કર્યું, પિતાજીની ઈચ્છા પૂરી કરી, ગયાજીમાં શ્રાદ્ધ કર્યું, બ્રહ્મભોજ, દાન, પુણ્ય, મકાન અને કૂવા બનાવવાની બાબતમાં બચત ખર્ચી. ગયા વર્ષે મારા કુટુંબની છેલ્લી સ્ત્રી મરી ગઈ ત્યારે મેં અંત્યેષ્ટિ કર્મ કરવા ઉપરાંત એ રૂપિયા દુઃખી અને ગરીબોની વચ્ચે વહેંચી દીધા. કાનપુરનો પુસ્તક ભંડાર નાગરી પ્રચારિણી સભાને પહેલેથી આપી દીધો હતો. છ મહિના પહેલા એક ગાડી ભરીને પુસ્તકો મોકલ્યાં. હજુ પણ કેટલાંક પુસ્તકો મોકલવાના છે. એક હજાર રૂપિયા આ સભાને હમણાં જ આપ્યા, તે તો તમે જાણો છો.

આ બચત સુખશાંતિ, કીર્તિ અને સમૃદ્ધિનું એક અનોખું ઉદાહરણ છે. દ્વિવેદીજીની માફક સયમી, કર્તવ્યશીલ અને સતત સજાગ મનુષ્ય જ કરકસરનો પાઠ શીખવી શકે છે.

જે મનુષ્યની જરૂરિયાત જેટલી ઓછી હશે અને જેટલું સમજી વિચારીને વાપરશે તેની આર્થિક વ્યવસ્થા તેટલી જ સગવડદાયક રહેશે. બજેટ બનાવીને માણસ પહેલા મૌલિક જરૂરિયાતો પૂરી કરે છે, પછીથી બચત થતાં વિલાસ અને શોખની વસ્તુઓ પર ખર્ચ કરવાનું વિચારે છે. બજેટ સિવાય દરેક વિભાગ માટે પૂરતો વિચાર કરવાનો અવસર મળતો નથી. શરૂઆતથી આડેધડે ખર્ચ કરવાથી આવકજાવકનું સમતોલન જળવાતું નથી. બજેટથી ખર્ચ વ્યવસ્થિત અને સમતોલ રહે છે અને આડેધડે ખર્ચની જોગવાઈ રહેતી નથી.

જેમ અરીસામાં મનુષ્ય પોતાનું મોં જોઈને શણગાર કરે છે, તેમ જ બજેટમાં જરૂરી ખર્ચાઓનું અનુમાન પહેલેથી જ થઈ જાય છે. જો તે આવક કરતાં વધુ હોય છે તો કાપકૂપ કરી શકાય છે. પોતાના કુટુંબના રક્ષણ માટે આર્થિક મુશ્કેલી અને દેવાદારીથી બચવા માટે પોતાના કુટુંબના બજેટની યોગ્ય રચના કરીને કરકસરતાપૂર્વક જવાબદાર માણસની માફક જિંદગી પસાર કરવી જોઈએ.

**બજેટનું ચુસ્તપણે પાલન કરીએ :**

બજેટ બનાવ્યા પછી પણ તેના મુજબ ઈમાનદારીપૂર્વક ચાલીશું નહીં તો મુશ્કેલીઓ સતાવ્યા વિના રહેશે નહીં. આપણે ધારી લઈએ કે કોઈ માણસ પોતાની સો રૂપિયાની આવકમાંથી દસ રૂપિયા બચતના વિભાગમાં રાખીને બાકીના નેવું રૂપિયાનું બજેટ બનાવ્યા પછી તેના મુજબ નિષ્ઠાપૂર્વક ચાલતો નથી અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કોઈવાર એક વિભાગનું બીજા વિભાગમાં ખર્ચ કરે છે તો તેવા ઢીલાશવાળા માણસનું બજેટ નિષ્ફળ જશે અને કૌટુંબિક અર્થવ્યવસ્થા વેરવિખેર થઈ જશે. બજેટના ઉદ્દેશો પૂરા થશે નહીં.

એટલા માટે નિર્ધારિત બજેટને ઈમાનદારીપૂર્વક વળગી રહેવું જરૂરી છે. જ્યાં સુધી બજેટ નિશ્ચિત ન થાય ત્યાં સુધી તેમાં ફેરફાર કરી શકાય, પરંતુ એક વખત તે નિર્ધારિત થાય ત્યાર પછી તેનું ચુસ્ત પાલન કરવું જોઈએ. બજેટ આપણી ઈચ્છા મુજબ બનાવી શકીએ, પરંતુ એક વખત તૈયાર થયા પછી આપણે તેને આધીન રહેવું જોઈએ.

બજેટ એક રીતે કૌટુંબિક ખર્ચનું પૂર્વ નિર્ધારણ છે. તેને નિર્ધારિત કરતી વેળાએ કુટુંબના બધા સભ્યોની સાથે બેસીને સર્વસંમતિથી પસાર કરવું જોઈએ. આમ કરવાથી કોઈને અસંતોષ રહેશે નહીં અને કોઈ તેની અવગણના કરશે નહીં. આગળ વધનારા અને સમૃદ્ધ થનારા કુટુંબો મોટાભાગે બચતનું મોટું ધ્યાન રાખે છે. જેટલું કમાઈએ એટલું ખર્ચી દઈએ, કશું બેંકમાં બચાવીએ નહીં, ઘરનું મકાન ન હોય, વધુ પડતાં બાળકો હોય તો નિશ્ચિત છે કે એવી સ્થિતિમાં પતન થશે.

બજેટ કુટુંબના બધા સભ્યોની સામે રજૂ કરવું. એનાથી કુટુંબના બધા નાનામોટા સભ્યોમાં જવાબદારીની ભાવનાનો વિકાસ થશે. કુટુંબની આર્થિક વ્યવસ્થાનું સ્પષ્ટ જ્ઞાન રહેવાથી અને તેની સાથે પોતાની જવાબદારી જોડાયેલી હોવાથી કોઈ પણ સભ્ય નિશ્ચિત સીમાથી બહારનું ખર્ચ કરવામાં પોતાની હીનતા સમજશે.

મનુષ્યનું જીવન જાતજાતના રંગીન પ્રલોભનોથી ભરેલું છે. ફેશનેબલ કપડાં, સ્વાદિષ્ટ ભોજન, પુરીપકોડી, કુલ્ફી, ઠંડા પીણા, ઘરેણાં અને એશઆરામભર્યા જીવનનું કોઈ પ્રલોભન તેને લલચાવશે તો પણ તે સંકોચવશાત્ તેની રજૂઆત કર્યા સિવાય જ પોતાને તેની અંદર ડૂબાડી દઈને આગળના કોઈ પણ નવા પ્રલોભનોની પ્રત્યે વધુ આકર્ષિત ન થવામાં મોટાઈ સમજશે.

આમ બચત કરવા માટે પહેલાં બજેટ બનાવવું જરૂરી છે. સર્વસંમત બજેટ બનાવવા અને તેને સુવિધાપૂર્વક ચલાવવા માટે પ્રત્યેક સમજદાર સભ્યએ પોતાનાથી નાના સભ્યની સુખસુવિધાનું ધ્યાન રાખીને પ્રત્યેકની પરિસ્થિતિ અને જરૂરિયાતો મુજબ જ વ્યવસ્થા કરવી જોઈએ. બજેટથી કુટુંબના સભ્યોમાં એકબીજાને માટે નિઃસ્વાર્થ ત્યાગ અને સહયોગની ભાવનાનો વિકાસ થશે.

કોઈ પણ કૌટુંબિક બજેટમાં સર્વસંમતિ તો એક દબાણ અથવા પ્રભાવથી સાધી શકાય છે. પરંતુ તેમાં સફળતા ત્યારે મળશે જ્યારે ખર્ચના વિભાગોમાં જરૂરિયાતોની અનિવાર્યતા મુજબ ક્રમિકતા આપવામાં આવશે.

પહેલાં ભોજન, પછી રહેઠાણ અને કપડાં પર ખર્ચ કરવું. આ જીવનની અનિવાર્ય જરૂરિયાતો છે. આજની કમરતોડ મોંઘવારીમાં સૌથી પહેલાં તેની વ્યવસ્થા કરવી જોઈએ. ત્યાર પછી બાળકોનું શિક્ષણ, કન્યાનું લગ્ન અને વૃદ્ધાવસ્થા માટે બચતની જરૂરિયાત છે. સમજદાર માણસ મહિનાની પહેલી તારીખે બચતના પૈસા વીમા કે બેંકમાં જમા કરાવી દે છે. જો એ સમજીએ કે અંતમાં પોતપોતાની રીતે જ બચી જશે તો આ કદાપિ શક્ય નથી. બચત સૌથી મોટી જરૂરિયાત છે, કારણકે ભવિષ્ય અનિશ્ચિત છે.

વ્યસન, સ્વાદ, મોજશોખ, આનંદપ્રમોદના વિભાગો પછીથી આવે છે. પૈસા બચે ત્યાર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પછીથી આ વિલાસની વસ્તુઓની વાત વિચારવી જોઈએ. જે બેપરવાહ માણસ સ્વાદની વાત વિચારે છે, તે પોતાના કુટુંબોને ભૂખ્યા, નગ્ન અને અપમાનિત બનાવી રાખે છે. માથા પર લેણદારો હોય તો માણસને સ્વાદનું ચટોરાપણું યાદ ન રહે કે આનંદપ્રમોદના સાધનો મજા ન આપે.

નગ્ન શરીર અને ભૂખ્યું પેટ હોય તો સ્વાદની યાદ આવતી નથી અને ન તો કોઈ હસીમજાક ગમે છે.

ભોજન, કપડાં અને મકાનની સગવડની સાથે હસીમજાકનો અભાવ તો સહન કરી શકાય છે. પરંતુ હસીમજાક, ફેશન અને ટીપટાપની સગવડ હોવા છતાં પણ ભોજન, કપડાં અને મકાનનો અભાવ સહન કરી શકાય નહીં.

પૌષ્ટિક વસ્તુઓ, જીવન વિકાસ, કૌટુંબિક જવાબદારીઓ અને શિક્ષણ વગેરેના સાધનો પછી પૈસા બચે ત્યાર પછી જ સિનેમા, હૉટલ કે હરવાફરવાની વાત વિચારવી જોઈએ. સૌથી પહેલા સમગ્ર પરિવાર માટે ભોજન, કપડાં, રહેઠાણ, શિક્ષણ, લગ્ન વગેરેની જરૂરિયાતો માટે બચત કરવામાં આવે, પછીથી સારું અનાજ, શાકભાજી, દૂધ, ફળ વગેરે લેવામાં આવે, પછીથી શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે, એના પછી પૈસા બચે તો આનંદપ્રમોદ, મોજશોખ, ભેટસોગાદોના વિભાગોમાં ખર્ચ કરી શકાય છે. પાનબીડી, સિનેમા ફેશન, મોજશોખ વગેરેમાંથી પૈસા બચાવીને બચતના વિભાગમાં નાખવા જોઈએ. ખર્ચ વધી જાય છે તો કોઈ અન્ય ખર્ચમાં કાપકૂપ કરીને અને સંયમપૂર્વક ગુજરાન ચલાવીને જીવન વિતાવવાની ટેવનો વિકાસ કરવો જોઈએ. એક એક પૈસો બચાવીને કેટલાક માણસો અઢળક સંપત્તિના સ્વામી બની ગયા છે.

જો વાસ્તવમાં તમે તમારા કુટુંબની સમૃદ્ધિ અને પ્રતિષ્ઠા ઈચ્છો છો, મર્યાદિત આવકમાં આનંદ માણવા માગો છો તો કરકસરથી રહેવાનું શીખો, યોગ્ય બજેટ બનાવો અને એક સુનિશ્ચિત વિચારસરણી મુજબ તેનું પાલન કરીને જીવન વિતાવો.

બચત જ તમારી અસલી આવક છે.

❑

---

એક વખત એક ગૃહસ્થ પરેશાન થઈને ગુરુદેવની પાસે આવ્યો અને બોલ્યો, "મેં કેટલીય વખત પ્રયત્ન કર્યો, પરંતુ મારી પત્ની માનતી નથી. તે તો પોતાના તરફથી કંઈ કહેતી નથી, પરંતુ જેવું હું ઈચ્છું છું તેવું તેની પાસે મારું કાર્ય કરાવી શકતો નથી. બતાવો. હું શું કરું ?"

ગુરુદેવે કંઈ કહ્યા સિવાય બે ડોલમાં પાણી મંગાવ્યું. એક ડોલમાં એક ટીપું તેલ નાખ્યું અને બીજીમાં એક ખોબો દૂધ રેડ્યું. તેલ પાણીની પર તરવા લાગ્યું, જોકે દૂધ પાણીમાં એકાકાર થઈ ગયું. પોતાની કસોટી સમજાવતાં તેમણે કહ્યું, "તમારે કૌટુંબિક જીવનમાં દૂધની માફક એકાકર થવું જોઈએ, તેલની માફક છવાઈ જવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં."

ગૃહસ્થ જીવનનું રહસ્ય તેની સમજમાં આવી ગયું અને તે ઉત્સાહપૂર્વક હળીમળીને જીવન પસાર કરવા પાછો ઘેર વળી ગયો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# આત્મશુદ્ધિ, આત્મવિકાસ તથા કાયાકલ્પ

**(કલ્પસાધના સત્ર દરમિયાન મે-૧૯૮૨માં શાંતિકુંજ ક્ષેત્રમાં આપેલું પ્રવચન)**

ગાયત્રીમંત્ર અમારી સાથોસાથ બોલો.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

**દેવીઓ અને ભાઈઓ,**

આપને એ જણાવવામાં આવ્યું છે કે પોતાના પાપોનું પ્રાયશ્ચિત કરવું પડશે. પ્રાયશ્ચિત કેવી રીતે થશે ? એના માટે આપને કેટલાક પ્રસંગો સંભળાવું છું. આમ્રપાલીએ પ્રાયશ્ચિત કર્યું. આમ્રપાલીએ હજારો પુરુષોની જિંદગીઓ બગાડી, કુમાર્ગ પર ચલાવ્યા, ઘણું બધું ધન કમાઈ અને એ પાપથી છૂટવા માટે ભગવાન બુદ્ધનું શરણ લીધું. ભગવાન બુદ્ધે શરણમાં તો લઈ લીધી, પરંતુ સાથોસાથ એ પણ કહ્યું કે અગાઉના જે ગુના છે તેની ચૂકવણી તો કરવી જ પડશે, આધ્યાત્મિક ઉન્નતિ ફક્ત મંત્ર જપ કરવાથી સરળ બનશે નહીં. આમ્રપાલીએ કહ્યું, "સારું, મેં જે કાંઈ ગુના કર્યા છે, જે કાંઈ પૈસા તે ગુના દ્વારા મેળવ્યા છે તે બધી જ સંપત્તિને હું દુનિયામાં જ્ઞાનના વિકાસમાં ખર્ચી દઈશ." તેની પાસે કરોડો રૂપિયાની સંપત્તિ હતી, તે લાવીને ભગવાન બુદ્ધના ચરણોમાં રાખવામાં આવી અને એમ કહ્યું, "મેં અનેકોને ગેરમાર્ગે ચલાવ્યા છે પરંતુ આપ અનેકોને સારા માર્ગ પર ચલાવવા માટે આ પૈસાને ખર્ચી નાખો." બરાબર આમ જ થયું. ભગવાન બુદ્ધે આમ્રપાલીની કરોડો રૂપિયાની સંપત્તિ વડે બુદ્ધવિહારો બનાવડાવી દીધા, ધર્મપ્રચારકોના શિક્ષણની વ્યવસ્થા બનાવી દીધી. આ રીતે જે અનીતિનું ધન હતું તે બધું તેમાં લાગી ગયું જેથી પ્રાયશ્ચિત થઈ ગયું.

આવી જ પદ્ધતિ એક બીજા માણસે અપનાવી, એનું નામ હતું-અંગુલિમાલ. અંગુલિમાલે પોતાના જીવનમાં ઘણી બધી હત્યાઓ કરી હતી. ન જાણે કેટલાંયને કાપી નાખ્યા હતા અને પછી ઘણું બધું ધન કમાઈ લીધું હતું. તેની પાસે બહુ જ ધન હતું. તે ભગવાન બુદ્ધનો શિષ્ય બનવા માટે અને મંત્ર માગવા માટે આવ્યો. ભગવાન બુદ્ધે મજાકમા જ કહ્યું, "લાગે છે આપ મંત્ર જાણીને વૈકુંઠ જવા માગે છો "તે બોલ્યો, "હા પ્રભુ ! મેં સાંભળ્યું છે કે જે કોઈમંત્ર જપ કરી લે છે, રામનામ લે છે તે વૈકુંઠ જાય છે." ભગવાન બુદ્ધ ખૂબ હસ્યા, એમણે કહ્યું, "જે માણસે આપને આવી સલાહ આપી છે તે બહુ મોટો ગાંડો માણસ લાગે છે અને આપે વિશ્વાસ કરી લીધો, આપ તેનાથી પણ વધુ ગાંડા લાગો છો. ફક્ત રામનામનો જપ કરવાથી અથવા તેના શબ્દનું ઉચ્ચારણ કરવાથી કે દેવીદેવતા પાસે આજીજીઓ કરવાથી કે કોઈ ક્રિયાકૃત્યને પૂરા કરવાથી આપ આધ્યાત્મિકતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં ક્યારેય સમર્થ નથી થઈ શક્તા. રસ્તો એક જ છે-આપે જે ભૂલો કરી છે તેને સુધારો. ખાઈઓને પૂરી નાંખો. કેવી રીતે પૂરશો ? જે ધન આપ અનીતિથી કમાયા છો તેને ખર્ચી નાંખો." બસ, એમણે એમ જ કર્યું. અંગુલિમાલે કરોડો રૂપિયાની સંપત્તિને આમ જ ખર્ચી નાંખી. ભગવાન બુદ્ધે સમગ્ર સંસારમાં, તેમની જ ભાષામાં બૌદ્ધ ધર્મના ગ્રંથોનો અનુવાદ કરાવીને અને તે ગ્રંથોને બીજા દેશોમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોડીઓમાં મૂકીને મોકલવાનો પ્રયત્ન કર્યો. અંગુલિમાલનું બધું ધન તેમાં ખર્ચાઈ ગયું.

આ લોકોએ ધન સિવાય પણ બીજા અનેક ગુના કર્યા હતા, લોકોનુ ચરિત્ર બગાડ્યું હતું, ઈમાનદારી ખરાબ કરી હતી, દુઃખ અને દારિદ્રયની આગમાં તેમને ધકેલી દીધાં હતાં. આટલા લોકોની કતલ કર્યા પછી પણ કેટલાય આત્માઓએ ચીત્કાર કર્યો હશે, તેની ભરપાઈ શું ફક્ત પૈસાથી થઈ શકે છે ? તેં તો ફક્ત પૈસા જ ચૂકવી દીધા અને દર્દનું શું થયું ? આમ્રપાલીએ પોતાના ભાવી જીવનને ભૂતકાળની ખાઈને સપાટ કરવામાં સમર્પિત કરી દીધું. તે સંત બની ગઈ અને સ્વામી વિવેકાનંદની માફક સમગ્ર એશિયામાં અને સમગ્ર હિન્દુસ્તાનમાં ગામેગામ જ્ઞાનનું શિક્ષણ આપવા માટે ફરતી રહી સત્કર્મનું શિક્ષણ આપવા માટે આ રીતે તેણે ન ફક્ત પોતાના ધનનો ત્યાગ કર્યો, પરંતુ પોતાના સમય અને પોતાના પરસેવાને પણ એમાં જ ખર્ચી નાંખ્યો. જે ઉત્સાહ તેણે ખરાબ કામ કરવામાં, ગંદી જિંદગી જીવવામાં લગાવ્યો હતો તેમ જ ઉત્સાહ તેણે ભાવી જીવનને પુણ્યશાળી અને પવિત્ર કરવામાં પણ ખર્ચી નાખ્યો. ત્યારે આમ્રપાલી સાચા અર્થોમાં સંત બની ગઈ. અંગુલિમાલે પણ આમ જ કર્યું. અંગુલિમાલની પાસે જે હતું તે તો એમણે ખર્ચી જ નાખ્યુ, બૌદ્ધ ધર્મના ગ્રંથોને સમગ્ર વિશ્વની ભાષાઓમાં અનુવાદ કરાવવામાં ફક્ત ધનથી થોડું કામ ચાલે છે. તેમણે ફક્ત ધનનું અપહરણ થોડું કર્યું હતું ? કેટલાય આત્માઓને દુઃખી પણ કર્યા હતા. તેનું પ્રાયશ્ચિત આ જ હોઈ શકતું હતું કે પોતાના સમય, શ્રમ, તથા બચેલા જીવનને ઉચિત કામોમાં વિતાવવામાં આવે, તેમ જ થયું. અંગુલિમાલ એક સંત થઈ ગયા. સંતના રૂપમાં સમગ્ર સસારમાં કામ કરતા રહ્યા અને બરાબર પ્રાયશ્ચિત માટે ચાલતા રહ્યા. આનાથી પ્રાયશ્ચિતનો કોઈ ઉપાય સારો ન હોઈ શકે, એટલા માટે આપ પોતાનું સમયદાન આપી દો. સમય ન આપો, ક્ષતિપૂર્તિ ન કરો તો પછી શું થયું ? આ તો પ્રાયશ્ચિતની મજાક ઊડાવી ગણાય અને વિધિ-વ્યવસ્થાની સાથે ઉપેક્ષા કરી ગણાય. ભગવાનને ત્યાં અંધેર નથી. પાપ કરવાવાળા હાથ-પગ જોડશે, નાક રગડશે, પૂજા કરશે, પંચામૃત પીશે તો પાપ-મુક્ત થઈ જશે, પછી ભગવાનની દુનિયામાં નિયમ ક્યાં રહ્યો, વ્યવસ્થા ક્યાં રહી ? પછી લોકો આમ જ કરતા રહેશે. પાપ કર્યા કરશે અને બસ પ્રાર્થના કરી લેશે, પંચકર્મ કરી લેશે, ડૂબકી મારી લેશે, પછી પાપોનો ડર તો કોઈ છે જ નહીં. ત્યારે સંસારની વ્યવસ્થાઓને કોણ કાયમ રાખશે ? આપ આવું ન વિચારશો. આપે ફક્ત એ વિચારવું જોઈએ કે આ ચિત્તભ્રમનો એક પ્રકાર છે, બીજું કાંઈ નહીં.

અહીંયા જે કલ્પસાધના આપને કરાવવામાં આવી રહી છે તેમાં પણ અન્નને, આહારને ઓછું કરવું પડે છે, ભોજન પર નિયંત્રણ રાખવુ પડે છે, સ્વાદ પર લગામ રાખવી પડે છે, તે જ આપે કરવું પડે છે. બંનેમાં એક જ વાત છે, તેથી આપને આ પાયશ્ચિત કરવાની સાથે, તિતિક્ષા કરવાની સાથે હવે એક નવું કામ શરૂ કરી દેવું જોઈએ-પાપોનું પ્રાયશ્ચિત કરો સમયદાન આપીને.

સમયેદાન માટે શું કરવું જોઈએ ? આ વિષયમાં એક જૂની પરંપરા છે કે તીર્થયાત્રા કરવી જોઈએ, પાપો માટે તીર્થયાત્રા-તીર્થયાત્રા, તીર્થયાત્રા. આપ ક્યાંયથી પણ જાણકારી મેળવી લો, પાયશ્ચિતોમાં તીર્થયાત્રા કરવી જોઈએ એમ જ લોકો કહેશે. આ તીર્થયાત્રા શું હોય છે ? તીર્થયાત્રા કહેવાય છે ધર્મપ્રચારની પદયાત્રાને. તીર્થયાત્રાનો અર્થ છે ગામેગામ ફરવું, દરેક જગ્યાએ જવું, લોકોને સારા સારા ઉપદેશ આપવા. પ્રાચીન કાળમાં જો ગૌહત્યાઓ થઈ જતી હતી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો લોકો ગાયોની પૂંછડી લાકડી સાથે બાંધીને મોં ઢાંકીને ગામેગામ ફરતા હતા, પછી કહેતા હતા અમારાથી ગાયની હત્યા થઈ ગઈ છે અને અમે કલંકી છીએ. અમને કલંક લાગી ગયું છે. આ રીતે પોતાના પાપોને ગામેગામ બતાવતા હતા, પરંતુ એની સાથેસાથે લોકોને એ પણ કહેતા હતા કે અમે તો ભૂલ કરી છે, પરંતુ આપમાંથી કોઈ ન કરતા. અમે ભૂલથી, ગુસ્સામાં આવીને ગાય પર હુમલો કર્યો અને તેને મારી નાખી, આપ એવું ન કરતા. આમ ઉપદેશ પણ કરતા હતા અને પોતાની ભૂલ પણ બતાવતા હતા.

આપે આ જ કરવું જોઈએ. આપે દરેક જગ્યાએ જઈને તીર્થયાત્રાના રૂપમાં પદયાત્રા કરવી જોઈએ. પદયાત્રાના રૂપમાં ગામેગામ ફરવું જોઈએ. પદયાત્રાનું એક રૂપ-તીર્થયાત્રાનું એકરૂપ અત્યારે પણ જોવા મળે છે. આપે ક્યારેય વૈદ્યનાથ ધામ જવાની બાબતમાં સાંભળ્યું છે ? આપણે ત્યાં ઉત્તરપ્રદેશમાં પણ આવો રિવાજ છે કે શિવરાત્રિના સમયે લોકો ગંગાજીમાંથી ગંગાજળ ચઢાવવા માટે લાવે છે અને પોતાને ત્યાં કોઈ દેવાલયમાં ચઢાવે છે. ખભા પર કાવડ બાંધીને લાવે છે. કાવડ લઈને ચાલવવાળા આખા રસ્તે સારાસારા ગીતો સંભળાવતા જાય છે. રસ્તે ચાલનારાઓને દરેક વખતે સારું શિક્ષણ આપતા જાય છે. જ્યાં પણ રસ્તે ચાલનાર મળી જાય છે, જે કોઈ ગામમાં પ્રવેશ કરે છે ત્યાં સારા દોહા, જ્ઞાનના દોહા, ભક્તિના દોહા, વૈરાગ્યના દોહા અને કર્તવ્યપાલનના દોહા સંભળાવતા જાય છે. આમ તેમનો ધર્મોપદેશ પણ સાથે સાથે ચાલતો રહે છે, પદયાત્રા પણ ચાલતી રહે છે અને જનસંપર્કનું કાર્ય પણ થતું રહે છે. જનસંપર્ક એક, પદયાત્રા બે, ધર્મપ્રચાર ત્રણ. આ ત્રણ વાતોને મેળવી દો, આપની સાચા અર્થમાં પદયાત્રા થઈ જશે. જેઓ અત્યારે ચાલી રહ્યા છે તે તો ફક્ત ભાગદોડ છે, પર્યટન છે, પર્યટન માટે ફરવાના શોખીન લોકો, દેશવિદેશમાં ફરવા માટે જાય છે, એક જુએ છે, બીજું જુએ છે. તેઓ ફક્ત જોવા માટે જાય છે, દર્શન કરવાનું તેમને ક્યાં આવડે છે. તેઓમાં દર્શન કરવાની બુદ્ધિ ક્યાં છે. ફક્ત જોવા જાય છે કે બદ્રીનાથ ક્યાં છે, કેદારનાથ ક્યાં છે ? મંદિરોમાં રાખેલાં રમકડાને જોવા માટે જાય છે, જોવાની દૃષ્ટિ તેઓમાં ક્યાં છે ? દર્શન માટે દૃષ્ટિ જોઈએ. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને જોવાની દૃષ્ટિ આપી હતી. અર્જુને કહ્યું હતું અમને ભગવાનનું રૂપ બતાવો તો એમણે કહ્યું, "પહેલા દૃષ્ટિ તો મેળવ, જોઈ કેવી રીતે શકીશ ? જોવા માટે તો હું પણ છું. ના સાહેબ, આપ ભગવાન નથી. અમે તો ભગવાન જોવા માગીએ છીએ. તો પછી દૃષ્ટિ વિકસિત કર, દૃષ્ટિથી દર્શન થાય છે. જેમની પાસે દૃષ્ટિ નથી તેમને સ્પષ્ટ કહી શકાય કે આ તો ફક્ત ફરવાનો શોખ પોષો છો, ફરવાથી શો ફાયદો ? આ તો ફક્ત મનોરંજન છે. એમ માની લો કે કલકત્તા, મુંબઈ ન ગયા. બદ્રીનાથ જઈ આવ્યા. એમાં કોઈ પણ ફરક નથી, બંને બાજુ જવાથી ફરવાની જરૂરિયાત પૂરી થઈ જાય છે, પછી તીર્થયાત્રાનું પુણ્ય કેવી રીતે મળી શકે છે ? તીર્થયાત્રાની પાછળ તો ઉદ્દેશ જોડાયેલો હોય છે, ક્રિયાઓ જોડાયેલી છે. ક્રિયાઓનો અર્થ એ છે કે આપે ધર્મપ્રચારની પદયાત્રાઓમાં જોડાવું જોઈએ. ધર્મપ્રચારની પદયાત્રામાં જો આપ જોડાઈ ગયા છો તો આપની તીર્થયાત્રા ફળદાયક માનવામાં આવશે.

પ્રાચીનકાળના ઋષિ પણ આમ જ કરતા હતા. ઘેર ઘેર અલખ જગાવતા હતા. અલખ શું છે ? અલખ એવી રીતે કરતા હતા કે ઘેર ઘેર દરવાજા પર ઊભા રહીને ગીત ગાતા હતા. એક હોય તો એકલા-જો બે માણસ હોય તો બને સાથે સાથે, એને અલખ જગાવવાનું કહે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઘરમાં રહેતો દરેક માણસ બહાર નીકળીને મહાત્માજીની વાત સાંભળતો હતો, ગીત સાંભળતો હતો, ઊપદેશ સાંભળતો હતો. એને અલખ જગાવવાનું કહેવાય છે. ઘેર-ઘેર જઈને સંપર્ક બનાવવાનું કહેવાય છે. તે આપની પાસે આવશે ? ના, આપની પાસે નહીં આવે. વાદળોની પાસે ખેતર કેવી રીતે આવી શકે ? બતાવો. ખેતરોની પાસે એટલું સામર્થ્ય હોત તો પછી શું કામ કોઈની રાહ જુએ ? મિત્રો, વાદળોએ જ આવવું પડે ? ઘેર-ઘેર આપ લોકોએ જ જવું પડશે. તેઓ આપની પાસે નહીં આવે. દુર્ઘટનાઓથી ઘેરાયેલા માણસો કેવી રીતે આપની પાસે આવી શકશે ? ટાંગ તૂટી ગઈ છે, એક્સીડન્ટ થઈ ગયો છે અને આપ કહી રહ્યા છો, આવો સાહેબ ! અમારે ત્યાં આવો, પ્રાર્થનાપત્ર લખો, પૈસા આપો. ત્યારે અમે આપને મદદ કરીશું. એટલી પણ લાયકાત હોત તો બિચારો તૂટેલી ટાંગે શું કામ આવે ? તો પછી ઘોડેસવાર ન હોત. ઘોડેસવાર નથી, ટાંગ તોડેલો માણસ છે તેથી ચાલી નથી શકતો. આપ લોકોએ જ જવું પડશે. પૂર ઘણાં આવે છે, દુર્ઘટનાઓ થાય છે અને બીજી પણ મુસીબતો આવે છે, ભૂકંપ આવે છે, મહામારી ફેલાય છે તેમાં અધિકારી લોકો એવી રાહ નથી જોતા કે જે દુઃખી છે તેઓ અમારી પાસે આવે, અરજી આપે અને અમને વિનંતી કરે. ના, આપ લોકોએ જ દોડતાં જવું પડશે. હવા નાકમાં ઘુસવા માટે દરેક વ્યક્તિ પાસે દોડતી પહોંચી જાય છે. સૂરજનો પ્રકાશ દરેક વ્યક્તિ પાસે આપમેળે પહોંચી જાય છે અને તેને ગરમી અને પ્રકાશ આપી આપે છે. આપે સૂરજની માફક, હવાની માફક અને વાદળોની માફક એ બધી જગ્યાઓ પર જવું જોઈએ, જ્યાં જ્ઞાનની જરૂરિયાત છે.

આ જરૂરિયાત પછાત અને કચડાયેલા લોકોને પણ છે અને ભણેલા-ગણેલા લોકોને તો એથી પણ વધુ છે. પાછળ પડી ગયેલા લોકો એક પ્રકારના વિચિત્ર અને ભણેલા લોકો બીજા પ્રકારના વિચિત્ર લોકો છે. તેઓમાં કોઈ ખાસ ફરક નથી. ચરિત્રની દૃષ્ટિએ, ચિંતનની દૃષ્ટિએ, આદર્શોની દૃષ્ટિએ, સમગ્ર સમાજ લગભગ એક જ સ્તર પર જઈ પહોંચ્યો છે. એમાં ધનવાન અને નિર્ધનનો તફાવત કરવો ખૂબ મુશ્કેલ છે, ભણેલા અને અભણનો ભેદ કરવો ખૂબ મુશ્કેલ છે. જ્યાં સુધી ગફલતનો સંબંધ છે, દુર્ભાવનાઓનો સંબંધ છે, બંને ક્ષેત્ર એકબીજા કરતાં ચઢિયાતાં દેખાવાં તૈયાર છે. ભણેલા-ગણેલા વધુ કમાઈ લે છે, અભણ ઓછું કમાય છે એ જુદી વાત છે. ભણેલા-ગણેલા માણસો વધારે ચાલાક હોય છે, ભણ્યા વગરના ઓછા ચાલાક હોય છે એ વાત જુદી છે. ભણેલા માણસો પાસે સારા મહેલ, મકાન અને પૈસા હોય છે. ગામવાળાઓ પાસે જૂના ફાટેલાં કપડાં હોય છે, તૂટેલી-ફૂટેલી ઝૂંપડી હોય છે, પરંતુ જ્યાં સુધી ચરિત્રનો સંબંધ છે ત્યાં સુધી બંનેય એક જ સ્તરના છે તેથી અમે અને આપમાંથી દરેક માણસ જેણે પ્રાયશ્ચિત કરવું હોય, તેણે તીર્થયાત્રાની તૈયારી કરવી જોઈએ, ઘેર-ઘેર જવું જોઈએ અને જનસંપર્ક કરવો જોઈએ.

જનસંપર્ક શેના માટે ? ધર્મધારણા જાગૃત કરવા માટે, વિચારક્રાન્તિ માટે, જનમાનસનો વિકાસ કરવા માટે, લોકમાનસમાં આદર્શવાદની પ્રતિષ્ઠા સ્થાપિત કરવા માટે છે. આ જ ઉદ્દેશ હોવો જોઈએ. ઘેર-ઘેર આપ જશો, શેના માટે જશો ? ભીખ માગવા માટે ? ના સાહેબ ! ભીખ તો નહીં, આમ જ જઈશું. આપ ઘેર-ઘેર એક ઉદ્દેશ માટે જાઓ, ગામે-ગામ એક ઉદ્દેશ માટે જાવ કે અમારે જન-જાગૃતિની હવા ઊભી કરવી છે. તીર્થયાત્રાનો આ જ ઉદ્દેશ છે. એમાં પગે ચાલવું પડે છે જેથી વધુમાં વધુ લોકો રસ્તામાં મળે અને એમની સાથે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંપર્ક સ્થાપી શકાય.

આપ લોકોએ પણ એવી જ તીર્થયાત્રાની તૈયારી કરવી જોઈએ. આપ અહીંયાથી જાઓ ત્યારે એક યોજના બનાવીને જાવ કે કેવા પ્રકારની લાંબી યાત્રા કરીશું અને તેમાં કયા લોકોને મળીશું, એમને કયો સારો ઉપદેશ આપીશું ? એનો એક જ રસ્તો છે - આપ સાયકલયાત્રા કરો. સાયકલ ચલાવવાને તો હું પદયાત્રા જ માનું છું. એ માનું છું કે આ યાત્રામાં આપે બિસ્તરો લઈને જવું પડશે, કપડાં લઈને જવું પડશે. એને સાયકલ પર સાથે રાખીને જશો તો વધારે સુવિધા રહેશે અને એમ કરો કે દરેક જગ્યાએ શિક્ષણ આપવા માટે અલખ જગાવવા માટે એક યોજના બનાવીને લઈ જાઓ.

દીવાલો પર ચૂનો-ગેરુ વડે આદર્શ વાક્ય લખવાની આપ ટેવ પાડો. એના વડે આપ અસંખ્ય માણસોને, રસ્તે જનારાઓને પ્રેરણા આપવામાં સમર્થ બની શકશો.

પાયશ્ચિતની આ પણ એક પદ્ધતિ છે. એ સિવાય બીજું શું કામ કરશો ? અહીંયાની શિબિરોમાં ડફલી વગાડવાનું શીખવાડવામાં આવે છે, સડક પર ઊભા રહીને ગાવાવાળા સ્ટેજ ગાયકોની એક નવી પેઢી અને નવો છોડ અમે લગાવ્યો છે. આપ પણ તેમાં સામેલ થાઓ તો એક બે માણસો સાથે ડફલી અને ખંજરી લઈને પહોંચી જાઓ. કોઈ પણ ગામના લોકોને ક્યાંય પણ એકઠા કરી લો, જ્યાં પરબ છે ત્યાં પાણી પીવા માટે બેસી જાઓ, ડફલી વગાડવા લાગો. બસમાં મુસાફરી કરવી હોય તો બસમાં પણ આપ આમ કરી શકો છો. રસ્તામાં બેઠા હો તો એક સારું ભજન ગાવાનું શરુ કરી દો. તેનાથી લોકોના હૃદયમાં એક નવી જાગૃતિ પેદા થશે. આ નાની-નાની વાતો છે. આપ ક્યાંક જઈને પ્રજ્ઞાપુરાણની કથાઓ પણ કહી શકો છો, રાત્રે સત્સંગ કરી શકો છો. આ રીતે આપમાંથી દરેક વ્યક્તિએ, જ્યાં પણ, જે કોઈ ક્ષેત્રમાં જ્ઞાનની દૃષ્ટિએ અભાવગ્રસ્ત માણસો દેખાય ત્યાં તરત જ જન-જાગૃતિનું કામ શરું કરી દેવું જોઈએ. ભણેલા અને અભણનો ફરક ન કરશો. એના માટે આપે શિક્ષણ આપવામા ફરક કરવાની જરૂરત નથી કે આપ કોને કહો, કોને ન કહો, આપ બધાને જ કહો. દરેક માણસ આ બાબતમાં દરિદ્ર છે. દરેક માણસને આપના જ્ઞાનની જરૂરિયાત છે. એટલા માટે આપે તીર્થયાત્રાની યોજના બનાવી લેવી જોઈએ. શક્ય હોઈ શકે તો પોતાના ઘરેથી હરિદ્વાર માટે ચાલી નીકળો, મથુરા માટે ચાલી નીકળો, આ બંને પણ ગાયત્રીના મોટા તીર્થ છે. દર્શન કરવા માટે તો તીર્થ ઘણાં છે, પરતુ આવા તીર્થ જેમાંથી પ્રેરણા મળતી હોય તેવા ક્યાંય નથી. તીર્થોમાં જઈને તપ કરો, તીર્થોમાં જઈને પ્રાયશ્ચિત કરો. લાખો માણસો અત્યારે પણ જાય છે અને પ્રાયશ્ચિતની વિધિ પૂરી કરે છે, મૂંડન સંસ્કાર કરાવે છે, તીર્થમાં સ્નાન કરે છે, ત્યાં જઈને ગૌદાન કરે છે, બ્રાહ્મણોને ભોજન કરાવે છે, આ બધી વાતો એ બતાવે છે કે તીર્થયાત્રાનું સ્વરૂપ કેવું હોવું જોઈએ ? તીર્થયાત્રાથી પાપ કપાય છે અર્થાત્ પાપોનો ખાતમો બોલાય છે. કેવી રીતે ? મેં આપને બતાવ્યું ને કે જનસંપર્ક સાધવો જોઈએ અને અલખ જગાવવો જોઈએ. આ સિવાય તીર્થયાત્રામાં બીજી પણ ઘણી વાતો બતાવવામાં આવી છે. આપ તે સમયે એકાંતમાં રહીને પોતાના પ્રાયશ્ચિતની સાધનાઓ કરો, ઉપાસના કરો, આત્મશુદ્ધિ માટે પૃષ્ઠભૂમિ બનાવો.

પ્રાચીનકાળમાં તીર્થોમાં બે પ્રકારના લોકો માટે શિક્ષણની વ્યવસ્થા હતી. એક બાળકોનું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શિક્ષણ જેને ગુરુકુળ કહેવાય છે. ગુરુકુળોમાં જેટલા પણ ગુરુકુળ હતા, બધા તીર્થસ્થાનોમાં બનેલાં હતાં. તીર્થસ્થાનોને કારણે ગુરુકુળ બનાવવામાં આવ્યાં અથવા ગુરુકુળોને કારણે તીર્થસ્નાન બની ગયાં એ અત્યારે આ પ્રકારની ચર્ચાનો સમય નથી. બંને એક જ વાત છે. પ્રાચીનકાળમાં જ્યાં ગુરુકુળો હતાં ત્યાં સ્કૂલ ખોલવામાં આવી હતી. તે તીર્થ બનાવી દેવામાં આવ્યાં. રાજસ્થાનના વનસ્થળી વિદ્યાલયને અમે તીર્થ કહેતાં રહ્યાં છીએ. બાબાસાહેબ આમ્ટેના અપંગ ચિકિત્સાલયને અમે તીર્થ કહેતાં રહ્યાં છીએ. તીર્થ પહેલાં હતાં ? પહેલા તો નહોતાં, હવે સારા માણસો વડે તૈયાર થઈ ગયા અથવા પ્રાચીનકાળમાં તે તીર્થ બન્યાં હતાં તો કોઈ શ્રેષ્ઠ કાર્ય વડે બન્યાં હતાં.

આપ હરિદ્વારની તૈયારી કરી શકો છો, આપ મથુરાની ગાયત્રી તપોભૂમિ જવાની તૈયારી કરી શકો છો. સાયકલ પર આપ નીકળી પડો. ગામેગામ જાઓ, ઘેર-ઘેર રોકાઓ, દિવાલો પર આદર્શ વાકયો લખો, ડફલીથી ગીત અને સંગીત સંભળાવો, રાત્રે પ્રવચનની વ્યવસ્થા કરો, યજ્ઞ વગેરેની વાત વિચારો, સારું સાહિત્ય લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરો. જો આપ આવા કામ કરતાં રહો જેના વડે જન-જીવનમાં નવી ચેતના ભરવાની તક મળે છે અને આપને સેવા કરવાની, શ્રમ કરવાની, ત્યાગ કરવાની તથા રસ્તો બતાવવાની તક મળતી હોય તો સમજવું જોઈએ કે તીર્થયાત્રા પાછળનો ઉદ્દેશ સફળ થયો. તીર્થોમાં લોકો મૂંડન કરાવતાં હતાં અને આધાર એ હતો કે અમે જૂના- છોડવા યોગ્ય વિચારોને, ખરાબ વિચારોને બદલી નાખ્યા છે. માથા પર ઉગેલા વાળને પહેલાં કુવિચારનું પ્રતીક માનતાં હતાં અને પ્રતીક માનીને આમ કહેતાં હતાં. લોકોને અત્યાર સુધી આ રીતે જ પ્રોત્સાહન મળતું હતું. શાસ્ત્રોમાં તીર્થોનું એટલું વધારે માહાત્મ્ય બતવાવામા આવ્યું છે કે કદાચ બીજી કોઈ વસ્તુ અને કોઈ પુણ્યફળનું ન બતાવ્યું હોય. તીર્થે જરૂરથી જવું જોઈએ. મુસલમાન ધર્મમાં પણ આવી માન્યતા છે. જિંદગીમાં એક વખત મક્કા જવાનું જરૂરથી પસંદ કરે છે. હિન્દુધર્મમાં પણ આવો જ મત છે કે તીર્થયાત્રા જરૂર કરવી જોઈએ, પરંતુ તીર્થયાત્રા ઉદ્દેશપૂર્ણ હોવી જોઈએ ત્યારે જ એનો લાભ છે, નહીંતર કશું નથી.

આપ જે તીર્થમાં જાઓ, ત્યાં થોડાક દિવસ રહો, સાધના કરો, તપસ્યા કરો. ઉપાસના કરો અને એવાં વાતાવરણ અને સત્સંગમાં રહો જેનાથી આપ પાછળના ઘૃણાજનક ભૂતકાળને છોડીને ઉજ્જવળ ભવિષ્યમાં પ્રવેશ કરવા માટે સમર્થ થઈ શકો. આ કાર્ય વાતાવરણ સાથે સંબંધ રાખે છે, આ કાર્ય તેની સામગ્રી સાથે સંબંધ રાખે છે, આ કાર્ય અહીંયાની પ્રાણદાયક પ્રક્રિયા સાથે સંબંધ રાખે છે. તીર્થોમાં પહેલા બધી વાતોની સુવિધા રહેતી હતી. એટલા માટે લોકો તીર્થોમાં જતાં હતાં. અને ત્યાં રોકાતાં હતાં. અનુષ્ઠાન તો પોતાના ઘેર રહીને પણ કરી શકાય છે. પરંતુ સારા વાતાવરણમાં રહીને અનુષ્ઠાન કરવું એક વાત છે અને હલકાં વાતાવરણમાં, નિરાશાજનક વાતાવરણમાં, કામવાસનાના વાતાવરણમાં, લોભ-મોહના વાતાવરણમાં રહીને કરી લો તો એ એક ચિહ્ન-પૂજા જેવી પ્રક્રિયા હશે. વાતાવરણનું પણ ખૂબ ઊંચુ મહત્ત્વ હતું. તેથી પ્રાચીનકાળમાં તીર્થયાત્રા માટે વાતાવરણને પણ જોવામાં આવતું હતું. ઋષિઓનું સાંનિધ્ય, તપશ્ચર્યાનો ઉપક્રમ વગેરે બધી વાતો ગણાતી હતી. આપ એમ માનીને ચાલી શકો છો કે આપ અહીંયા જે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કલ્પસાધના શિબિરમાં આવ્યા છો તે વાસ્તવમાં એક મહીનાના તીર્થસેવન સત્ર જેવું છે, આને તીર્થસત્ર પણ કહી શકો છો. તીર્થોમાં આવી જ પરંપરા રહેતી હતી. અત્યારે પણ આવું થાય છે. પ્રયાગમાં મહા મહીનામાં આને જ મળતી શિબિરો થાય છે. લોકો એક મહીના સુધી ત્રિવેણીમાં, રેતીમાં ઝૂપડી નાંખીને રહે છે, ન ક્યાંય બહાર જાય છે, ન બહાર આવે છે, ન કોઈની ઘર-ગૃહસ્થીની ચિંતા કરે છે, આત્મ-કલ્યાણ, લોક-કલ્યાણની ચિંતામાં ડૂબેલાં રહેવાના કારણે ઘર-ગૃહસ્થી સાથે જોડાયેલાં સંબંધોની બાબતમાં એક મહીના માટે વૈરાગી થઈ જાય છે. ઘરવાળાઓને કહી દે છે કે ત્યાંના સમાચારોની ચિઠ્ઠી-પત્ર ન મોકલે, અમને કોઈ લેવડ-દેવડના સમાચાર ન આપે, કોઈ વિકટ પરેશાની આવતી હોય તો પોતાની રીતે ઉકેલી લે. અમારા સુધી ન આવશો અને અમારા સ્વપ્નમાં વિઘ્ન ન નાખશો. ઘરવાળા પણ આ વાતોનું ધ્યાન રાખે છે. જરૂર પડે ત્યારે ફક્ત એટલું જ પૂછે છે કે કોઈ સામાનની જરૂરિયાત તો નથી ને, કોઈ ચીજવસ્તુ તો નથી જોઈતી ને ? બસ, જે વસ્તુની જરૂરત હોય છે તે લાવીને આપી દે છે. બાકી એક-એક ક્ષણ તીર્થયાત્રી કે કલ્પસાધક ત્રિવેણી તટ પર વિતાવે છે.

આપ પણ આ રીતે માનીને ચાલો કે આપે પોતાના ગુનાઓને સુધારવાના છે. પોતાના ભાવી કુસંસ્કારોને ધોઈને સાફ કરવાના છે તથા ભાવી જીવન માટે કોઈ એવી રૂપરેખા નિર્ધારિત કરવાની છે જેને ઈષ્ટપૂર્તિ કહી શકાય, ક્ષતિપૂર્તિ કહી શકાય. આ કલ્પસાધનામાં આત્મ-વિકાસ, આત્મ-શક્તિની પ્રક્રિયા એનાથી પણ વધારે મહત્ત્વપૂર્ણ છે, જેમ કે આપને પૂજા, ઉપાસના, જપ અને યોગ કરવા માટે બતાવવામાં આવ્યું છે. આ બહુ જ મૂલ્યવાન છે તેથી આપ તે તરફ પણ ધ્યાન રાખો અને એવી જિંદગી પ્રાપ્ત કરો જેના પર સંતોષ જ નહીં ગર્વ અને ગૌરવ પણ અનુભવ કરી શકાય. બસ, આજની વાત સમાપ્ત.

ૐ શાન્તિ.

❀ ❀ ❀
❀

---

એક માણસ ઘેરથી નક્કી કરીને નીકળ્યો કે આજે તો મંદિરમાં સો રૂપિયા દાન આપવું છે. પરંતુ મંદિરના પગથિયાં ચઢતાં ચઢતાં વિચાર આવ્યો કે પચાસ પણ વધુ છે અને નીચે દુકાનદાર પાસેથી સોની નોટના છુટા કરાવ્યા. મંદિરની અંદર પહોંચતા વિચાર આવ્યો કે પચાસ પણ ન આપું તો પણ કોણ ફરજ પાડે છે ? આ વિચારથી મનને ઘણી રાહત થઈ. વિચાર્યું દસ રૂપિયા આપી દઈશું.

પૈસા આપવાના હતા તેથી સૌથી આગળ બેસી ગયો. પ્રવચન શરૂ થયું, પરંતુ તેના મનમાં તો તે જ હલચલ હતી વિચાર્યું કે આ રીતે ભાવનામાં તણાઈ જવું જોઈએ નહીં, અહીં તો આપનારા બીજા લોકો પણ ઘણા છે, એક બે રૂપિયા આપવાથી પણ કામ ચાલી શકે છે. દાનપાત્ર ફરવા લાગ્યું અને લોકો પૈસા નાખવા લાગ્યા તો તેણે વિચાર્યું કે કોણ જુએ છે, પચાસ પૈસા પણ નાખી શકે છે. છેવટે લોકોની આંખથી બચીને તેણે માત્ર દસ પૈસાનો સિક્કો દાનપાત્રમાં નાખી દીધો.

મોટાભાગના લોકોની આવી જ મનોવૃત્તિ હોય છે. શુભકાર્યમાં દાન આપતી વેળાએ મન કાંપતું હોય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઋષિ યુગ્મની કરુણા અને પ્રકટરૂપના પ્રતીક 'પ્રખર પ્રજ્ઞા' અને 'સજલ શ્રદ્ધા'

ઋષિ યુગ્મના સ્મારક 'પ્રખર પ્રજ્ઞા' અને'સજલ શ્રદ્ધા' તેમની કરૂણાના રૂપ છે. સ્થૂળ દૃષ્ટિએ એ પ્રતિક પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજીએ પોતાની સામે જ શાંતિકુંજમાં નિર્મિત કરાવ્યા હતા. તેમના સ્થાપિત પ્રતિક પાછલા દિવસોમાં ગાયત્રી તપોભૂમિ, મથુરામાં સ્થળાંતરિત થઈ ગયા. તપોભૂમિના કાર્યકર્તાઓ અને યુગ નિર્માણ પરિવારના પરિજનોએ ઋષિ યુગ્મને તપોભૂમિ આગમનના રૂપમાં જોયા છે. ગુરુદેવ અને વંદનીયા માતાજીના સમયમાં આ સ્મારકોનું નિર્માણ તેમના તરફથી આશ્વાસન રૂપમાં પણ થયું હતું. સૂક્ષ્મીકરણની પ્રક્રિયા સંપન્ન કરતા કરતા ગુરુદેવે પોતાને સંપૂર્ણ જગતમાં અને પરિજનોની ચેતનામાં વ્યાપ્ત કરી લીધા. તેમનું વ્યાપક સ્વરૂપ ચેતનાની ઉચ્ચ સ્થિતિમાં પહોંચ્યું. એવો લોકોને જ અનુભવ થતો હશે. આપણા જેવા પરિજનો માટે જે તેમના સગુણ સાકાર રૂપને જ વધુ મહત્વ આપે છે. આ સ્મારક તેમની પ્રકટ હાજરી મૂર્તિમાન સત્તા અને જાગૃત જીવંત વિગ્રહ જ છે.

ઋષિ યુગ્મ આપણા લોકોની મનઃસ્થિતિ અને આવશ્યકતાને સમજતા હતા. તેથી તેમણે કરુણા અને આશ્વાસનના આ સ્થૂળ પ્રતીકોની સ્થાપના કરાવી. પરંતુ વાત આટલા પૂરતી નથી. અવતારી સત્તાઓની આ રૂપમાં હાજરી તેમના અનુયાયીઓ અને શ્રદ્ધાળુઓને યુગો યુગોથી પ્રેરિત અને સ્ફૂર્ત કરતી રહી છે. એમને સંબંધિત વસ્તુઓ અને સ્મૃતિઓને પ્રયત્નપૂર્વક ન કેવળ બચાવતા રહ્યા છે પરંતુ તેમની સ્તુતિ આરાધના પણ કરતા રહ્યા છે. ઈતિહાસમાં ભગવાન બુદ્ધનું ઉદાહરણ સૌથી જૂનું છે. જે પીપળાના ઝાડ નીચે તેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું. તે બોધિવૃક્ષ ભગવાન બુદ્ધની માફક પૂજિત થયું. બોધગયામાં તે જગ્યાએ ભવ્ય મંદિર બન્યું. દુનિયાભરના લોકો બોધિ વૃક્ષને પ્રણામ કરવા આજે પણ આવે છે. કહેવાય છે કે તે અશ્વત્થ વૃક્ષ હવે બોધગયામાં નથી. ભારતમાં જ્યારે બૌદ્ધ ધર્મનો પ્રભાવ ઓછો થવા લાગ્યો તો ભિક્ષુગણ તેને શ્રીલંકા લઈ ગયા. કેટલાક લોકોના અનુસાર મૂળ વૃક્ષ પ્રચંડ આંધી તોફાનના કારણે ઉખડી ગયું અને વર્ષો પછી તેને ફરીથી ઊભું કરાયું અથવા તે જગ્યાએ નવું ઝાડ લગાવ્યું.

આ તો બોધિ વૃક્ષની વાત થઈ. ભગવાન બુદ્ધે કુશીનગરમાં શરીર છોડયું હતું. ત્યાં તેમની અંત્યેષ્ટિ થઈ. તેમના અસ્થિ અવશેષો પર સ્તૂપ ઉભુ કર્યું. ત્યાં જ નહીં, આઠ બીજી જગ્યાએ સ્તૂપ બનાવ્યા. તેમાં કયાંક ભગવાન બુદ્ધના શરીરની ભસ્મ તો કયાંક નખ અને કેશ સુરક્ષિત રાખવામાં આવ્યા. ભગવાન બુદ્ધ પ્રત્યે શ્રદ્ધા રાખનારા માટે એ અવશેષ પોતાના ઈષ્ટની જીવંત ઉપસ્થિતિની માફક છે. તે તેમના સાન્નિધ્યમાં તેવી જ પ્રેરણા અને ચૈતન્ય ઊષ્મા પ્રાપ્ત કરે છે. જેવી ભગવાન બુદ્ધના જીવન કાળમાં તે સમયના ભિક્ષુ અને અનુયાયી અનુભવ કરતા હશે.

અધ્યાત્મ વિજ્ઞાનના મર્મજ્ઞ બતાવે છે કે અવતારી સત્તાઓના સ્મારક પણ પોતાની મૂળ સત્તાના સમાન જ તેજ અને પ્રાણથી ઓતપ્રોત રહે છે. કારણ એ છે કે તેમની સત્તા કાયાના કલેવરમાં જ સીમિત નથી રહેતી. તેમનામાં ઉપયોગમાં આવનારી વસ્તુઓથી લઈને વિસ્તાર અને નિકટવર્તી લોકોમાં પણ તેમની સત્તા પ્રવાહિત થતી રહે છે. નિકટવર્તીનો અર્થ શરીરથી નિકટ રહેવું તે જ નથી. જીવિત અથવા ચેતનાધારીની નિકટતાનો ભાવ અને આસ્થાથી નિકટ હોવાના રૂપમાં જ સમજી જવું જોઈએ. મનુષ્યની સાથે કઠણાઈ એ છે કે અહંભાવ અને અસ્વસ્થતાના કારણે તે શરીરથી સમીપ હોવાં છતાં પણ દૂરી બનાવી રાખી શકે છે. તેથી જીવધારીઓમાં અવતારી સત્તાઓનાં વિસ્તાર આંકવાનો હોય તો સમર્પણ અને વિનમ્ર ભાવને જ કસોટી માનવી પડશે.

એ કહેવાય રહ્યું હતું કે અવતારી સત્તાઓની પ્રાણ ઊર્જા તેની આસપાસના વતાવરણમાં પણ ફેલાતી રહે છે. એ ઠીક છે કે તે પૂરા સંસારના હોય છે અને તેમની હાજરીથી સંપૂર્ણ જગત લાભદાયી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થાય છે. જેની પાસે પ્રભાવ, વર્ચસ્વ અને સત્તા છે તે નક્કી પોતાના અધિકારના અનુસાર વિસ્તૃત ક્ષેત્રમાં પોતાની ઉપસ્થિતિનો બોધ કરાવી શકે છે. એટલું જ નહીં, તેની આસપાસના ક્ષેત્રમાં તેમની સત્તાનો ઉંડો અનુભવ કરી શકાય છે. અવતારી સત્તાઓની આસપાસનું ક્ષેત્ર આ નિયમના અનુસાર અતિરિક્ત ઊર્જાવાન હોય છે.

જે વસ્તુઓ કે પ્રતીકોમાં તે સ્વયં પોતાની સત્તા પ્રતિષ્ઠિત કરી દે છે તે તો તેમનું જીવંત રૂપ જ બની જાય છે. સમાધિ, સ્મારક અને સ્મૃતિ અવશેષ એ શ્રેણીના જીવંત સ્વરૂપોમાં આવે છે. આ યુગમાં સ્વામી રામકૃષ્ણ પરમહંસના કાશીપુર સ્થિત અંતિમ નિવાસ અને સ્મારક. મહાયોગી અરવિંદની પાંડિચેરી સ્થિત સમાધિ, વેલૂર મઠમાં સ્વામી વિવેકાનંદના સ્મૃતિ અવશેષ, રમણ આશ્રમમાં મહર્ષિ રમણની સમાધિ, શિરડીમાં સાંઈ બાબાનું સ્મારક તે દિવ્ય વિભૂતિઓનું આ શ્રેણીનું જીવંત સ્વરૂપ છે. શ્રદ્ધાળુ ત્યાં જાય છે, સમાધિ, સ્મારક કે સ્મૃતિ અવશેષોના સાન્નિધ્યમાં થોડી ક્ષણ વ્યતીત કરે છે અને આત્મિક શાંતિ પ્રાપ્ત કરી પાછા વળે છે.

જરૂરી નથી કે સંબંધિત વિભૂતિએ આ પ્રમાણેની સ્થાપનાનો નિર્દેશ આપ્યો હોય ત્યારે લોકો લાભાન્વિત થાય. કબીર જીવનભર સ્થૂળ પ્રતીકોનો વિરોધ કરતા રહ્યા. પત્થરની મૂર્તિ પૂજવાથી પરમાત્મા મળે તો તે પહાડ પૂજવા માટે તૈયાર હતા. એટલી હદ સુધી મૂર્તિ પૂજા કે મંદિર મસ્જિદ વિરોધી થવા છતાંય મગહરમાં તેમની સમાધિ બની. ત્યાં તેમના સ્મૃતિ અવશેષ રાખવામાં આવ્યા અને કબીરની પરંપરામાં વિશ્વાસ રાખનારા પણ ત્યાં જઈ તીર્થયાત્રા જેવો આનંદ અને લાભ પ્રાપ્ત કરતા રહ્યા છે.

પોતાની સામે અને પોતાની જ વ્યવસ્થામાં કરેલ નિર્માણ કે સ્થાપના અવતાર ચેતનાની ઊર્જાથી વધુ ઓતપ્રોત થવા જોઈએ. સર્વવિદિત છે કે પ્રખર પ્રજ્ઞા અને સજલ શ્રદ્ધાની સ્થાપના પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજીની સામે તેમના નિર્દેશોના અનુસાર થઈ હતી. આ સ્થાપનાઓ વિશે તેમણે વિશેષ ઉલ્લેખ કદાચ જ કયારેક કર્યો હોય. જે લોકોને એના સાન્નિધ્યમાં કંઈક અનુભૂતિઓ મળી છે કે જેમને વંદનીયા માતાજીએ કયારેક કંઈક બતાવ્યું હોય, તેમનું કથન જ આ સંબંધમાં પ્રમાણ છે. એવી અનુભૂતિઓ અને ઉદાહરણોનો સાર એ છે કે સૂક્ષ્મીકરણની પ્રક્રિયા દરમ્યાન પરમ પૂજ્ય ગુરુદેવને પ્રત્યક્ષ મળવાનું બંધ થઈ ગયું. શક્તિપીઠોમાં પ્રાણપ્રતિષ્ઠાનો એક ભાગ સંપન્ન કર્યા પછી તે યુગ પરિવર્તનની સંભાવના સાકાર કરવા માટે દૈવી સ્તરના પ્રયાસોમાં જ વધારે લાગી ગયા. એના માટે તેમણે બહારની ગતિવિધિઓથી પ્રકટ રૂપે વાર્તાનો ક્રમ એકદમ બંધ કરી દીધો. પરિજનોએ આ વ્યવસ્થામાં વિખૂટા પડયા જેવો અનુભવ કર્યો તો બારીએથી દર્શનની કંઈક છૂટ અપાઈ. પરિજનોને થોડો સંતોષ તો થયો પણ તૃપ્તિ ન થઈ. તેમનું સાનિધ્ય પ્રાપ્ત કરવાનું અને થોડો સમય તેમની સમીપ વીતાવવાની લાલસા એમની એમ રહી. એ બેચેની અને સળવળાટને ધ્યાનમાં રાખી પરમ પૂજ્ય ગુરુદેવે 'પ્રખર પ્રજ્ઞા' અને 'સજલ શ્રદ્ધા' ની સ્થાપનાનો નિર્દેશ આપ્યો. ત્યાં છતરીઓ નિર્મિત થઈ અને પરમ પૂજ્ય ગુરુદેવ તથા વંદનીયા માતાજીના ચરણ ચિહ્ન સ્થાપિત કરવામાં આવ્યા. મંદિર જેવા શિખરવાળા આ પ્રતીકોના સંબંધમાં પૂજ્યવરે કહ્યું કે એની પાસે બેસીને ગુરુસત્તાના પ્રકટ અને પ્રત્યક્ષ સાનિધ્ય જેવા લાભ અર્જિત કરી શકાશે. 'પ્રખર પ્રજ્ઞા' અને 'સજલ શ્રદ્ધા' નો નમન વંદન કરવાનો ક્રમ ત્યારથી અબાધ શરૂ થયો

મહાયોગી અરવિંદ પણ દર્શન અને ભેટનો ક્રમ બંધ કર્યા પછી પોતાના જીવનકાળમાં જ સમાધિ સ્થળ બનાવી દીધું હતું. તેમણે કહ્યું હતું કે શરીર પણ તે પંચતત્વોથી બનેલ છે જેનાથી આ સમાધિ સ્થળ વિનિર્મિત થઈ રહ્યું છે. પાછળથી શરીરને એમાં રહેવાનું છે. તે કયાં રહે છે અને કયાં નહીં તે મહત્વપૂર્ણ નથી. મહત્વપૂર્ણ તેમાં નિવાસ કરનારી ચેતનાનું સાનિધ્ય છે. તે હવે સમાધિની આસપાસ જ અનુભવાતી રહેશે. 'પ્રખર પ્રજ્ઞા' અને 'સજલ શ્રદ્ધા' પ્રતીકોના સાનિધ્યમાં પણ પરિજનોએ પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજી પ્રત્યક્ષ હાજર હોવાની અનુભૂતિ પ્રાપ્ત કરી છે. તેમનું શરીર ન રહેતા 'પ્રખર પ્રજ્ઞા' અને 'સજલ શ્રદ્ધા' માં ગુરુ અને માતૃ સત્તાના સ્મૃતિ અવશેષ પ્રતિષ્ઠાપિત કરાયા છે. પ્રતીકોની ગરિમા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પહેલાથી વધુ વધી. તે પ્રતીક ગાયત્રી તપોભૂમિ, મથુરામાં સ્થાપિત થઈ રહ્યા છે. આમ તો બધા પરિજનો એ જાણે છે કે ગુરુદેવ અને માતાજીના સ્મૃતિ અવશેષ બે કળશોમાં ગાયત્રી તપોભૂમિના મંદિરના પૂજાકક્ષમાં રાખેલ છે. અને બધા તેમને નમન, વંદન, પૂજન કરતા પ્રેરણા તથા ઊર્જા પ્રાપ્ત કરે છે. હવે પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજીની સામે તેમના નિર્દેશ અનુસાર બનેલ આ પ્રતીકોના આગમન પર પરિજનોને ઋષિ યુગ્મના સાનિધ્યનો વધુ અનુભવ થવો સ્વાભાવિક જ છે.

પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજીની સ્થાપિત છતરીઓ અથવા સ્મારકો જેવા નિર્માણ બીજે દુર્લભ છે સમાધિઓ જરૂર છે પરંતુ તે સંબંધિત દિવ્ય વિભૂતિઓના મહાપ્રયાણ પછી જ વિનિર્મિત થઈ છે. મહાયોગી અરવિંદની સમાધિ આ સંબંધમા અપવાદ છે. પછી બનેલ સમાધિઓમાં પણ સંબંધિત વિભૂતિઓનું તેજ પ્રસાદની માફક પ્રતિષ્ઠિત છે. 'પ્રખર પ્રજ્ઞા' અને 'સજલ શ્રદ્ધા' ના નિર્માણ ઋષિ યુગ્મના લીલાકાળમાં થઈ ગયા હતા. તેથી તેમની પ્રેરણા, શક્તિ અને વિભૂતિ પાછલી બધી સ્થાપનાઓની તુલનામાં વધુ સમર્થ હોવી જોઈએ. તેને વધુ સમર્થ અનુભવ કરાયેલ પણ છે.

ઋષિ યુગ્મ દ્વારા સ્થાપિત પ્રતીકો, છતરીઓ કે સ્મારકોના તત્વદર્શન પણ તે સત્તાઓની માફક યુગાંતરકારી છે. પરિજન પોતાની ઈષ્ટ સત્તા પરમ પૂજ્ય ગુરુદેવને પ્રજ્ઞાવતારના રૂપમાં જુએ છે. તે એ રૂપમાં સ્તુત્ય અને આરાધ્ય છે. તેમની કૃપા યુગાંતરકારી વિચાર, સાહિત્ય આંદોલન અને વિરાટ આધ્યાત્મિક ઉપચારોના રૂપમા અનુભવ કરાતી રહી છે. તેને એક એવી આગ્નેય સત્તાના રૂપમાં અનુભવાતી રહી છે જેના પ્રચંડ તેજમાં આ યુગના બધા વિકાર ભસ્મીભૂત થઈ જાય. અજ્ઞાન, અંધકાર દૂર કરવા અને યુગની સમસ્યા ઉકેલવા માટે જેવો પુરુષાર્થ તેમણે કર્યો, તેના માટે પ્રચંડ, પ્રખર જેવા શબ્દ જ શોધી શકાય છે. તેમના ચરણ ચિહ્નવાળી છતરી કે સ્મૃતિ માટે 'પ્રખર પ્રજ્ઞા' સંબોધન ઉભરાયું તો પરમ પૂજ્ય ગુરુદેવે સ્વીકૃતિ આપતા સહજ કૃપા કરી. પ્રતીક માટે એવી રીતે 'સજલ શ્રદ્ધા' સંબોધન આવ્યું ઋષિ યુગ્મની સત્તા વ્યવહાર જગતની સુવિધા માટે બે રૂપોમાં સક્રિય દેખાતી રહે છે. તાત્વિક અને વાસ્તવિક રૂપમાં તો તે એક જ છે. તેમના વિનમ્ર અનુચાર આપણે તેમને શિવપાર્વતી, લક્ષ્મીનારાયણ, સીતારામ, રાધાકૃષ્ણની માફક અભિન્ન અભેદ જ જોતા રહ્યા છીએ. 'પ્રજ્ઞા' અને 'શ્રદ્ધા' માં જ તત્વની દૃષ્ટિએ ભેદ રૂપ શ્રદ્ધાનું સઘન રૂપ જ પ્રજ્ઞા છે અને પ્રજ્ઞાનું તરલ રૂપ શ્રદ્ધા છે. શ્રદ્ધા શક્તિ છે તો પ્રજ્ઞા ઊર્જા. પ્રજ્ઞા કર્મશક્તિ છે તો શ્રદ્ધા કરુણા. પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજી આપણા સૌ માટે એક જ ઋષિ ચેતના કે અવતાર સત્તા છે. વંદનીયા માતાજીના ચરણ ચિહ્નવાળી છતરીને 'સજલ શ્રદ્ધા' કહીને એટલા માટે બોલાય છે કે પરિજનોએ તેમને મમતામયી માની માફક જોયાં અને અનુભવ્યાં છે. તેવું જ વાત્સલ્ય મેળવ્યું પણ હતું. તેમના મમત્વ અને વાત્સલ્યનું સ્મરણ કરતા તરલ શાંતિની અનુભૂતિ થાય છે. તે અનુભૂતિની સ્મૃતિ અને સંસ્કાર જગાવવા માટે 'સજલ શ્રદ્ધા' સંબોધન અત્યંત આત્મીય અર્થપૂર્ણ લાગી રહેલ છે.

તાત્વિક અને વાસ્તવિક રૂપમાં 'પ્રજ્ઞા' અને 'શ્રદ્ધા'માં ભેદ નથી. ભેદ સાધકની દૃષ્ટિએ જ હોય છે. તે દૃષ્ટિએ કે બંનેનો અનુભવ કરતા કરતા જ અદ્વૈત સુધી પહોંચવાની સ્થિતિ આવે છે. આપણા લોકોમાંથી કેટલાય પરિજન એવા હશે કે જેને વ્યવહારના ધરાતલ પર પરમ પૂજ્ય ગુરુદેવ વધુ પોતાના લાગ્યા હશે અને કેટલાકને વંદનીયા માતાજી. એ જ નહીં એક જ વ્યક્તિને કદીક વંદનીયા માતાજી તો કદીક પરમ પૂજ્ય ગુરુદેવ વધુ અનુગ્રહશીલ લાગ્યા હશે. પોતાની આવશ્યકતા અને સ્થિતિમાં અંતરના કારણે જ ભેદની અનુભૂતિ થતી હતી. એમાં ઋષિ યુગ્મ કયાંય પણ જવાબદાર નથી ગણાતા. એવી જ સ્થિતિઓમાં મહાયોગી અરવિંદના કેટલાક શિષ્યોએ પત્ર લખી તેમના વિષે પૂછયું હતું કે કેટલાક લોકોને ફકત શ્રીમાથી સમાધાન કેમ મળે છે. જ્યારે કે કેટલાક શ્રી અરવિંદથી જ સંતુષ્ટ થઈ જતા. શ્રી અરવિંદે ઉત્તર આપ્યો કે તેમનામાં અને શ્રીમા માં કોઈ અંતર નથી પરંતુ કેટલાક લોકોને સ્નેહ, મમતા અને વધારે દેખભાળની જરૂર હોય છે. તે શ્રીમા ની પાસે જઈ પ્રફુલ્લિત થાય છે. કેટલાક લોકો શ્રમ, કષ્ટ અને ( શક્તિ ) મેધા માટે વધુ તૈયાર રહે છે. તે શ્રી અરવિંદ પાસે જઈ ખીલી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉઠે છે. અલગ અલગ લોકો જ નહીં અલગ અલગ મનઃસ્થિતિઓ માટે પણ જરૂરત બદલાઈ જાય છે. પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજીમાં નિર્દોષ ભેદ દૃષ્ટિ રાખનાર પરિજનોના સંબંધમાં પણ આંતરિક સ્થિતિ અને આવશ્યકતાનો એ જ નિયમ લાગુ પડે છે. તેમના સ્થાપિત પ્રતીકો માટે 'પ્રખર પ્રજ્ઞા' અને 'સજલ શ્રદ્ધા' ના અલગ સંબોધનોનું રહસ્ય પણ આ વિવેચન અનુસાર સમજવું જોઈએ. 'પ્રખર પ્રજ્ઞા' અને 'સજલ શ્રદ્ધા' ના પ્રતીક પરમ પૂજ્ય ગુરેદેવ તથા વંદનીયા માતાજીની સ્મારક છતરીઓ હમણાં સુધી શાંતિકુંજ હરિદ્વારમાં હતી. ત્યાં તેમનું નવું નિર્માણ થઈ રહ્યું છે. ઋષિ યુગ્મ દ્વારા સ્થાપિત પ્રતીકોની પુનર્સ્થાપના ગાયત્રી તપોભૂમિ, મથુરામાં થઈ રહી છે. આ સંબંધમાં કેટલાય પરિજનોએ પૂછયું કે એક જગ્યાએ પ્રતિષ્ઠિત થયેલ પુણ્ય પ્રતીકોની શું ફરીથી સ્થાપના હોઈ શકે ? તેમને બીજે લઈ જઈ શકાય છે ? એ સંબંધમાં અમારે એટલૂં જ કહેવાનું કે પોતાના ઈષ્ટ આરાધ્યની ઈચ્છા આકાંક્ષા લઈ પોતાના મનમાં કદી કોઈ ઊહાપોહ નથી રહ્યો. પરમ પૂજ્ય ગુરુદેવના કોઈ પણ શિષ્ય અનુયાયી કે સૃજન સૈનિકના મનમાં સંશય પણ ન થવો જોઈએ તેથી ઋષિ યુગ્મના પ્રતીક જયારે ગાયત્રી તપોભૂમિ પહોંચ્યા તો તેમની પુનર્સ્થાપનાના સરંજામ પણ તત્કાળ એકત્રિત થવા લાગ્યા. ઋષિ યુગ્મના પ્રતીકોનું સ્થળાંતર યોગ્ય કે અયોગ્ય એ વિશે કોઈ પ્રશ્ન તો શું વિચાર સુધ્ધા મનમાં ન આવવો જોઈએ.

તો પણ પ્રશ્ન તો પ્રશ્ન છે. સ્મારકો કે પ્રતીકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે કે નહીં ? કેટલાક પરિજનોનાં મનમાં આ સવાલ ઉઠયો છે તો તેનું સમાધાન પણ થવું જોઈએ. અત્યાર સુધી વાંચેલ, સાંભળેલ વિવરણો અને ઐતિહાસિક સંદર્ભો પર દૃષ્ટિ દોડાવીએ તો ભગવાન બુદ્ધનું ઉદાહરણ સામે આવે. તેમણે કુશીનગરમાં શરીર છોડયું હતું. ત્યાં અંત્યેષ્ટિ પણ થઈ અને તેમના અસ્થિ અવશેષો પર ત્યાં એક સ્તૂપ બનાવી દીધો. કાલાંતરે તે અવશેષોને બીજા સ્થાનો પર લઈ જવાયા. પાવાગઢ, વૈશાલી, કપિલવસ્તુ, અલ્લકલ્પ, રાજગૃહ અને બેટ દ્વીપ કે દ્વારિકામાં પણ તેમના સ્મૃતિ અવશેષો પર સ્મારક બનાવ્યા.

'પ્રખર પ્રજ્ઞા' અને 'સજલ શ્રદ્ધા' ના પ્રતીકોની પુનર્સ્થાપના પાછલા વિવરણોથી અલગ અને વિલક્ષણ છે. એક વિલક્ષણતા તો એ છે કે ફકત સ્તુતિ અને વંદના સુધી જ સીમિત નથી પરંતુ યુગ દેવતા માટે કંઈક કરવાની તમન્ના ઉભરાઈ આવે છે. ખાલી પ્રણામ અને નિષ્ક્રિય આશીર્વાદનો યુગ હવે ગયો. પ્રણામની સાથે ઉત્સર્ગની ભાવના પણ જોઈએ. તે જ્યાં સઘન હશે ત્યાં મહાકાળના અનુગ્રહ આશીર્વાદ વરદાનના રૂપમાં વરસશે આ પ્રતીકોની પ્રેરણા છે કે નવો યુગ પ્રજ્ઞા એટલે કે નીર ક્ષીરના વિવેક રાખનારી પ્રતિભા અને શ્રદ્ધા અર્થાત ઉચ્ચ આદર્શો માટે ઉત્સર્ગ કરી દેનાર વિશ્વાસનો યુગ છે. આ તત્વોને વધુમાં વધુ માત્રામાં ધારણ કરવા જોઈએ. પ્રજ્ઞા અને શ્રદ્ધાના કિરણોથી આલોકિત વ્યક્તિત્વ જ મહાકાળના વાહક છે.

બીજી વિલક્ષણતા તેના ચૈતન્ય અને જાગૃત સ્વરૂપને લઈને છે. સ્મૃતિ અવશેષ કે પ્રતીકોને જાગૃત અને ચૈતન્ય બનાવી રાખવા માટે તેની આસપાસ વિશિષ્ટ આધ્યાત્મિક ઉપચાર પણ ચલાવતા રહેવું પડે છે. અવતારી સત્તાઓ પ્રતીકોમાં પ્રાણ પ્રવાહિત કરે છે પરંતુ તેનું પોષણ અને સંવર્ધન તે પ્રતીકોના વાહક વ્યક્તિત્વોએ જ કરવું પડે છે. વિશિષ્ટ આધ્યાત્મિક ઉપચારોનું નિર્ધારણ અને સંપાદન તે પ્રતીકોની આસપાસ ઊર્જા અને પ્રકાશ બનાવી રાખવા માટે કરાય છે. કેટલાય જાગૃત અને ચૈતન્ય તીર્થ આ વ્યવસ્થાના અભાવમાં ધીરે ધીરે પ્રભાવહીન થઈ ગયા છે. મથુરામાં'પ્રખર પ્રજ્ઞા' અને 'સજલ શ્રદ્ધા' તીર્થની આસપાસ સાધના ઉપાસનાનું સઘન વાતાવરણ તો પહેલેથી જ હતું, જેને હવે વધુ સઘન બનાવાઈ રહ્યું છે. પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજીના સમયમાં અહીંયા જે આધ્યાત્મિક ગતિવિધિઓ ચાલતી હતી, તે તો નિરંતર ચાલતી રહે છે. તેમના સ્થાપિત પ્રતીકોની પુનર્સ્થાપનાના સંકલ્પની સાથે જ સામૂહિક સાધના અને અનુષ્ઠાનોની નવી શ્રૃંખલા પણ શરૂ કરવામાં આવી છે. પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા સ્થાપિત આ મહાન ચૈતન્ય તીર્થ ગાયત્રી તપોભૂમિને એ પ્રયત્ન વધુ ઊર્જાવાન બનાવશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ઋષિ યુગ્મની અભ્યર્થનામાં 'અનુષ્ઠાન વર્ષ'નું આહ્વાન

આત્મીય પરિજનો,

'પ્રખર પ્રજ્ઞા' અને 'સજલ શ્રદ્ધાના ગાયત્રી તપોભૂમિ આગમન પછી પોતાનું મન અપૂર્વ ઉલ્લાસથી નિરંતર ઉમળતું રહ્યું છે. ઉલ્લાસ કેટલીય વાર હિલોરા મારે છે અને પોતાના દેવતાના અનુગ્રહ જોઈ મન હરખથી સમાતું નથી. પચીસ વર્ષ પહેલા પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજી ગાયત્રી તપોભૂમિથી એ કહેતા વિદાય થયા હતા કે સંગઠન પક્ષની જવાબદારી તમારે સંભાળવાની છે.

એ દિવસોમાં 'અખંડ જ્યોતિ' 'યુગ શક્તિ ગાયત્રી' ના પાના પર અપનો સે અપની બાતમાં પરિજનોને સંબોધિત કરતા પણ ગુરુદેવે એ વાત કહી હતી. અમે નથી જાણતા કે પોતાના ઈષ્ટ આરાધ્યએ સંગઠનની જે જવાબદારી સોંપી હતી તેને અમે પૂરી કરી શકીશું કે નહીં, નિર્વાહ કર્યો પણ તો કેટલા અંશમાં કરી શકયા કે થોડો પણ ન કરી શકયા. ઋષિ યુગ્મના તપોભૂમિ આગમન પછી અંદરોઅંદર જ આ પ્રકારનું ચિંતન ચાલતું રહ્યું છે. તેમને નીરખી તેમના પાછા આવવા પર પોતાને અને પરિજનોના સૌભાગ્ય પર ખુશ થતા થતા એક પછી એક સ્મૃતિઓ ચલચિત્રની માફક માનસ પટલ પર ઉભરાય છે.

૨૦ જૂન ૧૯૭૧ નો દિવસ ગાયત્રી જયંતી. તપોભૂમિથી પ્રસ્થાન કરતા પહેલા પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજી મા ગાયત્રીને પ્રણામ કરવા માટે મંદિરના પગથીયાં ચઢે છે. તેમનું અનુચર આ શરીર પગથીયા પાસે જ ઊભું છે. મનમાં ઘેરી ઉદાસી છવાઈ ગઈ છે. ગુરુદેવ અને માતાજી હવે થોડી જ ક્ષણો પછી અહીંયાથી ચાલ્યા જશે. રહી જઈશૂં અમે અને અમારા બંધુ બાંધવો આ ઉદાસીને જોતાં ગુરુદેવ પહેલાં કેટલીય વાર કેટલીય રીતે સમજાવતાં રહ્યા કે તેમનું માર્ગદર્શન અને સંરક્ષણ હંમેશા હાજર રહેશે. તે ભાવ શરીરથી અહીંયા હાજર રહેશે. પહેલાથી વધુ ઘનિષ્ઠ અને સમીપ, તેમના આશ્વાસન પર હજાર ઘણો વિશ્વાસ હતો કયાંય કોઈ શંકા ન હતી. પણ મન સ્થૂળમાં જ રમેલું હતું અને તેમના પ્રસ્થાન પર ઉદાસ થયા વિના માનતું જ ન હતું.

ઋષિ યુગ્મએ આદ્યશક્તિને પ્રણામ કર્યા અને નીચે ઉતરવા ગયા. તેમને ઉતરતા જોઈ મન વિચળ થઈ ઉઠયું. ગુરુદેવે માથા પર હાથ રાખ્યો અને ઠપકાર્યા. તેમનો સ્પર્શ પામી જીવ ચીખી ઉઠયો. આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. ગુરુદેવે પોતાની પાદુકા ઉતારી અને કહ્યું લો અમે જઈ રહ્યા છે પરંતુ આ રૂપમાં પોતાની સત્તા અહીંયા છોડીને જઈ રહ્યા છીએ, એને સંભાળશો. વંદનીયા માતાજીએ પણ પોતાની પાદુકાઓ ઉતારી દીધી. પોતાની ગતિ અને સત્તાના પ્રતીક સોંપતા સોંપતા ઋષિ યુગ્મએ ન જાણે શું કર્યું કે મન મજબૂત થયું. તેમને જતા જોઈ મનમાં છવાયેલ પીડા હટી અને સંકલ્પ ઉભરાવા લાગ્યો કે ઋષિ યુગ્મએ સોંપેલ જવાબદારીને નિભાવવાની છે. એ બોધ પણ પ્રબળ થયો કે તે અહીં બિરાજમાન છે અને રોજ પૂછશે કે તેમણે સોંપેલ જવાબદારીને બરોબર નિભાવી છે કે નહીં.

પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજીના મથુરાથી ગયા પછી અમે એક ક્રમ નિયમિત રૂપથી ચલાવ્યો છે. તેમની પાદુકાઓની પ્રતિષ્ઠા ગાયત્રી મંદિરના જમણી ડાબી બાજુના રૂમમાં વિધિવત કરી દીધી હતી. ત્યારથી પ્રતિદિન તેમના દર્શનથી પોતાની દિનચર્યા શરુ થાય છે. સવારે સંધ્યા આરતીથી પહેલા તેમને પ્રણામ કરતા કરતા એ નિવેદન રહે કે આપના આજના કામમાં નિયુક્ત થઈ રહ્યા છીએ. નિયુક્ત પણ આપ જ કરી ગયા છો. અને નિર્વાહ પણ આપે જ કરવો પડશે. આ નિવેદન પછી રાતે સૂતા જાગતા પોતાની જમણી ડાબી, આગળ પાછળ બધી દિશાઓમાં ઋષિ યુગ્મનું સંરક્ષણ અને આશીર્વાદ અનુભવ કરતા કરતા તે દિવસની તમામ ગતિવિધિઓ સંપન્ન થતી. દિનચર્યાનું સમાપન પણ તે સ્મૃતિઓને પ્રણામ કરતા કરતા થતું. પ્રખર પ્રજ્ઞા અને સજલ શ્રદ્ધાના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દર્શન કરતા તેમની સોંપેલ પાદુકાઓ અને તેમને પ્રણામ કરતા દિનચર્યા આરંભ અને પૂરી કરવાનો ક્રમ યાદ થઈ આવ્યો. પછી લાગ્યું કે પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજી સામે પ્રસન્ન મુદ્રામાં બેઠા છે. અને અમારો ઉત્સાહ વધારી રહ્યા છે. કહી રહ્યા છે આગળ વધુ મોટા કામ કરવાના છે તેથી આ રૂપોમાં તમને લોકોને પ્રત્યક્ષ સાનિધ્ય આપવા માટે અહીંયા ફરીથી આવી ગયા છીએ.

બે વર્ષ પહેલા વંદનીયા માતાજીએ બતાવ્યું હતું કે પ્રખર પ્રજ્ઞા અને સજલ શ્રદ્ધાની સ્થાપના ગાયત્રી તપોભૂમિ, મથુરામાં થવી જોઈએ. તે કયા રૂપમાં થશે, એ વિશે ત્યારે તેમણે વધારે કશું નહોતું કહ્યું અને ન તો અમને પૂછવાની જરૂર સમજાઈ. ઈષ્ટ આરાધ્યથી જે આદેશ મળ્યો તેનું પાલન કરતા રહેવાની નિષ્ઠા રહી છે. તેથી સાંભળી માની લીધું કે આ સૂચના છે. સ્થાપનાનું સ્વરૂપ અને વિધાન જ્યારે આવશ્યક હશે વંદનીયા માતાજી બતાવી જ દેશે. પછી એક વાર બીજો કોઈ પ્રસંગ ઉઠયો અને વંદનીયા માતાજીએ કહ્યું કે તેમના મહાપ્રયાણ પછી ઋષિ યુગ્મનું કલેવર મથુરા લઈ જવામાં આવે. વર્તમાન પરિસ્થિતિઓમાં આ બંને પ્રસંગ માનસ પટલ પર ઉભરાઈ આવ્યા.

ચિતભૂમિમાં બીજો એક પ્રસંગ તરતો આવ્યો. પરમ પૂજ્ય ગુરુદેવ ત્યારે સશરીર હાજર હતા. સ્થૂળ શરીરથી જેટલું કામ કરવાનું હતું તે કરી ચૂક્યા હતા. વાતચીતમાં અને લેખો દ્વારા પણ તે કહયા કરતા હતા કે જે કરી ચૂક્યા છીએ તેનાથી કંઈ ગણા કામ હજી કરવાનાં છે અને તે સૂક્ષ્મ શરીરથી જ સંપન્ન કરીશું. આ પ્રયોજન માટે ત્યારે સૂક્ષ્મીકરણની પ્રક્રિયા ચાલી રહી હતી. ગુરુદેવે હળવું-મળવું સીમિત કરી દીધું હતું. એ દિવસોમાં અમે પૂજ્યવરથી આમ જ ભાવુકતાવશ નિવેદન કર્યું ગુરુદેવ એક વાર આપ મથુરા ચાલો તો મોટી કૃપા થશે. અનાયાસ જ મોંથી નીકળી ગયું. નિવેદન પછી માલૂમ પડયું કે શું કહેવાઈ ગયું કહ્યા પછી, તરત લાગ્યું કે ગુરુદેવ આ પ્રકારના બાળ સુલભ નિવેદન પર હસશે. પરંતુ એવું કંઈ ન થયું. પરમ પૂજ્ય ગુરુદેવે વંદનીયા માતાજી તરફ જોયું અને બોલ્યા અમે બંને મથુરા આવીશું. પ્રખર પ્રજ્ઞા અને સજલ શ્રદ્ધાને નિહારતા એ દૃશ્ય પણ આંખો સામે ઉભરાઈ આવ્યું.

આ પ્રકારની કેટલીય ભાવ અનુભૂતિ છે જે ક્યારેક પ્રગાઢ થતી અને વરસતી પોતાની ચેતનાને આનંદ ઉલ્લાસથી ભરી દે છે. સ્મૃતિઓ અને ભાવધારાઓમાં હિલોરા લેતા રહ્યા પછી નવા સંકલ્પ પણ ઉભરાય છે જે ચોક્કસ ઋષિ યુગ્મની પ્રેરણાના રૂપમાં જોવા જોઈએ. પોતાના માટે તો તે આદેશ છે જે દિવસે પ્રખર પ્રજ્ઞા અને સજલ શ્રદ્ધાનું આગમન થયું, તે દિવસે આદેશ જેવું મળ્યું હતું કે આ પવિત્ર ભૂમિમાં સાધના ઉપાસનાની વિશિષ્ટ ગતિવિધિઓ ચાલવી જોઈએ. પ્રેરણા ઉઠતા જ પ્રક્રિયા શરૂ થઈ ગઈ. આરંભમાં તપોભૂમિમાં સ્થાયી નિવાસ કરનારા પણ ભગવતી ગાયત્રીના વિગ્રહ સામે જપ અને વિશેષ અનુષ્ઠાન માટે બેસવા લાગ્યા. આ પ્રક્રિયા આગલા વર્ષ ગાયત્રી જયંતી સૂધી અબાધ રૂપથી ચાલશે.

ગાયત્રી જયંતી પર આ વર્ષ પ્રખર પ્રજ્ઞા અને સજલ શ્રદ્ધાની પુનર્સ્થાપના અનુષ્ઠાનનો આરંભ થયો. બીજા માટે કોઈ કામ કે નિર્માણ થઈ શકે છે પરંતુ ગાયત્રી પરિવારના લાખો કાર્યકર્તાઓ માટે આ પુનર્સ્થાપના કોઈ મહાન અને વિરાટ આધ્યાત્મિક ઉપચારથી ઓછી નથી. આપણા પોતાના માટે તો આ વિશિષ્ટ મહા અનુષ્ઠાનથી મોટી આધ્યાત્મિક આયોજના છે. એટલા માટે પ્રેરણા થઈ કે આ વર્ષ ''અનુષ્ઠાન વર્ષ''ના રૂપમાં મનાવવામાં આવે. આત્મીય બંધુ બાંધવોને આહ્વાન છે કે અનુષ્ઠાન વર્ષમાં પોતાને ત્યાં સાધના ઉપાસનાના નિર્ધારિત કાર્યક્રમ ચલાવે.

અનુષ્ઠાન વર્ષના કાર્યક્રમ બે ચરણમાં છે. એક ચરણ પોતાના સંપર્ક ક્ષેત્રમાં અને બીજુ ગાયત્રી તપોભૂમિ મથુરામાં. પોતાના સંપર્ક ક્ષેત્રવાળા ચરણમાં ગાયત્રી મહાશક્તિના પ્રચાર પર જોર આપવામાં આવ્યું છે. આદ્યશક્તિ વેદમાતા ગાયત્રીની ઉપાસનાથી બધા પરિજનોએ લાભ ઉઠાવ્યો છે. લાભનું સ્વરૂપ ભિન્ન હોઈ શકે છે અને તે ઓછું વધારે પણ હોઈ શકે છે. કોણે કેટલો લાભ ઉઠાવ્યો, એ અલગ વાત છે એટલું સુનિશ્ચિત છે કે પરિજનોનું આ પુણ્ય કર્તવ્ય છે કે અમૃત, પારસ અને કલ્પવૃક્ષની માફક ચમત્કારી પરિણામ આપનારી ગાયત્રી ઉપાસના માટે પોતાના મિત્ર પરિચિતોને પણ તૈયાર કરશો.

બીજૂ ચરણ પ્રખર પ્રજ્ઞા અને સજલ શ્રદ્ધાના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાન્નિધ્યમાં થોડો સમય રહી અને તે સમય સાધના ઉપાસનામાં લગાવવાનો છે. એના માટે બધા પરિજનોને ગાયત્રી તપોભૂમિ આવવા ભાવ ભર્યું નિમંત્રણ છે. ઋષિ યુગ્મની પુનર્સ્થાપના આરંભ થવાની તિથિ ગાયત્રી જયંતીથી અહીંયા નવ-નવ દિવસના વિશેષ અનુષ્ઠાન સાધના સત્રોનો ક્રમ ચલાવવામાં આવ્યો છે. આ ક્રમ આવતી ગાયત્રી જયંતી સુધી ચાલતો રહેશે. મહીનામાં ત્રણ સાધના સત્રોની યોજના છે. પહેલું સત્ર દરેક મહીનાની ૧લી તારીખથી, બીજું અગિયાર અને ત્રીજું એકવીસ તારીખથી. પરિજનોને આ સત્રોમાં ભાગ લેવાનો વારંવાર અનુરોધ છે.

ગાયત્રી તપોભૂમિનું વાતાવરણ પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજીએ સ્વયં તપશ્ચર્યા કરી ઉર્જાવાન બનાવ્યું હતું. તેમના સાન્નિધ્યમાં લગભગ વીસ વર્ષ સુધી અહીંયા વિશિષ્ટ સાધનાઓ થઈ. પછી પણ તેમણે આરંભ કરેલી સાધના પ્રક્રિયા ચાલતી રહી. તેમના દ્વારા ઉત્પન્ન કરાયેલ પ્રચંડ ઊર્જાના સંપર્ક સાન્નિધ્યની મહત્તા બતાવવી આપણા માટે સંભવ નથી. અદ્‌ભુત, અશ્રુત, અપૂર્વ અને વિલક્ષણ કહીને ચૂપ રહી જવું પડે છે. આ પ્રચંડ ઊર્જા પ્રવાહ સિવાય પ્રખર પ્રજ્ઞા અને સજલ શ્રદ્ધાનું સાન્નિધ્ય એક વધુ વિશિષ્ટતા છે. આ સાન્નિધ્ય, આ ચૈતન્ય તીર્થ ગાયત્રી તપોભૂમિના આધ્યાત્મિક વૈભવને વધુ ગરિમાવાન બનાવી દે છે. તેથી પણ અનુરોધ છે કે સાધના ઉપાસનાની ભાવભૂમિ લઈ પરિજન અહીંયા આવે. પોતાની સુવિધા અને સ્થિતિના અનુસાર ઉપયુક્ત સત્રના વિષે પહેલેથી પત્ર લખી બતાવી દેશો. અહીંયાથી તે સત્રમાં સ્થાન સુનિશ્ચિત કરી સૂચના મોકલવામાં આવશે.

અનુષ્ઠાન સાધના સત્રમાં તમે અમે મળી બેસીને વિચાર-વિનિમય કરીશું, ઉચિત તો એ છે કે અહીંયા નવ દિવસ સુધી રહી અને એક લઘુ અનુષ્ઠાન સંપન્ન કરશો. કામકાજી વ્યસ્તતા કે બીજા કંઈ કારણોથી નવ દિવસોનો સમય કાઢવો સંભવ ન હોય તો પાંચ કે ત્રણ દિવસ માટે તો ગાયત્રી તપોભૂમિ અવશ્ય આવશો. અનુષ્ઠાન વર્ષમાં પ્રખર પ્રજ્ઞા અને સજલ શ્રદ્ધાના સાન્નિધ્યમાં સાધના ઉપાસનાની ભાવભૂમિ લઈ આવવાનું મહત્વ અસાધારણ છે. તેને અનુભવથી જ સમજી શકાય છે. પાંચ કે ત્રણ દિવસ માટે અહીંયા આવનાર બંધુ પોતાને ત્યાંથી નવ દિવસનું અનુષ્ઠાન કરીને આવે. તેની પૂર્ણાહુતિ અહીંયા આવી કરી શકાય છે.

અનુષ્ઠાનના વર્ષમાં પાંચ સંકલ્પ પણ પોતાની સાધનામાં સંમ્મિલિત કરી દેવા જોઈએ. આ સંકલ્પોને જેટલી તીવ્રતા અને લગનથી પૂરા કરાશે, અમે અનુભવ કરીશું કે પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજી એટલા જ અમારી નિકટ છે.

આપનો ભાઈ
લીલાપત શર્મા
વ્યવસ્થાપક
યુગ નિર્માણ યોજના, મથુરા

( ૧ ) વીસ હજાર મુખ્ય પ્રતિનિધિ અર્થાત્ વરિષ્ઠ પરિજનો દ્વારા ઓછામાં ઓછા પાંચ પાંચ ગાયત્રી પ્રચારકો બનાવીને એક લાખ ગાયત્રી પ્રચારકોનું સંગઠન તૈયાર કરવું.

( ૨ ) એક લાખ ગાયત્રી પ્રચારકોના માધ્યમથી સો-સો ગાયત્રી સાધક બનાવીને એક કરોડ ગાયત્રી સાધકો સંગઠિત કરવા અને પ્રત્યેક સાધક પાસે ઓછામાં ઓછું એક લઘુ અનુષ્ઠાન કરાવીને તેને નિયમિત સાધક બનાવવો. ગાયત્રી મહાવિદ્યાનું વ્યાપક પ્રચાર અભિયાન ચલાવવું.

( ૩ ) એક લાખ ગાયત્રી યજ્ઞ કરીને અનુષ્ઠાનોની પૂર્ણાહુતિ કરી પ્રજ્ઞામંડળ બનાવવું અને વિધા વિસ્તાર પ્રચારકેન્દ્રોની નોંધણી કરાવીને સંગઠન બનાવવું.

( ૪ ) એક લાખ જ્ઞાનમંદિરોની સ્થાપના કરીને સામૂહિક સ્વાધ્યાય પરંપરાની શરૂઆત કરાવવી.

( ૫ ) નારી જાગરણ માટે મહિલા મંડળોની સ્થાપના કરીને તેમના દ્વારા મહિલાઓમાં ઉપર્યુક્ત કાર્યક્રમાનું સંચાલન કરવું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**વેદોના દિવ્ય સંદેશની ઘેર-ઘેર સ્થાપના**

પરમ પૂજ્ય ગુરુદેવની જન્મભૂમિ આંવલખેડા મુકામે અર્ધપૂર્ણાહુતિ અશ્વમેઘ યજ્ઞ દરમ્યાન યુગ નિર્માણ યોજના મથુરાના સ્ટોર પર ગાયત્રી પરિવાર અમદાવાદના કાર્યકર્તાઓને વેદોના દિવ્ય સંદેશની પાંચ આવૃતિના હિન્દી પ્રકાશન સેટના વેચાણ કરવાનો શુભ અવસર પ્રાપ્ત થયો હશો. આ સેટનું વાંચન, ચિંતન અને મનન કર્યા બાદ પરમ પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ પ્રેરણા થઈ કે આ દુર્લભ પાંચ ભાગને વેદોના દિવ્ય સંદેશ ગ્રંથ રૂપમાં ગુજરાતીમાં પ્રકાશિત કરવામાં આવે.

આ અંગે ગાયત્રી જ્ઞાનપીઠ ખાતે અમદાવાદના ઉત્સાહિત કાર્યકર્તાઓની એક વિચાર ગોષ્ઠી થઈ. શ્રી ભાઈલાલભાઈ તથા તુલસીભાઈને એક આંતરિક સ્ફુરણા થઈ કે આ સંયુક્ત ગ્રંથને ગાયત્રી જ્ઞાનમંદિર રૂપે પ્રત્યેક ઘરમાં સ્થાપના કરવામાં આવે. પ્રત્યેક સાધક પોતાના ઈષ્ટની દૈનિક પૂજા ઉપાસનાના અંતે એક મંત્ર તેમજ તેના ભાવાર્થનું વાંચન-ચિંતન અને મનન કરે. આ માટે વેદોના દિવ્ય સંદેશનો ગ્રંથ સ્થાપિત કરતાં સમયે સંકલ્પ પણ લેવડાવે.

આ ગ્રંથના પ્રકાશન માટે બ્રહ્મભોજ અંતર્ગત જોત જોતામાં રૂા. ૧,૧૦,૦૦૦ની રકમ પણ એકત્રિત થઈ ગઈ. આ ગ્રંથના વિશેષ પ્રકાશન માટે યુગ નિર્માણ યોજના મથુરાને ૧૦,૦૦૦ ગ્રંથ છાપવા માટેનો ઓર્ડર પણ મોકલી દેવામાં આવ્યો. આ ગ્રંથનું બાઈડીંગ તેમજ પ્રકાશન ઉત્તમ છે. દાનદાતાઓ તરફથી આ શુભ કાર્ય પૂર્ણ કરવા અવિરત સહયોગ ચાલુ જ છે.

ગાયત્રી પરિવારના શ્રી ભાઈલાલભાઈ, તુલસીભાઈ, બાબુભાઈ, અંબાલાલભાઈ તેમજ અન્ય ભાવિક પરિજનોએ ચોવીસ હજારથી પણ વધુ ગ્રંથ અમદાવાદ ખાતે સ્થાપિત કરવા નિર્ણય કર્યો છે. આ ગ્રંથની મૂળ કિંમત રૂા. ૩૬ છે. આ માટે ગાયત્રી જ્ઞાનપીઠ, જુનાવાડજ અવદાવાદનો સંપર્ક કરો.

**શાળાઓમાં યુગ સાહિત્ય ગવર્નમેન્ટની ગ્રાંટ રૂપે વસાવવા શિક્ષણ ખાતાનો સહયોગ.**

પરમ પૂજ્ય ગુરુદેવના યુગ સાહિત્ય દ્વારા વિચારક્રાંતિ અભિયાનને વેગ આપવા માટે ગાયત્રી જ્ઞાનપીઠ જુનાવાડજ અમદાવાદના વ્યવસ્થાપક શ્રી રાજેન્દ્રકુમારે ગાયત્રી પરિવાર શાખા ગાંધીનગરના સક્રિય કાર્યકર્તા શ્રી દિપકભાઈ ભટ્ટનો સંપર્ક કર્યો. શાળાઓમાં જ બાળકોને આધ્યાત્મિક જ્ઞાન મળે એ માટે શિક્ષણ કમીશનર ગાંધીનગરનો સંપર્ક કરી પરમ પૂજ્ય ગુરુદેવના વિપુલ સાહિત્ય સાગરના ૯૬ પુસ્તકો ગુજરાતની શિક્ષણ સંસ્થાઓમાં સ્થાપિત કરવા માટેનો પરિપત્ર મંજૂર કરેલ છે. જેનો પત્ર ક્રમાંક/ગ-૨/પુસ્તક ભલામણ ૯૬-૯૭/૫૭૨૦ છે.

આ મહત્વપૂર્ણ સફળતા માટે શ્રી દીપકભાઈને હાર્દિક અભિનંદન. શાળાઓમાં પુસ્તક સ્થાપિત કરવા શ્રીરાજુભાઈ પટેલે તેમના વાહનનું યોગદાન આપેલ છે. ગુજરાતીની તમામ ગાયત્રી પરિવાર શાખાઓ તેમજ પરિજનોને નિવેદન છે કે ૯૬ પુસ્તકોની સૂચિ ગાયત્રી જ્ઞાનપીઠ ખાતેથી મંગાવી પોતાના ક્ષેત્રની તમામ શાળાઓમાં આ પુસ્તકોની સ્થાપના કરાવશો. આ ગ્રાંટ અંતર્ગત યુગ શક્તિ ગાયત્રી પત્રિકાનો પણ સમાવેશ થાય છે.

મહેસાણા--ગાયત્રી પરિવાર મહેસાણા જિલ્લાની મહત્વપૂર્ણ શાખાઓ દ્વાર આ વર્ષે આદર્શ સામૂહિક લગ્ન માટે વિશેષ પ્રયત્ન કરવામાં આવેલ છે. દહેજ દાનવથી બચવા માટે શાખાના આવા પ્રયાસથી સમાજની અંદર સુખદ ક્રાંતિ આવેલ છે.

આદર્શ લગ્નમાં ભાગ લેતાં વરવધુના પરિવારજનોને પરમ પૂજ્ય ગુરુદેવના સાહિત્યનો સ્વાધ્યાય કરવાની પ્રેરણા પર વધુ જોર આપવામાં આવતું હતું. મહેસાણા જિલ્લાની શાખાઓ દ્વારા યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના હજારથી પણ વધુ નવા ગ્રાહકો આ સામૂહિક લગ્ન ગાળા દરમ્યાન બનેલ છે. મહેસાણા જિલ્લાની આ શાખાઓને પરમ પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ તેમજ મિશન તરફથી હાર્દિક શુભેચ્છાઓ છે.

**ભાટિએલ જિલ્લો ખેડા**


ગાયત્રી પરિવાર શાખા દ્વારા ગાયત્રી જયંતીના દિવસે સામૂહિક યજ્ઞ સાથે ગાયત્રી જયંતી પર્વની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ પૂર્વ કેબલ દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવની વીડીયો કેસેટ દર્શાવવામાં આવી. યજ્ઞ દ્વારા ગાયત્રી મંત્ર, ગાયત્રી ઉપાસના અને યજ્ઞથી થતા લાભો સાથે લોક જાગૃતિ, વ્યસન મુક્તિ, વૃક્ષારોપણ, કુરિવાજોની નાબૂદી વિશે સમજાવવામાં આવ્યું. કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહ ભર્યા વાતાવરણમાં સંપન્ન થયો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.



સજલ શ્રદ્ધા-પ્રખર પ્રજ્ઞાના ગાયત્રી તપોભૂમિ, મથુરા પહોંચતા સ્વાગત અને અર્ચન-વંદન



સજલ શ્રદ્ધા-પ્રખર પ્રજ્ઞા સ્થાપના દિવસથી પ્રારંભ કરેલ અનુષ્ઠાન સત્રમાં
સાધના કરતા સાધકો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.